દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 301 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 December 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર ૧૯ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગેટવેથી એલિફન્ટા જતી ફેરી મધદરિયે ઊંધી વળીઃ ૧૩નાં મોત, ૯૯ પ્રવાસીને ઉગારાયા


એલિફન્ટા લઈ જતી ફેરી બપોરે ઉરણ નજીક ઊંધી વળતાં પ્રવાસીઓને ઉગારી લેવા નેવી અને કોસ્ટ ગાર્ડ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગેટવે ઓફ ઇન્ડિયાથી પ્રવાસીઓને લઇ એલિફન્ટા જનારી ફેરી ઉરણ નજીક મધદરિયે ઊંધી વળી ગઇ હોવાની ઘટના બુધવારે બપોરના બની હતી, જેમાં ૧૩ પ્રવાસીનાં મોત થયાં હતાં, જ્યારે ૯૯ લોકોને ઉગારી લેવામાં આવ્યા હતા. મૃતકોમાં નેવીનો જવાન તેમ જ નેવીની બોટમાં હાજર ઑરિજિનલ ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (ઓઇએમ)ના બે જણનો સમાવેશ છે.

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે બપોરે ૩.૧૫ વાગ્યે ગેટવેથી નીલકમલ નામની ખાનગી ફેરી એલિફન્ટા જવા માટે રવાના થઇ હતી. ફેરીમાં પ્રવાસીઓ અને પાંચ ક્રૂ સભ્ય હાજર હતા. ફેરી ઉરણ નજીક કરંજા ખાતે પહોંચી ત્યારે નેવીની સ્પીડ બોટ તેની ફરતે ફરી હતી અને બાદમાં તેની સાથે અથડાઇ હતી. આને કારણે ફેરી દરિયામાં ઊંધી વળી ગઇ હતી.

દરમિયાન બનાવની જાણ થતાં નૌકાદળ અને કોસ્ટ ગાર્ડના જવાનો રેસ્ક્યુ ઓપરેશન માટે ત્વરિત ઘટનાસ્થળે રવાના થયા હતા. બીજી તરફ સ્થાનિક માછીમારી બોટની પણ મદદ લેવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ, જવાહરલાલ નેહરુ પોર્ટના સત્તાવાળાઓ તથા એ વિસ્તારના માછીમારો પણ બચાવ કામગીરીમાં જોડાયા હતા. નૌકાદળ તેમ જ કોસ્ટ ગાર્ડ દ્વારા મોટા પાયે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નૌકાદળની ૧૧ બોટ, મરીન પોલીસની ત્રણ બોટ અને કોસ્ટ ગાર્ડની એક બોટને એ વિસ્તારમાં તહેનાત કરાઇ હતી. ઉપરાંત સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશનમાં ચાર હેલિકોપ્ટરને પણ સામેલ કરવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું. ■

વધુ અહેવાલ - તસવીરો ૧૦

# આંબેડકરના અપમાન મુદ્દે શાસક-વિપક્ષ આમનેસામને

## અમિત શાહના રાજીનામાની વિપક્ષની માગણી

નવી દિલ્હીઃ કૉંગ્રેસે બુધવારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે રાજ્યસભામાં બાબાસાહેબ આંબેડકર અંગે કરેલું નિવેદન તેમના અપમાન સમાન હતું અને તેથી તેમણે (અમિત શાહે) આ મુદ્દે રાજીનામું આપવું જોઇએ.

કૉંગ્રેસે જણાવ્યું હતું કે અમિત શાહે આ પ્રકરણના સંબંધમાં જાહેરમાં અને સંસદમાં માફી માગવી જોઇએ.

કૉંગ્રેસના સાંસદ નીરજ ડાંગીએ જણાવ્યું હતું કે અમિત શાહજીએ રાજ્યસભામાં કહ્યું હતું કે 'બાબાસાહેબ આંબેડકર'નું નામ લેવું હાલમાં ફેશન બની ગઇ છે. જો (કૉંગ્રેસના નેતાઓ) આટલું નામ ભગવાનનું લેત તો તેઓને સાત જન્મ સુધી સ્વર્ગ મળત.

કૉંગ્રેસના સાંસદે જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ પ્રધાનના આ નિવેદનથી દેશના દલિતો અને બાબાસાહેબનું અપમાન થયું છે.

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે ભાજપના નેતાની મનુસ્મૃતિ તેમ જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની વિચારધારા જ બતાવે છે કે તેઓને બાબાસાહેબ આંબેડકર પ્રત્યે માન નથી.

કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ મનુસ્મૃતિની વિચારધારા આંબેડકરના વિચારથી વિરોધાભાસી હતી.

કૉંગ્રેસના મહામંત્રી કે. સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે કૉંગ્રેસની બધી પ્રદેશ સમિતિ આંબેડકરના 'અપમાન' અને અદાણીને મુદ્દે દેશના બધા રાજભવન ખાતે કૂચ કરી જશે. (એજન્સી) ■

## કૉંગ્રેસે મારાં નિવેદનો વિકૃત રૂપે રજૂ કર્યાઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કૉંગ્રેસે હકીકતો અને ડૉ. બાબાસાહેબ આંબેડકર અંગેનાં મારાં નિવેદનોને વિકૃત સ્વરૂપે રજૂ કર્યાં હોવાનો કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે બુધવારે રાજ્યસભામાં આક્ષેપ કર્યો હતો.

વિપક્ષે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં વારંવાર કરેલાં અપમાનને અમિત શાહે ખુલ્લાં પાડ્યાં હતાં.

અહીં યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં શાહે આક્ષેપ કર્યો હતો કે લોકોને ગેરમાર્ગે દોરવા અને મૂંઝવવા કૉંગ્રેસે ભૂતકાળમાં પણ મારાં અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનોને મારીમચડીને વિકૃત સ્વરૂપે રજૂ કર્યાં હતાં.

હકીકતોને વરવી રીતે રજૂ કરવા બદલ હું કૉંગ્રેસને વખોડું છું. કૉંગ્રેસ આંબેડકર, બંધારણ અને અનામતવિરોધી હોવાનું ભાજપના નેતાઓએ સ્થાપિત કર્યું છે, એમ તેમણે કહ્યું હતું. કૉંગ્રેસે વીર સાવરકરનું અને દેશમાં કટોકટી લાદી બંધારણનાં મૂલ્યોનું પણ અપમાન કર્યું છે, એમ તેમણે કહ્યું હતું. કૉંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ કરેલી રાજીનામાની માગણી અંગે જવાબ આપતાં શાહે હળવાં મૂડમાં કહ્યું હતું કે જો એમ કરવાથી કૉંગ્રના પ્રમુખ રાજી થતા હોય તો હું રાજીનામું આપી દઈશ, પરંતુ મારું રાજીનામું તેમની સમસ્યાનો ઉકેલ નહીં લાવી શકે. (એજન્સી) ■

## વડા પ્રધાન મોદીનો કૉંગ્રસને સણસણતો જવાબ

નવી દિલ્હીઃ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર મુદ્દે ગૃહ પ્રધાન અમિત શાહે આપેલા નિવેદનને લઈને દેશમાં રાજકારણ ગરમાયું છે.

કૉંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ આ મુદ્દે ભાજપ પાસેથી માફી માગે તેવી માગ કરી રહ્યા છે. આ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આંબેડકરના મુદ્દે કૉંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. વડા પ્રધાન મોદીએ કહ્યું, કૉંગ્રેસે ડૉ. આંબેડકરનું જે અપમાન કર્યું છે તેને છુપાવી શકતું નથી. એક વંશના નેતૃત્વમાં પાર્ટીએ ડૉ. આંબેડકરના વારસાને ભૂંસી નાખવાની ચાલ ચાલી છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું, સંસદમાં, ગૃહ પ્રધાન અમિત શાહે ડૉ. આંબેડકરનું અપમાન કરવા અને એસસી/એસટી સમુદાયોની અવગણના કરવાના કૉંગ્રેસના કાળા ઈતિહાસનો પર્દાફાશ કર્યો. તેમના દ્વારા રજૂ કરાયેલા તથ્યોથી કૉંગ્રેસ ડરી ગઈ છે અને તેથી હવે તે ડોળ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે સંસદમાં ગૃહ પ્રધાન અમિત શાહ દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુની પ્રથમ કેબિનેટમાંથી બીઆર આંબેડકરના રાજીનામાનો ઉલ્લેખ કરી રહ્યા હતા. કૉંગ્રેસ તરફ ઈશારો કરીને તેમણે પૂછ્યું કે આંબેડકરે દેશની પ્રથમ કેબિનેટમાંથી રાજીનામું કેમ આપ્યું? તેમણે કહ્યું કે, ભલે હવે તમે આંબેડકરનું નામ ૧૦૦થી પણ વધારે વખત લો, પણ આંબેડકર પ્રત્યે તમારી લાગણી શું છે તે તો જણાવો. ■

# અમેરિકાએ એચ-વનબી વિઝાના નિયમ હળવા કર્યા

વૉશિંગ્ટનઃ અમેરિકાના વિદાય લઇ રહેલા પ્રમુખ જો બાઇડનના વહીવટીતંત્રે એચ-વનબી વિઝાને લગતા નિયમ હળવા કરતા અમેરિકાની કંપનીઓ માટે સારું કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખવાનું સરળ બનશે અને એફ-વન સ્ટુડન્ટ વિઝા પરના વિદ્યાર્થીઓ માટે એચ-વનબી વિઝા મેળવવાનું સહેલું બનશે.

એચ-વનબી વિઝા નોન-ઇમિગ્રન્ટ વિઝા છે, જેમાં અમેરિકાની કંપનીઓ કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓને પોતાને ત્યાં નોકરીમાં રાખી શકે છે.

અમેરિકાની ટૅક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ ભારત અને ચીન સહિતના દેશોના હજારો કર્મચારીને દર વર્ષે નોકરી પર રાખે છે.

ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા મંગળવારે સંબંધિત નવા નિયમ જાહેર કરાયા હતા. જેમાં એચ-વનબી વિઝાની વાર્ષિક કાયદેસર મર્યાદામાંથી બાકાત રખાયેલા અમેરિકાના ગવર્મેન્ટ (સરકારી) રિસર્ચ ઓર્ગેનાઇઝેશન્સ અને નોનપ્રોફિટ તેમ જ ખાસ હોદ્દા (સ્પેશિયલ પોઝિશન્સ)ને લગતી વ્યાખ્યા અને માપદંડમાં ફેરફાર કરાયા છે.

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવાના છે.

નવા નિયમમાં એફ-વન વિઝા પરના વિદ્યાર્થીઓ માટે પોતાનું સ્ટેટસ બદલી એચ-વનબી વિઝા કરાવવું સહેલું બનશે. હવે યુએસ સિટિઝન્સ ઍન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ એચ-વનબી વિઝા જેમના મંજૂર થઇ ગયા છે, તેવા કર્મચારીઓની અરજીઓ પર વધુ જલદી કામગીરી કરી શકશે. (એજન્સી) ■

# મેઘરાજા વહારે આવ્યા, ભારત હારતાં બચી ગયું

## સિરીઝ ૧-૧ની બરાબરીમાં, હવે ૨૬મીથી મેલબર્નમાં બૉક્સિંગ-ડે ટેસ્ટ રમાશે

બ્રિસ્બેનઃ બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ-સિરીઝની ત્રીજી મૅચમાં બુધવારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે ઑસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમ પરાજયથી બચી ગઈ હતી. આવું કહેવા પાછળનું કારણ એ છે કે પ્રથમ દાવમાં ૨૬૦ રનમાં આઉટ થઈ જનાર ટીમ ઇન્ડિયાને જીતવા ઓછામાં ઓછી ૫૪ ઓવરમાં ૨૭૫ રન બનાવવાનો લક્ષ્યાંક મળ્યો હતો અને ટૉપ બૅટિંગ-ઑર્ડર હાલમાં ફ્લૉપ હોવાને લીધે ભારતના પરાજયની સંભાવના વધુ હતી.

જોકે ભારતનો બીજા દાવનો સ્કોર વિના વિકેટે આઠ રન હતો ત્યારે વરસાદ શરૂ થઈ ગયા પછી છેવટે મૅચને ડ્રૉ જાહેર કરવામાં આવી હતી.

ભારત અને ઑસ્ટ્રેલિયા આ શ્રેણીમાં ૧-૧ની બરાબરીમાં છે. હવે બે ટેસ્ટ બાકી છે જેમાં સાત દિવસના બ્રેક બાદ મેલબર્ન ખાતેની આગામી ટેસ્ટ (બૉક્સિંગ-ડે ટેસ્ટ) ૨૬મી ડિસેમ્બરે શરૂ થશે અને એના પર સૌની નજર રહેશે.

બુધવારના પાંચમા દિવસની રમત આગલા દિવસના ૨૫૨/૯ના સ્કોર પરથી શરૂ થઈ હતી અને ભારતીય ઇનિંગ્સમાં વધુ ૨૪ બૉલ ફેંકાયા બાદ ૨૬૦ રનના સ્કોર પર દાવ સમેટાઈ ગયો હતો.

ઑસ્ટ્રેલિયાએ ૧૮૫ રનની સરસાઈ લીધી હતી અને આ મૅચમાં પરિણામ લાવવા કાંગારૂઓએ ઝડપથી રન બનાવીને ભારતને પડકારરૂપ ટાર્ગેટ આપવાનો પ્રયત્ન શરૂ કરી દીધો હતો.

જોકે ભારતીય બોલર્સે પોતાની કાબેલિયત ફરી દેખાડી દીધી હતી અને ૮૯ રનમાં તેમની સાત વિકેટ લીધી એ તબક્કે કૅપ્ટન પૅટ કમિન્સે દાવ ડિક્લેર કર્યો હતો અને મર્યાદિત સમયમાં ભારતને જીતવા ૨૭૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. મૅચ પૂરી થયેલી જાહેર કરાઈ ત્યારે યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ ચાર-ચાર રને અણનમ રહ્યા હતા.

ભારતે ૫૪ જેટલી ઓવરમાં ૨૭૫ રનનો લક્ષ્યાંક મેળવવા પૂરો પ્રયત્ન કર્યો હોત, પરંતુ હવામાન સવારથી જ ખરાબ હતું. ટેસ્ટના પાંચમાંથી ફક્ત એક જ દિવસે (બીજા દિવસે) પૂરી રમત થઈ શકી હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાને બીજા દાવમાં (ડિક્લેરેશન પહેલાં) ૮૯/૭ સુધી સીમિત રખાવવામાં જસપ્રીત બુમરાહ (૧૮ રનમાં ત્રણ), મોહમ્મદ સિરાજ (૩૬ રનમાં બે), આકાશ દીપ (૨૮ રનમાં બે)ના સૌથી મોટા યોગદાન હતા.

ઑસ્ટ્રેલિયાના જે નવ બૅટરે બૅટિંગ કરી એમાં કૅપ્ટન પૅટ કમિન્સના બાવીસ રન હાઇએસ્ટ હતા. વિકેટકીપર ઍલેક્સ કૅરી ૨૦ રને અને મિચલ સ્ટાર્ક બે રને અણનમ રહ્યો હતો. સૌથી ડેન્જરસ બૅટર ટ્રેવિસ હેડ (૧૭ રન)ની વિકેટ મોહમ્મદ સિરાજે લીધી હતી. તેણે તેને વિકેટકીપર રિષભ પંતના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. નૅથન મૅક્સ્વીની (૪), ફૉર્મ ગુમાવી ચૂકેલો ઉસમાન ખ્વાજા (૮), માર્નસ લાબુશેન (૧), મિચલ માર્શ (૨) અને સ્ટીવ સ્મિથ (૪) સાવ સસ્તામાં આઉટ થઈ ગયા હતા.

પ્રથમ દાવમાં ૧૫૨ રન બનાવનાર ટ્રેવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ઍડિલેઇડની ડે/નાઇટ ટેસ્ટમાં પણ તેને જ આ પુરસ્કાર મળ્યો હતો. ■

# જમ્મુના કઠુઆ જિલ્લામાં ઘરમાં આગ લાગવાની ઘટનામાં છ વ્યક્તિનાં મોત

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુના કઠુઆ જિલ્લાના શિવનગર વિસ્તારમાં અડધી રાતે આગ લાગવાની બનેલી ઘટનામાં છ વ્યક્તિનાં મોત થયાં હોવા ઉપરાંત ચાર જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

પ્રાથમિક અહેવાલ મુજબ ભાડાનાં ઘરમાં પૂજાઘરના દીવાને કારણે આગ લાગી હતી અને ખૂબ જ ઝડપથી ઘરના અન્ય વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ધુમાડાને કારણે ઘરમાં હાજર વ્યક્તિઓનાં મોત નીપજ્યાં હોવાનું તેમણે કહ્યું હતું. મૃતકોને ઘરમાલિક નિવૃત્ત ડીએસપી અવતાર કૃષ્ણ (૮૧), ગંગા ભગત (૧૭), દાનિશ (જુઓ પાનું ૨) ▸▸

# વૅલિંગ્ટનના વનૂઆતૂના ધરતીકંપમાં ૧૪નાં મોત

વૅલિંગ્ટનઃ વૅલિંગ્ટનના વનૂઆતૂમાં મંગળવારે વહેલી સવારે આવેલા ૭.૩ની તીવ્રતાનાં ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૪નાં મોત થયા હોવા ઉપરાંત ૧૦૦ કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હતા એમ જણાવતાં અધિકારીઓએ બુધવારે કહ્યું હતું કે ભૂકંપે સાઉથ પેસિફિક આઈલૅન્ડ નેશનમાં ભારે તારાજી સર્જી હતી.

હજુ કેટલા લોકો ગુમ છે તે જાણી શકાયું નહોતું અને મૃતકોનો આંક હજુ વધે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું. ઘટનાને પગલે વડા પ્રધાન શાર્લોટ સાલવાઈએ ભૂકંપગ્રસ્ત (જુઓ પાનું ૨) ▸▸

# રવિચન્દ્રન અશ્વિને ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી

## ભારતીય સ્પિનર્સમાં ૫૩૭ વિકેટ સાથે કુંબલે પછી બીજા નંબરેઃ આઈપીએલમાં રમતો રહેશે



બ્રિસ્બેનઃ ભારતના ટોચના ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિને બુધવારે અચાનક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈને ક્રિકેટજગતને ચોંકાવી દીધું હતું. તે હજી થોડો વધુ સમય રમી શક્યો હોત એવું સૌને લાગતું હતું એમ છતાં તેણે ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝની અધવચ્ચે જ રિટાયરમેન્ટની જાહેરાત કરીને બધાને વિચારતા કરી દીધા. તે નવેમ્બર, ૨૦૧૧માં દિલ્હીમાં વેસ્ટ ઇન્ડિઝ સામે કરીઅરની પહેલી ટેસ્ટ રમ્યો હતો જેમાં તેણે પ્રથમ દાવમાં ૮૧ રનમાં ત્રણ વિકેટ અને બીજા દાવમાં ૪૭ રનમાં છ વિકેટ લીધી હતી. આખી ટેસ્ટમાં કુલ નવ વિકેટના મૅચ-વિનિંગ તરખાટ બદલ તે મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો.

૩૮ વર્ષના અશ્વિનની ૫૩૭ વિકેટ ભારતના ટેસ્ટ બોલર્સમાં બીજા નંબરે છે. લેગ-સ્પિનર અનિલ કુંબલે ૬૧૯ વિકેટ સાથે ભારતીય બોલર્સમાં પહેલા સ્થાને છે. મર્યાદિત ઓવર્સની (જુઓ પાનું ૨) ▸▸

# પંજાબમાં ખેડૂત આંદોલનને લીધે ટ્રેનસેવા પ્રભાવિત થઈ


પાકના લઘુતમ ટેકાના ભાવ કાયદેસર કરવા સહિતની વિવિધ માગણીને લઇને પંજાબના પટિયાલા ખાતે રેલરોકો આંદોલન કરી રહેલા ખેડૂતો. સંયુક્ત કિસાન મોરચાએ રેલરોકો કરવાની હાકલ કરી હતી. (પીટીઆઇ)

ચંડીગઢ : પંજાબમાં ખેડૂતોએ પોતાની વિવિધ માગણીના સમર્થનમાં, ત્રણ કલાકના રેલરોકો આંદોલનના ભાગરૂપે રેલવે પાટા પર બેસીને ટ્રેનો અટકાવતાં ટ્રેનસેવા પર માઠી અસર પડી હતી. ખેડૂતાએ પાક માટે ન્યૂનત્તમ ટેકાના ભાવની કાનૂની ગેરન્ટી સહિતની માગણી સ્વીકારવાની કેન્દ્ર સરકારને ફરજ પાડવા રેલરોકો આંદોલન કર્યું હતું. આની હાકલ સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) અને કિસાન મઝદૂર મોરચાએ કરી હતી.

કિસાન મઝદૂર મોરચાના નેતા સ્વર્ણ સિંહે કહ્યું હતું કે ખેડૂતોએ બપોરના બારથી ત્રણ વાગ્યા સુધી અનેક સ્થળોએ

રેલવેના પાટા પર અડ્ડો જમાવ્યો હતો.

આંદોલનકારી ખેડૂતોએ ગુરદાસપુરમાં મોગા, ફરિદકોટ- કાડિયન અને બટાલા, જલંધરમાં ફિલ્લોર, હોશિયારપુરમાં તંડા- દાસુયા અને મહિલપુર, ફીરોઝપુરમાં મખુ- તલવંડી ભાઈ, લુધિયાણામાં સાહનેવાલ, પતિયાળામાં શંભુ, સંગ્રુરમાં (જુઓ પાનું ૨) ▸▸

# ઓસ્કર્સની રેસમાંથી ભારતની 'લાપતા લેડીઝ' બહાર

## યુકેની હિન્દી ફિલ્મ 'સંતોષ' આગામી રાઉન્ડમાં પહોંચી

નવી દિલ્હી : ૯૭માં એકેડેમી એવોર્ડ્સમાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર કેટેગરીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી ''લાપતા લેડીઝ'', ઓસ્કર્સની રેસમાંથી બહાર થઇ ગઇ છે, પરંતુ યુકેનું પ્રતિનિધિત્વ કરતી સંધ્યા સૂરીની હિન્દી ફિલ્મ ''સંતોષ'' આગામી રાઉન્ડમાં પહોંચી છે. એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સે બુધવારે જાહેરાત કરી હતી કે કિરણ રાવ દ્વારા દિગ્દર્શિત, ''લાપતા લેડીઝ'' (અંગ્રેજીમાં ''લોસ્ટ લેડીઝ'') એ ૧૫ ફિલ્મોની શોર્ટલિસ્ટેડ સૂચિમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી જે હવે અંતિમ પાંચમા સ્થાન મેળવવા માટે પ્રયત્ન કરશે. બ્રિટિશ-ભારતીય ફિલ્મ નિર્માતા સુરીનું હિન્દી-ભાષાના ક્રાઇમ ડ્રામા અને વખાણાયેલી અભિનેત્રી શહાના ગોસ્વામી અને સુનિતા રાજવારને દર્શાવતી ફિલ્મ ''સંતોષ'' એ યુકેમાંથી સત્તાવાર પ્રવેશ તરીકે અંતિમ ૧૫માં સ્થાન મેળવ્યું છે. ઓસ્કર્સના અંતિમ નામાંકન ૧૭ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવશે. એકેડેમી અનુસાર, ૮૫ (જુઓ પાનું ૨) ▸▸

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રોહિત-વિરાટ અશ્વિનમાંથી પ્રેરણા લે તો સારું

**ભારતીય** ક્રિકેટ ટીમના સ્ટાર ઑલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિને ઈન્ટરનેશનલ ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને સૌને આંચકો આપી દીધો. ઑસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીમાં ત્રીજી ટેસ્ટ ડ્રોમાં ગઈ પછી પ્રેસ કૉન્ફરન્સમાં રોહિત શર્માની સાથે અશ્વિન હાજર થયો ત્યારે સૌને આશ્ચર્ય થયેલું કેમ કે અશ્વિન ત્રીજી ટેસ્ટમાં રમનારી ઈલેવનમાં નહોતો. અશ્વિને પ્રેસ કૉન્ફરન્સમાં જ નિવૃત્તિની જાહેરાત કરીને સૌને વધારે મોટું અને અણધાર્યું આશ્ચર્ય આપી દીધું. અશ્વિને જાહેરાત કરી છે કે, પોતે ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે અને ભારતીય ટીમ સાથે ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ ને બુધવાર તેનો છેલ્લો દિવસ હતો.

ભારતમાં ક્રિકેટરો જલદી ખસતા નથી તેથી અશ્વિનની નિવૃત્તિ સૌને આંચકાજનક લાગે છે, પણ અશ્વિને યોગ્ય સમયે આ નિર્ણય લીધો છે. ગૌરવભેર નિવૃત્તિનો અશ્વિનનો નિર્ણય સમયસરનો છે કેમ કે છેલ્લા કેટલાક સમયથી તેને સતત નિષ્ફળતા મળતી હતી. એડિલેડમાં રમાયેલી બીજી ટેસ્ટ અશ્વિનની છેલ્લી ટેસ્ટ હતી ને તેમાં અશ્વિનનું પ્રદર્શન સામાન્ય હતું. પહેલી ઈનિંગમાં ૨૨ ને બીજી ઈનિંગમાં સાત રન કરનારા અશ્વિનને ફાસ્ટ બોલરોની પિચ પર એક જ વિકેટ મળી હતી. મિશેલ માર્શ તેનો છેલ્લો શિકાર હતો. પહેલી ટેસ્ટમાં અશ્વિનને તક નહોતી મળી, પણ એ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટમાં અશ્વિનનો દેખાવ બહુ સાધારણ હતો.

અશ્વિન ભારતની પિચો પર અત્યંત ખતરનાક ગણાય છે, પણ ન્યૂ ઝીલૅન્ડ સામેની શ્રેણીમાં અશ્વિન સાવ સામાન્ય પુરવાર થયો હતો. ન્યૂ ઝીલૅન્ડના સેન્ટનર અને એજાઝ પટેલે ભારતને રગદોળી નાખેલું ત્યારે ભારતીય સ્પિન બોલિંગનો કર્ણધાર અશ્વિન ન્યૂ ઝીલૅન્ડના બેટ્સમેન સામે સાવ સામાન્ય બોલર હોય એવું લાગતું હતું. ન્યૂ ઝીલૅન્ડ સામેની આખી શ્રેણીમાં અશ્વિને ૧૮ રનના શ્રેષ્ઠ સ્કોર સાથે છ ઇનિંગ્સમાં માત્ર ૫૧ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ સામે જબરદસ્ત સદી ફટકાર્યા પછી અશ્વિન સાવ બેટિંગ જ ભૂલી ગયો હોય એ રીતે આખી સીરિઝમાં રમ્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડ સામે બોલિંગમાં પણ અશ્વિન ૪૧.૨૨ની નબળી સરેરાશ સાથે અને ૬૩ રનમાં ૩ વિકેટના શ્રેષ્ઠ ફિગર સાથે માત્ર નવ વિકેટ લઈ શક્યો હતો. અશ્વિન ભારતની પિચો પર પોતાનો ચરખો ચલાવીને હરીફ ટીમને ધરાશાયી કરવા માટે જાણીતો છે, પણ તેની કારકિર્દીમાં પહેલી વાર એવું બન્યું કે, ઘરઆંગણે શ્રેણીમાં એક પણ ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપી શક્યો ન હતો. ઈનિંગમાં એક-બે વિકેટ લેવી એ અશ્વિનની પ્રતિષ્ઠાને અનુરૂપ નહોતું એ જોતાં તેને કદાચ એ વખતે જ ખ્યાલ આવી ગયેલો કે, હવે આપણા શ્રેષ્ઠ દિવસો પૂરા થઈ ગયા છે અને હવે નિવૃત્તિ લેવાનો વિકલ્પ જ શ્રેષ્ઠ છે. બહુ લાંબું વિચાર્યા વિના અશ્વિને આ નિર્ણય અમલમાં મૂકીને બહુ સારું કર્યું.

અશ્વિનની છેલ્લી બે સીરિઝ ભલે સારી ના ગઈ, પણ તેના કારણે તેની મહાનતા ઓછી થતી નથી. ભારતીય ક્રિકેટના સર્વકાલીન મહાન ક્રિકેટરોમાં તેનું નામ લેવું પડે એવી તેની કરિયર છે જ. તેમાં પણ ટેસ્ટમાં તો અશ્વિનની કક્ષાનો અનિલ કુંબલે સિવાય બીજો બોલર નથી આવ્યો. આંકડાની રીતે જોઈએ તો અશ્વિનને ભારતને અત્યાર સુધીમાં કપિલદેવ પછીનો શ્રેષ્ઠ ઑલરાઉન્ડર ગણવો પડે એવો દેખાવ છે. અશ્વિને ૧૦૬ ટેસ્ટમાં ૨૫.૯૨ રનની એવરેજથી ૩૫૦૩ રન બનાવ્યા અને કુલ ૬ ટેસ્ટ સદી ફટકારી છે.

બોલિંગમાં તો વૈશ્વિક સ્તરે તેને મહાન સ્પિનરોમાં એક ગણવો પડે એવો તેનો રેકોર્ડ છે. આર. અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૬ મૅચમાં ૫૩૭ વિકેટ લીધી છે. મતલબ કે, દરેક ટેસ્ટ મૅચ દીઠ ૫ વિકેટથી વધારેની અશ્વિનની એવરેજ છે. વિશ્વ ક્રિકેટમાં મહાન મનાતા ઘણા બોલરોની પણ પ્રતિ ટેસ્ટ ૫ વિકેટની એવરેજ નથી હોતી એ જોતાં આ રેકોર્ડ બહુ સારો કહેવાય.

અશ્વિને ૩૭ વાર એક ઇનિંગમાં પાંચ વિકેટ લીધી છે અને ૮ વખત ટેસ્ટમાં ૧૦ વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વાર ઇનિંગ્સમાં પાંચ વિકેટ લેવાનો વર્લ્ડ રેકોર્ડ શ્રીલંકાના મુથૈયા મુરલીધરનના નામે છે. મુરલીધરને ૬૭ વખત ઈનિંગમાં પાંચ વિકેટ લીધી છે. અશ્વિન શેન વોર્ન સાથે સંયુક્ત રીતે બીજા સ્થાને છે.

ભારતમાં કોઈ બોલરનો રેકોર્ડ આવો જોરદાર નથી અને વિશ્વ ક્રિકેટમાં બહુ ઓછા બોલરોનો રેકોર્ડ અશ્વિન જેવો છે. અશ્વિન ભારત વતી ટેસ્ટ મૅચમાં બીજો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેનાથી આગળ માત્ર અનિલ કુંબલે છે કે જેમણે ૬૧૯ વિકેટ લીધી છે. અશ્વિને ત્રણેય ફોર્મેટમાં ૨૮૭ મૅચ રમીને ૭૬૫ વિકેટ લીધી ને તેમાંથી ૧૫૬ વિકેટ વન ડે મૅચોમાં અને ૭૨ વિકેટ ટી-૨૦માં લીધી છે. અશ્વિન ૧૧૬ વન ડે અને ૬૫ ટી-૨૦ મૅચ રમ્યો એ જોતાં મૅચદીઠ એક કરતાં વધારેનો રેકોર્ડ સારો જ કહેવાય.

ભારતમાં દક્ષિણ ભારતીય ક્રિકેટરો ગૌરવ સાથે નિવૃત્ત થઈ જવામાં માને છે. ટીમ માટે તમે અળખામણા થઈ જાઓ અને પછી ધક્કા મારીને કાઢવા પડે એવી સ્થિતિ પેદા થાય એ પહેલાં નિવૃત્ત થઈ જવામાં ગૌરવ છે એ વાત મોટા ભાગના ક્રિકેટરો સમજતા નથી. કપિલદેવ જેવા મહાન ક્રિકેટરને પણ આ વાત સમજાઈ નહોતી ને છેલ્લે છેલ્લે રિચર્ડ હેડલીનો સૌથી વધુ વિકેટનો વર્લ્ડ રેકોર્ડ તોડવા માટે કપિલદેવે રમ્યા કર્યું તેમાં તેમની આબરૂ પણ ઝંખવાયેલી. સામે સુનિલ ગાવસકરે પરફેક્ટ ટાઈમિંગ સાથે નિવૃત્તિ લઈને એક ઉદાહરણ સ્થાપિત કરેલું.

સુનિલ ગાવસકરના જ બનેવી ગુંડપ્પા વિશ્વનાથ મહાન બેટ્સમેન હતા, પણ છેલ્લે છેલ્લે સાવ ફ્લોપ જતા ને ધક્કા મારીને કાઢવા પડે એવી સ્થિતિ આવી ગયેલી તેમાંથી બોધપાઠ લીધો હોય કે ગમે તે પણ છેલ્લી ટેસ્ટમાં પાકિસ્તાન સામે ૯૬ રનની માસ્ટર ક્લાસ ઈનિંગ અને ૧૯૮૭ના વર્લ્ડકપની સેમિ ફાઈનલમાં ન્યૂ ઝીલૅન્ડ સામે તોફાની સદી ફટકારીને ગાવસકરે વિદાય લીધી હતી. ગાવસકર પછીની પેઢીના ખેલાડીઓમાં સચિન તેંડુલકર સહિતના કેટલાક ખેલાડી ગૌરવભેર વિદાય થયા, પણ ગાવસકરને સૌથી વધારે અનુસર્યા છે દક્ષિણ ભારતીય ખેલાડીઓ.

ભારતના સૌથી સફળ બોલર અનિલ કુંબલેએ અશ્વિનની જેમ જ આ રીતે અચાનક નિવૃત્તિ જાહેર કરીને વિદાય લીધી હતી. રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણ, અનિલ કુંબલે, જવગલ શ્રીનાથ, વેંકટેશ પ્રસાદ વગેરે મહત્ત્વનું યોગદાન આપનારા મહાન ખેલાડીઓ, પણ અળખામણા થાય એ પહેલાં નિવૃત્તિ જાહેર કરીને વિદાય થઈ ગયા. કુંબલે અને દ્રવિડે તો કોચ તરીકે પણ યોગ્ય સમયે વિદાય લઈને ગૌરવ જાળવ્યું અને રવિચંદ્રન અશ્વિને એ પરંપરા નિભાવી છે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી અશ્વિન પાસેથી પ્રેરણા લે એવી આશા રાખીએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૧૯-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૮, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૯ સુધી (તા. ૨૦મી), પછી મઘા.
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૯ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૭ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૪-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૯ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૧, રાત્રે ક. ૨૦-૧૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - ચતુર્થી. -
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, તુલસી પૂજા,શ્રી વિષ્ણુ - સહસ્ત્ર નામ સ્તોત્ર વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વ શીર્ષમ્ અભિષેક, ઔષધ ઉપચાર, માલ વેચવો, નિત્ય થતાં ઘર, ખેતર, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડના કામકાજ, ચંપાના પુષ્પથી ભગવાન શિવજીએ ધારણ કરેલ સર્પપૂજન કરવું.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૨૦)
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# શ્રદ્ધા ડગી જાય તો ઈન્સાન મઝહબ વિનાનો થઈ જાયઃ નાજુક કદમ - મંઝીલ દૂર, કોલાહલમાં મધૂરા સૂર

*શ્રદ્ધાજ મારી લઈ ગઈ*
*મંઝિલ ઉપર મને*
*હું જો ફરી ગઈ*
*તો દિશાઓ ફરી ગઈ.*

જગતમાં જે અનેક મહાન વસ્તુઓ કહેવાય છે, તેમાં શ્રદ્ધાનો પણ સમાવેશ થઈ શકે એમ છે.

* શ્રદ્ધાને ઈસ્લામ મઝહબમાં 'અકીદહ' કહેવામાં આવે છે.
* થોડાક સરળ અર્થમાં આ શબ્દને સમજાવવો હોય તો તેને 'બળવાન માન્યતા' એવો અર્થ આપી શકાય.
* અકીદહ વિનાના મઝહબનો કશો અર્થ નથી.
* અનેક વેળા અનેક ઘર્ષણો અનેક ઠેકાણે જો થતાં હોય છે તો તેનું મૂળ આ અકીદહ છે, અકીદહની અથડામણો છે.

- ઈન્સાનોમાં એવાય ઈન્સાનો હોય છે કે જેમના અકીદહ - શ્રદ્ધા - આસ્થા અલગ અલગ હોય છે.

* ક્યારેક મજબૂત - મક્કમ અકીદહવાળાઓ અન્ય સામાન્ય નિર્બળ મનના મુસલમાનો માટે એવું કહેતા સંભળાતા હોય છે કે, 'ઉનકા અકીદા કમઝોર હૈ...!'

- અને જેનો અકીદો કમઝોર હોય છે તે ઈન્સાન મઝહબી મુસલમાન થઈ શકતો નથી.

* નહીં દેખાતી કોઈ વસ્તુમાં અકીદો ધરાવવો અને તે પર મક્કમ માન્યતા ધરાવવી એ મજબૂત અકીદહ વિના શક્ય થઈ શકતું નથી.

- અને જ્યારે ધાર્મિક શ્રદ્ધા ડગી જાય છે - શ્રદ્ધા ઊઠી જાય છે, ત્યારે એવાઓને 'નાસ્તિક' કહેવામાં આવતા હોય છે.

* શ્રદ્ધા ઘણી બળવાન વસ્તુ છે.
* શ્રદ્ધા તો અનેક લોકોને જીવનદાન આપતી હોય છે.
* શ્રદ્ધાને આપણા મહાકવિ જનાબ ઈકબાલ સા'બે પોતાના અનેક શેરમાં આવી રીતે વર્ણવી છે કે,

*'બે-ખતર કૂદ પડા*
*આતિશે નમરૂદમેં ઈશ્ક*
*અકલ હે મહવે*
*તમાશાએ લબે બામ અભી.'*

- શ્રદ્ધા એટલે એનું બીજું નામ છે પ્રેમ.
- મઝહબ પ્રત્યેનો પ્રેમ જ્યારે હોય છે, ત્યારે મનુષ્યની બુદ્ધિ ગમે તેટલું વિચાર્યા કરે, પણ અંતે તે વિચારતી જ રહેતી હોય છે અને શ્રદ્ધા પોતાનું કામ કરી લેતી હોય છે.
- નાસ્તિક નમરૂદની આગમાં પયગંબર હઝરત ઈબરાહીમ અકીદહ - શ્રદ્ધાપૂર્વક કૂદી પડ્યા હતા એ કુરાન કરીમમાં વર્ણવેલી ઘટના છે.

* શ્રદ્ધા વિના ધર્મ નથી, * શ્રદ્ધા વિના જગત નથી,
* શ્રદ્ધા વિના સર્જનહારને પણ સમજી કે ઓળખી શકાતો નથી.

- શ્રદ્ધા એ દિલનો વિષય કહેવાય છે,
- એ બુદ્ધિના વિષયથી એક અનોખી જુદી ચીજ છે અને ઘણાં લોકો દિલ વિષયક વાતને જ્યારે દિમાગ વિષયક બાબત સાથે સરખાવવા જાય છે ત્યારે તેમનું દિમાગ ક્યારેક તેમને બેહકાવી મૂકતું - ડગુમગુ કરી દેતું હોય છે અને પછી તેઓ શ્રદ્ધા વગરના - અકીદા વિહોણા - મઝહબ વિહોણા થઈ જતાં હોય છે.

* મઝહબ વિનાનો ઈન્સાન ક્યારેક હેવાન (જનાવર)ની હરોળમાં બેસી જતો હોય છે, કારણકે, મઝહબમાં શ્રદ્ધાની જરૂર પડે છે.
* જેનો કોઈ અકીદો નથી તે ઈન્સાન ધર્મ વિનાનો હોય છે અને એવા માનવીને મુસલમાન તો કદાચ કહેવાય જ નહીં.
* જેમાં ઈમાન (શ્રદ્ધા - આસ્થા) નથી તે વળી મુસલમાન શી રીતે કહેવાય!?
* શ્રદ્ધા સલામત તો મઝહબ સલામત, ઈમાન સલામત અને

- સાચા ઈમાનવાળાઓની એ વાત હોય છે કે તેઓ પોતાની જાન ગુમાવીને પણ ઈમાન-અકીદાહને સાચવતાં હોય છે -
- એવા આસ્થાળુ ઈમાનવાળાઓ અલ્લાહના નામ પર શહીદ થઈ જવામાં
- કુરબાન થઈ જવામાં માનતા હોય છે.

### સનાતન સત્યઃ

* મઝહબની માફક સમાજ માટે પણ અકીદહ - શ્રદ્ધાની જરૂરત હોય છે.

-સમાજમાં

* સંપ * ભાઈચારો * એકતા

- આ બધી બાબતો પરસ્પરની શ્રદ્ધા પર નિર્ભર હોય છે.
- કોઈ પણ સમાજમાં જ્યારે પરસ્પર અવિશ્વાસ જન્મે છે ત્યારે ત્યાં
- સર્વનાશની શરૂઆત થઈ જતી હોય છે.

* - મનુષ્યમાત્ર ઈશ્વર - અલ્લાહનું સંતાન છે, અને એટલે જ ન માત્ર સમાજ પણ દેશ-દુનિયાના માનવીઓમાં પરસ્પર શ્રદ્ધાનું બીજું નામ.
* સંપ છે, * ભાઈચારો છે, * એકતા છે,
* સમાજમાં જુદા જુદા મત થતાં સૌ એકમત થઈ શકે છે, અને
* મઝહબે ઈસ્લામે સૌ મુસલમાનોને એકતાની તાલીમ- (શિક્ષણ) નમાઝ દ્વારા આપી છે,

- એક હી સફ મેં ખડે હો ગયે, મેહમૂદો અયાઝ એટલે કે એક જ 'સફ' પંગતમાં લાઈનબદ્ધ ઊભા રહી ગયા માલદાર અને મુફલીસ; ન કોઈ મોટું રહ્યું કે ન કોઈ નાનું! સૌ એક સમાન - એક સરખા.
- મુસલમાન સમાજના જુદાજુદા ફિરકાઓ, જમાતોમાં પ્રવેશેલા અનેક

*કુરિવાજો * દૂષણો

* બદ્અખ્લાકી - ખરાબ ટેવો, શિષ્ટાચારનો અભાવ, જેવા અવગુણોનો ત્યાગ કરવો જોઈએ અને તેનો સામનો કરવા સંપ અને એકતાને કાયમ કરવાની સૌ પ્રથમ જરૂર છે, અને તેમાં શ્રદ્ધા હોવી જરૂરી છે.
* અકીદો (આસ્થા) દરેક કોમ - જ્ઞાતિ - સમાજ અને મઝહબનો મૂળ પાયો છે. જ્યાં શ્રદ્ધા છે ત્યાં કામિયાબી - સફળતા છે.

-પુરુષોના બળવાન કદમ સાથે આપણાં મહિલા વર્ગે પણ પોતાના નાજુક કદમ ઉપાડ્યા છે.

- પુરુષો કે સ્ત્રીઓ સૌનું ધ્યેય એક જ છે;
- સૌનો અકીદો, સૌની આસ્થા - શ્રદ્ધા એકજ છે અને તે છે સમાજહિત,

* સમાજ બેહબુદી, * સમાજ પ્રગતિ - તરક્કી.
* પુરુષોના કોલાહલમાં આપણા મહિલા વર્ગનો મધુર સૂર ગુંજવા લાગ્યો છે તે હવે દબાઈ જવો જોઈએ નહીં,
*તે રૂંધાઈ જવો જોઈએ નહીં,
* તે મહિલાઓના નાજુક કદમમાં અને સમાજ સેવાના મધુરા સૂરમાં જે
* કાર્ય ધગશ છે,
* પ્રગતિ માટેના જે ઈરાદા - મજબૂત નિર્ણય - વિચાર છે,
* જાગૃતિના જે ઉમંગો છે તેને ખાસ કરીને પુરુષવર્ગે સાથ-સહકાર આપવો જોઈએ.
* કહેવાતા આલિમો- મુફતીઓ ફતવા કાઢવાથી દૂર રહી કથનોના મનફાવતા અર્થો કાઢવાના બદલે મહિલાવર્ગને જમાના સાથે કદમથી કદમ ચાલવા પ્રોત્સાહન પૂરું પાડવા શક્ય કરી છૂટવું જોઈએ.
* સ્ત્રીઓની જાગૃતિ એ આખા મુસલમાન સમાજની જાગૃતિ સમાન છે. સમાજના દરેક સમજદાર સભ્યની ફરજ છે અને સાચી ઈન્સાનિયત - માનવતા છે.
* મહિલાઓએ પણ તેમનો જે સેવાકીય જઝબો - ઉત્સાહ, કરી છૂટવાની ભાવના, ખિદમત - સમાનતા માટેનો જે અકીદો છે તે શ્રદ્ધાને મજબૂત રાખવો જોઈએ, આસ્થા સંકલ્પ કોઈપણ સંજોગમાં ડગવા જોઈએ નહીં.

### બોધઃ

* અકીદો - શ્રદ્ધા ડગી જાય, તો ઈન્સાન મઝહબ વિનાનો થઈ જાય!
* નાજુક કદમ - * મંઝિલ દૂર, * કોલાહલમાં મધૂરા સૂર.

**- શમીમ એમ. પટેલ (ભરૂચ, ગુજરાત)**

* * *

### સાપ્તાહિક સંદેશઃ

* સત્ય જેટલું સુંદર અને કલ્યાણકારી છે તેટલું જ કઠોર પણ છે.
* જીવનમાં શું મુશ્કેલી પડી તે અગત્યનું નથી, પરંતુ તમે તેનો સામનો કેવી રીતે કર્યો તે છે. ■

# વૈષ્ણોદેવીના રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ કટરા બંધ, શ્રદ્ધાળુઓને હાડમારી

જમ્મુ : માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડની વૈષ્ણો દેવી તીર્થસ્થાને આવનારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે બનાવવામાં આવી રહેલા રોપવેના વિરોધમાં બુધવારે કટરામાં બંધ રહ્યો હતો. વિરોધ પ્રદર્શનને લીધે ત્યાં દર્શનાર્થે આવનારા શ્રદ્ધાળુઓને મુસીબતોનો સામનો કરવો પડ્યો. પિઠ્ઠુવાળા અને ખચ્ચરવાળાઓ પણ આ આંદોલનમાં સહભાગી થયા હતા તેથી વધારે મુશ્કેલી થઈ હતી.

જોકે પ્રશાસને કાનૂન-વ્યવસ્થાનો સામનો કરવા કટરા શહેરમાં વધારાનું પોલીસ દળ તૈનાત કર્યું છે. આ પરિયોજના હેઠળ શ્રાઈન બોર્ડ તારાકોટ માર્ગથી સાંઝી છત સુધી ૧૨ કિલોમીટર લાંબો રોપવે રૂટ બનાવશે. આ પ્રકલ્પ પાછળ ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

કટરાથી માતા વૈષ્ણોદેવી મંદિર પરિસર સુધી બની રહેલા રોપવેના વિરોધમાં માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિ તરફથી કટરા બંધની હાકલ દેવામાં આવી હતી. આ બંધનો વ્યાપક પ્રભાવ જોવા મળ્યો હતો

બુધવાર સવારથી કટરા શહેરના રોડ પર શ્રદ્ધાળુઓ આમ તેમ ભટકી રહ્યા હતા. રેલવે સ્ટેશન પહોંચ્યા બાદ તેમને ન તો ઓટો મળી અને ન કંઈ ખાવાપીવાનું મળ્યું.

દેશવિદેશથી માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા પહોંચેલા શ્રદ્ધાળુઓએ કહ્યું હતું કે આ હડતાળને લીધે તેમને ભારે મુશ્કેલીઓ પડે છે. શ્રદ્ધાળુઓનું કહેવું છે કે અમને સવારે ન તો નાસ્તો મળ્યો અને ન તો અમારી હોટેલથી યાત્રાના શરૂઆતના પોઈન્ટ સુધી જવા કોઈ વાહન મળ્યું.

વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિના સભ્યોએ બંધ દરમિયાન કહ્યું કે જો રોપવે પ્રોજેક્ટ બંધ નહીં કરાય તો અમારો વિરોધ ઉગ્ર બનશે અને આની જવાબદારી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડની રહેશે. દેખાવકારોએ કહ્યું કે રોપવે પ્રોજેક્ટથી અમારો રોજગાર છીનવાઈ જશે અને અમે તેને થવા નહીં દઈએ. આને લીધે શ્રદ્ધાળુઓની હાડમારી વધી છે.

## પહેલા પાનાનું ચાલુ

### રવિચન્દ્રન અશ્વિને

ક્રિકેટમાં ૨૦૧૧નો વન-ડે વર્લ્ડ કપ અને ૨૦૧૩ની ચૅમ્પિયન્સ ટ્રોફીની જીત અશ્વિનની બે મોટી ઉપલબ્ધિ છે.

અશ્વિન જૂન, ૨૦૧૦માં પ્રથમ વન-ડે અને તથા પ્રથમ ટી-૨૦ રમ્યો હતો. ઑક્ટોબર, ૨૦૨૩માં તે છેલ્લી વન-ડે અને નવેમ્બર, ૨૦૨૨માં છેલ્લી ટી-૨૦ ઇન્ટરનૅશનલ રમ્યો હતો.

અશ્વિન આઇપીએલ સહિતની ક્લબ ક્રિકેટ રમતો રહેશે. ૨૦૨૫માં તે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વતી રમવાનો છે. સીએસકેએ તેને ૯.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

અશ્વિન બુધવારે બ્રિસ્બેનની ટેસ્ટ ડ્રૉમાં ગયા બાદ પત્રકાર પરિષદમાં કૅપ્ટન રોહિત શર્માની સાથે આવ્યો હતો અને રોહિતને પત્રકારો મૅચ વિશેના સવાલ પૂછે એ પહેલાં અશ્વિને પોતે પત્રકારોને સંબોધતા કહ્યું, 'તમામ ફૉર્મેટમાં ભારતીય ક્રિકેટર તરીકે મારો આ છેલ્લો દિવસ છે.'

અશ્વિન ગુરુવારે ભારત પાછો આવવા રવાના થશે.

નિવૃત્તિની જાહેરાત કરતા પહેલાં અશ્વિન મૅચ દરમ્યાન ડ્રેસિંગ-રૂમમાં વિરાટ કોહલી સાથે ભાવુક સ્થિતિમાં જોવા મળ્યો હતો અને ત્યારે જ ઘણાને સંદેહ થયો હતો કે અશ્વિન (રિટાયરમેન્ટ જેવી) કોઈક મોટી જાહેરાત કરવાની તૈયારીમાં છે. કોહલી ત્યારે અશ્વિનના ખભા પર હાથ રાખીને બેઠો હતો અને અશ્વિન ભાવુક હાલતમાં આંસુ લૂછી રહ્યો હતો.

૩૮ વર્ષના અશ્વિને ૧૩ વર્ષની ટેસ્ટ-કરીઅરમાં કુલ ૧૦૬ ટેસ્ટમાં ૫૩૭ વિકેટ લીધી હતી. ૧૩ વર્ષની વન-ડે કરીઅરમાં તેણે ૧૧૬ મૅચમાં ૧૫૬ વિકેટ અને ૧૨ વર્ષની ટી-૨૦ ઇન્ટરનૅશનલ કરીઅરમાં ૬૫ મૅચમાં ૭૨ વિકેટ લીધી હતી. તેણે કુલ મળીને ૭૬૫ વિકેટ મેળવી હતી.

### ઓસ્કર્સની રેસમાંથી

દેશો અથવા પ્રદેશોએ એવી ફિલ્મો રજૂ કરી હતી જે ૯૭મા એકેડેમી પુરસ્કારો માટે ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં વિચારણા માટે પાત્ર હતી.

''લાપતા લેડીઝ'' (લોસ્ટ લેડીઝ) આ વર્ષે એકેડેમી એવોર્ડની શોર્ટલિસ્ટમાં સ્થાન મેળવી શકી નથી, અને અમે અલબત્ત નિરાશ છીએ, પરંતુ તે જ રીતે અમે આ પ્રવાસ દરમિયાન અમને મળેલા અવિશ્વસનીય સમર્થન અને વિશ્વાસ માટે ખૂબ જ આભારી છીએ,''એમ આમિર ખાન પ્રોડક્શન્સ, જિયો સ્ટુડિયો અને કિન્ડલિંગ પ્રોડક્શન્સ, જેણે ફિલ્મને સમર્થન આપ્યું હતું, એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું.

''અમે તમામ ટોચની ૧૫ શોર્ટલિસ્ટ ફિલ્મોની ટીમોને અભિનંદન આપીએ છીએ અને એવોર્ડના આગળના તબક્કામાં તેમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ.''

''અમારી ફિલ્મ 'સંતોષ' માટે આ ઓછી ઓળખ માટે ટીમ, ખાસ કરીને અમારા લેખક-દિગ્દર્શક સંધ્યા સૂરી ખૂબ જ ખુશ છે! ૮૫ ફિલ્મોમાંથી શોર્ટલિસ્ટ થવું કેટલું અવિસનીય છે. જેણે ફિલ્મને પ્રેમ કર્યો, સપોર્ટ કર્યો અને મત આપ્યો તે દરેકનો આભાર.'' એમ ગોસ્વામીએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું હતું.

### જમ્મુના કઠુઆ

ભગત (૧૫), બરખા રૈના (૨૫), તકાશ રૈના ((૦૩) અને અદવિક રૈના (૦૪) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. સારવારાર્થે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ દાખલ કરતાં પહેલાં જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘાયલોમાં સ્વર્ણા (૬૧), નીતૂ દેવી (૪૦), કેવલ કૃષ્ણ (૬૯) અને અરુણકુમારનો સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું.

### વેલિંગ્ટનના

વિસ્તારમાં તાકીદની સ્થિતિ જાહેર કરી હતી. ૭૨ કલાક માટે વિમાનસેવા પણ બંધ કરી દેવામાં આવી હતી. ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં વીજળી અને પાણી પુરવઠો ખોરવાઈ ગયા હતા. ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં સંદેશવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ જતાં લોકોએ ગુમ થયેલા લોકોનો સંપર્ક સાધવા રીતસરનું ઝઝુમવું પડ્યું હતું. જોકે બુધવારે અમુક ટેલિકોમ કંપનીઓએ સેવા પૂર્વવત કરી હતી, પરંતુ ઈન્ટરનેટ સેવા હજુ પણ બંધ છે.

મૃત્યુ પામેલી ૧૪ વ્યક્તિમાંથી ચારનું હોસ્પિટલમાં, છ વ્યક્તિનું ભેખડો ધસી પડવાને કારણે અને ચાર વ્યક્તિનું ઈમારત તૂટી પડવાની ઘટનામાં મૃત્યુ થયું હતું, એમ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

ભૂકંપને પગલે તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી. લોકોને મદદરૂપ થવા અને કાટમાળમાંથી બહાર કાઢવા બચાવકર્તાઓએ રાતભર કામગીરી ચાલુ રાખી હતી. કાટમાળ હેઠળ દબાયેલા લોકોમાંથી અમુક લોકોનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો તો અનેક લોકો હજુ પણ કાટમાળ હેઠળ ફસાયેલા હોવાનું માનવામાં આવે છે. કાટમાળ હેઠળ ફસાયેલા લોકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે, એમ તેમણે કહ્યું હતું.

ભૂકંપનું કેન્દ્રબિંદુ વાનૂઆતૂની રાજધાની પૉર્ટ વિલાની ૩૦ કિ.મી. પશ્ચિમે જમીનની સપાટીથી ૫૭ કિ.મી. ઊંડે આવેલું હતું. ભૂકંપના બે કલાક બાદ સુનામીનું ઍલર્ટ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

ભૂકંપમાં ઓછામાં ઓછી ૧૦ બહુમાળી ઈમારત અને ત્રણ બ્રિજના માળખાને નુકસાન થયું હતું. વિલા સેન્ટ્રલ હોસ્પિટલની મુખ્ય ઈમારતને નુકસાન થતાં દરદીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. (એજન્સી)

### પંજાબમાં ખેડૂત

મોહાલી- સુનમ અને લેહરા, ભટીંડામાં રામપુરા પોલ અને અમૃતસરમાં દેવીદાસપુરમાં ટ્રેનો અટકાવી હતી. લુધિયાણા રેલવે સ્ટેશનમાં જમ્મુથી સેલદાની હમસફર એક્સપ્રેસ, અમૃતસરથી મુંબઈની દાદર એક્સપ્રેસ અને નવી દિલ્હીથી અમૃતસરની શાન-એ-પંજાબ એક્સપ્રેસ ટ્રેનો વિવિધ પ્લૅટફૉર્મ પર અટકાવી હતી.

શતાબ્દી એક્સપ્રેસ જે નવી દિલ્હીથી અમૃતસર આવતી હતી તેને ખન્ના રેલવે સ્ટેશને રોકવામાં આવી હતી. (એજન્સી)

# બનાસકાંઠાનું મસાલી ગામ દેશનું પ્રથમ સરહદી સોલાર વિલેજ બન્યું

## ૧૧૯ ઘરે રૂફટોપથી ૨૨૫.૫ કિલોવોટ વીજળીનું ઉત્પાદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા સૌરઊર્જા થકી વીજ ઉત્પાદન કરવા માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ માટે જ કેન્દ્ર સરકારે પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજના શરૂ કરી છે. ગુજરાતમાં પણ લોકો મોટા પ્રમાણમાં સૌર ઊર્જા તરફ વળ્યા છે, બનાસકાંઠાના સુઈગામ તાલુકાના મસાલી ગામને દેશનું પ્રથમ સરહદી સોલાર વિલેજ બનવાનું બહુમાન મળ્યું છે. પાકિસ્તાન બોર્ડરથી ૪૦ કિમીના અંતરે આવેલા આ ગામમાં ૮૦૦ લોકોની વસ્તી છે, ગામમાં ૧૧૯ ઘરે રૂફટોપથી ૨૨૫.૫ કિલોવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આ માટે ૧ કરોડ ૧૬ લાખનો ખર્ચ કરાયો હતો. સૌર ઊર્જા થકી ગામમાં વીજળીની સમસ્યાનો કાયમી અંત આવતાં અને લાઈટબિલ ભરવામાંથી કાયમી મુક્તિ મળતાં ગામલોકોએ ખુશી વ્યક્ત કરી હતી. રાજ્ય સરકારના સહકારથી બોર્ડર પર આવેલાં ગામોમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે હેતુથી જિલ્લા કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આ માટે કમિટી બનાવવામાં આવી હતી. બોર્ડર ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સરહદી વાવ તાલુકાના ૧૧ અને સુઈગામ તાલુકાનાં ૭ મળીને કુલ ૧૭ ગામોને સંપૂર્ણ સોલાર વિલેજ બનાવવા તંત્ર તરફથી પહેલ કરવામાં આવી છે, જે અંતર્ગત મસાલી ગામમાં કામ પૂર્ણ કરાયું છે. કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવ અને આનંદની વાત છે કે, રાજ્યનું મોઢેરા પછી બીજું અને દેશનું સરહદી વિસ્તાર અંતર્ગત પ્રથમ સોલાર ગામનું બિરુદ સુઈગામના મસાલીને મળ્યું છે. બનાસકાઠા જિલ્લાનાં આંતરાષ્ટ્રીય સરહદને અડીને આવેલાં ૧૭ જેટલાં ગામડાઓમાં આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે, જે કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉ

# બિલ્ડરોના હિતમાં ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ ગુજરેરાના નિયમો નવા વર્ષથી હળવા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રેરાના નિયમોમાં ફેરફાર કરવા માટે તૈયારીઓ શરૂ કરી છે, લાંબા સમયથી રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા બિલ્ડરોને થઈ રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને દર ત્રણ મહિને વિવિધ રિપોર્ટ રજૂ કરવાના થતા હતા આ રિપોર્ટ સબમિટ કરવામાં વિલંબ થવાના કારણે ડેવલપરોને પેનલ્ટી ભરવી પડતી હતી આ નિયમમાં કેટલીક છૂટછાટ આપીને ૧લી જાન્યુઆરી ૨૦૨૫થી નવા નિયમોનો અમલ કરવામાં આવશે. ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી એટલે કે ગુજરેરા તેના નિયમોમાં સુધારા દાખલ કરવા જઈ રહ્યું છે અને વિવિધ પ્રોજેક્ટના પ્રગતિ રિપોર્ટ ભરવાની પ્રક્રિયાનું સરળીકરણ કરશે જેનો અમલ પહેલી જાન્યુઆરી ૨૦૨૫થી થશે.

ડેવલપરોને વિવિધ સર્ટિફિકેટ મેળવવા માટે થઈને આર્કિટેક્ચર એન્જિનિયર અને કન્સલ્ટન્સ સહિતના સર્ટિફિકેટની જરૂરિયાત હોય છે, પરંતુ તે મેળવવામાં ખૂબ વિલંબ થાય છે તેના પરિણામે બિલ્ડરોને પેનલ્ટી ભરવી પડે છે.

આગામી વર્ષે એટલે કે, ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી અમલી બનેલા સુધારા, અનુપાલનને સુવ્યવસ્થિત કરવા અને પ્રોજેક્ટ મોનિટરિંગમાં સુધારો કરવાના હેતુથી નોંધપાત્ર ફેરફારો અમલી બનશે.

ગુજરેરાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ડેવલપરોએ દર ક્વાર્ટરમાં પ્રોજેક્ટની પ્રગતિ અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કિટેક્ટ અને એન્જિનિયરનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે. તેઓને આ પ્રમાણપત્રો મેળવવામાં વિલંબનો સામનો કરવો પડે છે તેનું કારણ સલાહકારોની સંખ્યા ખૂબ ઓછી છે. આ અનુપાલન ડેવલપરો માટે ખર્ચમાં વધારો કરે છે. આથી ૧ જાન્યુઆરીથી નિયમો હળવા કરવાનો નિર્ણય લીધો છે. આ નવા નિયમો પ્રક્રિયાને સરળ બનાવશે અને વિકાસકર્તાઓ પ્રમાણપત્ર વિના જાતે સબમિટ કરી શકશે.

આ સુધારો નવા રજૂ કરાયેલા ફોર્મ ૮માં ક્યુપીપીઆર સબમિટ કરવાનું ફરજિયાત કરે છે. આ ૨૦૧૭ના નિયમોમાં ક્યુપીપીઆરના અગાઉના સંદર્ભને બદલે છે, જેમાં ગુજરેરા પોર્ટલ પર ક્યુપીપીઆર અપડેટ કરવા માટે ફોર્મ ૧, ૨, અને ૩ જરી હતા. જોકે, વિકાસકર્તાઓએ રેરા બૅન્ક ખાતામાંથી ભંડોળ ઉપાડવા માટે જરૂરી પ્રમાણપત્રો સબમિટ કરવા જાન્યુઆરીથી નિયમો સરળ બનાવશે.

ડેવલપરો પ્રમાણપત્ર વિના ક્યુપીપીઆર જાતે સબમિટ કરી શકશે.

# ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સહિતના તમામ ઉદ્યોગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ઔદ્યોગિક વસાહત માટે જમીન ફાળવણી કરવાની નીતિમાં જરૂરી સુધારો કરીને, જીઆઈડીસીમાં ઉદ્યોગોને જમીન ફાળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો માટે સરકારી પડતર જમીન જીઆઈડીસીને તબદિલ કરવામાં આવે છે અને જીઆઈડીસી દ્વારા આ જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવે છે. હાલની પદ્ધતિ અનુસાર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળની કમિટી દ્વારા સરકારી જમીનના ભાવ નક્કી કરવામાં આવે છે. ત્યાર બાદ નક્કી થયેલા ભાવે પડતર જમીન જીઆઈડીસીને ફાળવવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ ઘણા કિસ્સામાં જમીનના દર હયાત દર કરતાં વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આવી તમામ સમસ્યાઓના નિકાલ માટે ગુજરાત સરકારે જમીન ફાળવવાની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે.

તેમણે કહ્યું હતું કે, હવે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ૩ કેટેગરીમાં જીઆઈડીસીને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે. જે મુજબ કેટેગરી-૧માં સમાવિષ્ટ ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત જીઆઈડીસીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જ જમીન ફાળવવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી-૨માં સમાવિષ્ટ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત જીઆઈડીસીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે, જ્યારે કેટેગરી-૩માં સમાવિષ્ટ ૫૬ તાલુકાની વિકસિત જીઆઈડીસીને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયના પરિણામે ઔદ્યોગિક વસાહત માટે સરકારી પડતર જમીન ફાળવવા માટેની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે તેમ જ તમામ જીઆઈડીસી વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે. ખાસ કરીને એમએસએમઈ ઉદ્યોગકારોને અને રોકાણકારોને પણ આ નિર્ણયથી વધુ સુગમતા થશે. ઉદ્યોગકારોની રોકાણ કરવા માટેની કેટલીક દુવિધાઓ અને અનિશ્ચિતાઓ પણ દૂર થશે.

# વિદેશ અભ્યાસ માટે વધતી દિલચસ્પી વચ્ચે ગુજરાતમાં એજ્યુકેશન લોનની માગ વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી વિદેશ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં દિવસે દિવસે વધારો થતો જાય છે. બીજી તરફ કોસ્ટ ઑફ લિવિંગમાં વધારો થવાથી રાજ્યમાં એજ્યુકેશન લોનની ડિમાન્ડમાં વધારો થયો છે.

સ્ટેટ લેવલ બૅન્કર્સ કમિટીના એક લેટેસ્ટ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટરમાં રાજ્યમાં એજ્યુકેશન લોન વિતરણમાં ૨૯ ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૫૧૧ કરોડ રૂપિયાની સરખામણીએ ૬૫૯ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. લોન અરજદારોની સંખ્યામાં ૩૨ ટકાનો વધારો થયો છે, જે સમાન સમયગાળા દરમિયાન ૬,૩૮૪થી વધીને ૮,૩૯૭ થયો છે.

કેનેડાએ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પર કાપ મૂકતાં કેનેડા જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોવા છતાં વિદેશ અભ્યાસ માટે લોન વિતરણ અને લોન અરજદારોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો છે. બૅન્કર્સ અને ફોરેન એજ્યુકેશન એક્સપર્ટ્સે આ વૃદ્ધિ માટે કેટલાંક પરિબળો જવાબદાર ગણાવ્યાં છે. જેમાં વિદેશમાં કોસ્ટ ઑફ લિવિંગમાં વધારો થવો, ઈન્ડિયન કરન્સીના મૂલ્યમાં વધઘટ તથા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે પસંદગી કરતા વિદ્યાર્થીઓની વધતી સંખ્યાનો સમાવેશ થાય છે.

એક ખાનગી બૅન્કિંગ પ્રોફેશનલે પોતાનું નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે, તેમની બૅન્કમાં એજ્યુકેશન લોનની ડિમાન્ડમાં ૨૦૨૨થી ૧૦૦ ટકાનો વધારો નોંધાયો છે. જેમાં ૯૫ ટકા અરજીઓ વિદેશ અભ્યાસ જવા ઇચ્છતા લોકો તરફથી આવી છે. કેટલીક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં એડમિશન મેળવનારા અસાધારણ શૈક્ષણિક પ્રદર્શન અને રેકોર્ડ ધરાવતા સ્ટુડન્ટ્સ માટે કોલેટરલ-ફ્રી અને અનસિક્યોર્ડ લોન પ્રોડક્ટ્સ પણ ઉપલબ્ધ છે.

અમેરિકા માટે આ બાબત વધુ સાચી છે, જ્યાં સારો સ્કોર અને પ્રોફાઈલ ધરાવતા વિદ્યાર્થીને ૭૫ લાખ રૂપિયા સુધીની અનસિક્યોર્ડ એજ્યુકેશન લોન મળે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, યુએસ ડૉલર, યુરો અને બ્રિટિશ પાઉન્ડની સામે ભારતીય રૂપિયાના અવમૂલ્યનથી વિદ્યાર્થીઓના ખર્ચમાં વધારો થયો છે. આ ઉપરાંત વિદેશમાં મોટાં શહેરોમાં ભાડા ખર્ચમાં વધારો થવાથી બજેટમાં પણ વધારો થયો છે. જેના કારણે એજ્યુકેશન લોનની ટિકિટ સાઈઝમાં પણ નોંધપાત્ર વધારો થતાં તેની સીધી અસર એકંદરે લોનના વિતરણ પર પડી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધી બીજા ક્વાર્ટરમાં એજ્યુકેશન લોનનું વિતરણ ૧૧૮ ટકા વધ્યું છે. જે સ્પષ્ટપણે અરજદારોની વધતી સંખ્યા ઉપરાંત કોસ્ટ ઑફ લિવિંગ અને ફીના વધેલા ખર્ચને દર્શાવે છે.બૅન્કર્સે આ ટ્રેન્ડને વિદેશમાં સારી તકો અંગે લોકોમાં આવેલી જાગૃતિને પણ જવાબદાર ગણાવી છે.

ગુજરાતની સ્ટેટ લેવલ બૅન્કર્સની કમિટીના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે, બૅન્કો ફોરેનમાં હાયર એજ્યુકેશનને વધુ સુલભ બનાવવા માટે કોલેટરલ-ફ્રી લોન અને સ્પર્ધાત્મક વ્યાજ દરો સહિત સ્ટુડન્ટ ફ્રેન્ડલી સ્કીમ્સ પણ ઑફર કરે છે. બૅન્કો મોટા ભાગે ટોપ-ટાયર યુનિવર્સિટીઓને ઓળખે છે અને જો સ્ટુડન્ટ્સને આ યુનિવર્સિટીઓમાં એડમિશન મળે છે, તો લોન અપ્રુવલ ખૂબ સરળ બની જાય છે.

વિદેશમાં હાયર એજ્યુકેશન માટે અમેરિકા ગુજરાતી વિદ્યાર્થીઓની સૌથી પ્રથમ પસંદ હોય છે. જોકે, યુકે, જર્મની, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને નેધરલૅન્ડ્સ જેવા દેશો પણ હવે તેમને આકર્ષી રહ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાતી વિદ્યાર્થીઓ માટે કેનેડા એક હોટ ફેવરિટ દેશ હતો, પરંતુ કેનેડાએ તાજેતરમાં તેની ઈમિગ્રેશન અને સ્ટુડન્ટ્સને લગતી પૉલિસીસમાં ફેરફારો કરવાના કારણે ત્યાં જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. અમદાવાદના ફોરેન એજ્યુકેશન કન્સલ્ટન્ટ ભાવિન ઠાકરે જણાવ્યું હતું કે, વિદેશમાં અભ્યાસ હવે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી સુધી મર્યાદિત નથી. છેલ્લાં પાંચેક વર્ષોમાં સ્કૂલ પછી તરત જ વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે, ખાસ કરીને અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે વિદેશ જનારા સ્ટુડન્ટ્સની સંખ્યા વધી છે.

# ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થતાં સંવિધાનનો અમૃત મહોત્સવ થીમ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને કૅબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ નિમિત્તે ગુજરાતભરમાં સંવિધાનના અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. કટોકટીનાં ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરાશે.

આ ઉપરાંત આવતા વર્ષે એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમ જ ભારતના પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના ૧૦૦મા જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી કરાશે. ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઊજવવાનો નિર્ણય કરાયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, આગામી વર્ષે સંવિધાનના અમૃત મહોત્સવ, સરદાર વલ્લભ પટેલની ૧૫૦મી જન્મ જયંતી, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતી તેમ જ જનજાતિય ગૌરવ વર્ષની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળની સંચાલન સમિતિ તેમ જ મુખ્ય સચિવની અધ્યક્ષતા હેઠળ કારોબારી સમિતિની રચના કરાઈ છે.

# અમદાવાદમાં હેલ્મેટ નહીં પહેરનારા વાહનચાલકો પર તવાઈઃ ૧૧ મહિનામાં ૭.૨૪ લાખ લોકો સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં મોટાં શહેરોમાં બેફામ અને પૂરપાટ ઝડપે વાહન હંકારતા વાહનચાલકોના કારણે નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે. અમદાવાદ શહેરમાં જ વર્ષ ૨૦૨૩માં ૪૬૫ જેટલા જીવલેણ અકસ્માતો નોંધાયા હતા. જેમાં ૪૮૪ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જોકે આવાં તત્ત્વો સામે અમદાવાદ શહેર પોલીસે કડક હાથે કામ લીધું છે, પોલીસ દ્વારા આ દિશામાં હાથ ધરવામાં આવેલા અભિયાન અને કાર્યવાહીના પગલે જીવલેણ અકસ્માતો ૨૦૨૪માં ઘટ્યા છે. આ વર્ષે જીવલેણ અકસ્માતો ૩૪૮ નોંધાયા હતા. જેમાં ૩૬૩ લોકોનાં મોત થયાં હતાં. પોલીસે આ વર્ષે ૧૧ મહિનામાં હેલ્મેટ ન પહેરવાના ૭.૨૪ લાખ અને ઓવરસ્પીડના ૯૬ હજાર વાહનચાલકો સામે કાર્યવાહી કરી હતી. ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા એક્સમાં આ અંગે માહિતી આપી હતી.

હર્ષ સંઘવી દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર, ગયા વર્ષે ૨૦૨૩માં ૧ જાન્યુઆરીથી ૩૦ નવેમ્બર સુધીમાં ફેટલ અકસ્માત ૪૬૫, ગંભીર અકસ્માત ૫૯૮, નાના અકસ્માત ૨૪૯ મળી કુલ ૧૩૧૨ અકસ્માતો નોંધાયા હતા. જેની સરખામણીએ આ વર્ષે ૨૦૨૪માં ૧ જાન્યુઆરીથી ૩૦ નવેમ્બર સુધીમાં ફેટલ અકસ્માત ૩૪૮ નોંધાયા જેમાં ગયા વર્ષ કરતાં ૧૧૭નો ઘટાડો, મોટા અકસ્માત ૬૪૨ જેમાં ૪૪નો વધારો, નાના અકસ્માત ૨૨૦ જેમાં ૨૯નો ઘટાડો અને કુલ અકસ્માત ૧૨૧૦ જેમાં ૧૦૨નો ઘટાડો નોંધાયો હતો. ટકાવારીની દૃષ્ટિએ જીવલેણ અકસ્માતમાં ૨૫.૧૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

તે જ પ્રમાણે ગયા વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૪૮૪ મોત, ગંભીર ઈજા ૬૬૫, સામાન્ય ઈજા ૫૪૮ના કેસ નોંધાયા હતા. જેની સરખામણીએ આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ૩૬૩ મોત, ગયા વર્ષ કરતાં ૧૨૧નો ઘટાડો, ગંભીર ઈજાઓ ૭૨૧ જેમાં ૫૬નો વધારો, સામાન્ય ઈજાના ૪૬૬ કેસ જેમાં ૮૨નો ઘટાડો નોંધાયો છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો અકસ્માતોની ઘટનામાં મોતના કિસ્સામાં ૨૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

હેલ્મેટ નહીં પહેરનારા અને ઓવરસ્પીડિંગના વાહનચાલકો સામે સ્પીડ ગનનો ઉપયોગ કરીને વ્યૂહાત્મક રીતે ૬ હજાર ટકા વધુ કેસો નોંધ્યા હતા. અમદાવાદમાં ગત ૧૧ મહિનામાં હેલ્મેટ ફરજિયાતના કાયદાના ભંગના ૭,૨૪,૪૩૬ કેસ નોંધાયા હતા.

ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૬૪૩૧.૭૪ ટકાનો વધારો થયો છે. જ્યારે સીટ બેલ્ટના ૭૦૭૬૩ કેસ નોંધાયા હતા. જે ગયા વર્ષ કરતાં ૮૩.૪૯ ટકા, પાર્કિંગના કાયદાના ભંગના કેસોમાં ૨૧૦.૦૩ ટકા, ત્રણ સવારીના કેસોમાં ૧૨૯૫.૯૩ ટકા અને ઓવર સ્પીડિંગના કેસમાં ૧૦૮.૦૨ ટકાનો વધારો થયો છે.

# ગુજરાત સરકાર રાજ્યમાં ગ્રીન મેન્યુફેક્ચરિંગ ઝોન માટે યોજના શરૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યમાં ગ્રીન ઉદ્યોગ સાહસોને પ્રોત્સાહન આપવા માટે એક નોવેલ સેન્ટર સ્થાપવા માટેની યોજના બનાવી છે. જેમાં નવા અને હાલના ઉદ્યોગોમાં પર્યાવરણની દૃષ્ટિએ ટકાઉ ટેક્નિકોના ઉપયોગની હિમાયત કરી શકાય. રાજ્ય સરકાર આ પ્લાન પ્રમાણે રાજ્યમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ ફૅસિલિટી સાથે ગ્રીન મેન્યુફેક્ચરિંગ ઝોન વિકસાવવાની યોજના શરૂ કરવાની તૈયારી કરી રહી છે. આ ગ્રીન આંત્રપ્રિન્યોરશીપ સેન્ટર પર્યાવરણને અનુકૂળ ટેક્નોલૉજીને લાગુ કરતાં ઉદ્યોગોને સમર્થન આપશે તથા પર્યાવરણના સંવર્ધનમાં યોગદાન પણ આપશે.

ગુજરાતના ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મમતા વર્માએ કહ્યું હતું કે, સરકાર દ્વારા ગુજરાત ગ્રીન આંત્રપ્રિન્યોરશીપ સેન્ટરની સ્થાપના કરવામાં આવી રહી છે. જે પર્યાવરણ પ્રત્યે ઉદ્યોગોને જાગૃત કરવા અને પર્યાવરણની સુરક્ષા માટે ઉદ્યોગોને નવી ટેક્નોલૉજી પહોંચાડવા માટે નવા આંત્રપ્રિન્યોર્સને મદદ કરશે. હાલમાં એક્સપોર્ટ માર્કેટ ગ્રીન ટેગ ધરાવતાં ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની તરફેણમાં છે. અમે એમએસએમઈ અને અન્ય ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેમની હાજરી વધારવા માટે ગ્રીન પ્રોડક્ટનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈશું. રાજ્ય સરકાર ગ્રીન મેન્યુફેક્ચરિંગ ઝોનની સંકલ્પના કરી રહી છે. જ્યાં ગ્રીન ટેક્નોલૉજી આધારિત ઉદ્યોગો તેમના પ્લાન્ટ માટે જમીન મેળવી શકશે.

આ ગ્રીન ઝોનનો હેતુ ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સુવિધા દ્વારા એન્વાયરમેન્ટલ પ્રતિબંધોનો સામનો કરી રહેલા ઉદ્યોગોને તેમની પ્રોડક્ટના ઉત્પાદન માટે સક્ષમ કરવાનો છે. અમારો ધ્યેય એન્વાયરમેન્ટલ સંરક્ષણ ધોરણોનું પાલન કરનારા ઉદ્યોગોને પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાનો છે. વિભાગ સાથે જોડાયેલાં સૂત્રોએ કહ્યું હતું કે, ગ્રીન ટેગમાં રસ ધરાવનારા એમએસએમઈ સેક્ટરને રાજ્યના આગામી બજેટમાં નોંધપાત્ર પ્રોત્સાહન મળી શકે છે. હાલમાં સરકારની કેટલીક યોજનાઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત ઔદ્યોગિક પ્રથાઓનું સમર્થન કરતાં માળખાકીય સુવિધાઓ માટે ઉદ્યોગોને ભંડોળ પૂરું પાડે છે.

# નિકાસના અભાવે સીંગદાણા, સીંગતેલ ઉદ્યોગની દશા બેઠી

## સોરઠ પંથકમાં ૮૦ ટકા કારખાનાંને તાળાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આ વર્ષે મગફળીનું વિપુલ ઉત્પાદન થયું છે, જોકે છેલ્લા પાંચ વર્ષથી મગફળીની આવક વધી છે, પરંતુ ખેડૂતોને પૂરતો ભાવ મળી રહ્યો નથી. સીંગદાણા અને સીંગતેલની નિકાસ ઘટતાં વેપારીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ સ્થિતિમાં વેપારીઓ દ્વારા માગ ઊઠી છે કે, સરકાર આયાતી પામતેલ, ફ્લાવર કે અન્ય તેલમાં ડ્યુટી વધારે, તથા અહીંથી નિકાસ થતાં સીંગદાણામાં ઈન્સેન્ટિવ આપવામાં આવે. સીંગદાણા અને સીંગતેલના વેપારીઓ, મજૂર વર્ગ અને ધંધા સાથે સંકળાયેલા લોકોને ખૂબ જ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

આ મુદ્દે સીંગદાણા અને સીંગતેલના વેપારીઓએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રનો સિંગદાણા ઉદ્યોગ મંદીના ભરડામાં છે. સિંગદાણાનો એક્સપોર્ટ સદંતર બંધ થયો છે. જૂનાગઢ અને સૌરાષ્ટ્રના સિંગદાણા એક્સપોર્ટ થાય તો જ આ ધંધાને વેગ મળે તેમ છે. સિંગદાણા કે મગફળીની માગ દેશાવરમાં ઘટી છે. દર વર્ષે ૨૫ લાખ ટનથી વધુ મગફળીની આવક થતી હતી. જોકે, આ વર્ષે વધીને ૪૨ લાખ ટન જેટલું ઉત્પાદન મગફળીનું થયું છે, પરંતુ સિંગતેલ કે સિંગદાણા એક્સપોર્ટ ન થતાં તો આ માલ ખૂટે તેમ નથી. તો બીજી તરફ સિંગદાણા કે સીંગતેલ એક્સપોર્ટ પણ પૂરતા પ્રમાણમાં થતું નથી. જેના કારણે જૂનાગઢના ૮૦ ટકા સિંગતેલનાં કારખાનાઓ બંધ થયાં છે. આ કારખાનાઓ બંધ થતાં મગફળી તેમ જ સિંગતેલના વેપારીઓની હાલત કફોડી બની છે. બીજી તરફ સિંગતેલ અને મગફળીના ધંધા સાથે જોડાયેલા મજૂરો, ટ્રાન્સપોર્ટ અને આ ધંધા સાથે જોડાયેલા દરેક લોકોને મંદીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. સિંગતેલ અને મગફળીના ધંધા સાથે જોડાયેલા વેપારીઓએ સરકાર દ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેવી માગ ઊઠી છે.

# જૂનાગઢની ગેંગના નવ લોકો વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલઃ પાંચ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ પોલીસે છેલ્લા ૪ મહિનામાં અલગ અલગ ગુનાઓ આચરતી જૂનાગઢની ૪ ગેંગ વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો છે. જૂનાગઢ જિલ્લા પોલીસે જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ ગ્રામ્ય તેમ જ જિલ્લામાં છેલ્લાં ૧૦ વર્ષમાં ગંભીર ગુનાઓને આચરતી જૂનાગઢની ગેંગના ૯ લોકો વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો હતો. આ કુખ્યાત ગેંગે છેલ્લાં ૧૦ વર્ષથી સોરઠ પંથકમાં આયોજિત ગુનાઓ આચરી ભયનો માહોલ સર્જ્યો હતો. હથિયાર ધારા, ગંભીર ઈજા, ખાનગી મિલકતને નુકસાન, મારામારી, જાનથી મારી નાખવાની ધમકી, પ્રોહિબિશન, જુગારધારા જેવા અનેક ગુનાઓ આચરતી ટોળકીને ઝડપી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. ગુજસીટોક ગેંગના પાંચ સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા હતા, જેમાં સલમાન ઉર્ફે સલીયો, ઉર્ફે સલીમ તૈયબભાઈ વિશળ રહે.રામદેવપરા જૂનાગઢ, નાઝીમ હબીબભાઈ સોઢા રહે. સાંગોદ્રા, તા. તાલાળા જિ.ગીરસોમનાથ,સલમાન ઉર્ફે નીજામ ઉર્ફે ભુરો દીનમહમદ બ્લોચ રહે. દોલતપરા નેમીનાથનગર જૂનાગઢ,અજીત ઉર્ફે મંત્રી આમદ નારેજા રહે. રામદેવપરા જૂનાગઢ,આમદ હુસેનભાઇ નારેજા રહે. રામદેવપરા, જૂનાગઢ,અમીન ઉર્ફે છોટે મંત્રી આમદભાઈ નારેજ રહે. રામદેવપરા જૂનાગઢ,અસ્લમ ઉર્ફે છમીયો ઓસમાણ સીડા રહે. રામદેવપરા જૂનાગઢ, જુસબ ઉર્ફે કારિયો તૈયબ વિશળ રહે. દોલતપરા જૂનાગઢ,સાજીદ ઉર્ફે બાડો તૈયબભાઇ વિશળ રહે. દોલતપરા જૂનાગઢ સહિતના આરોપીઓને પોલીસે પકડી ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો હતો.

ગુજસીટોકના ગુનામાં આ ગેંગના બે આરોપી નાઝીબ હબીબ સોઢા, અમીન ઉર્ફે છોટે અગાઉના ગુનામાં હાલ બંને જેલ હવાલે છે અને સલમાન ઉર્ફે સલીયો અને અસલમ ઉર્ફે છમીયો હાલ પોલીસ પકડથી દૂર છે. આ બંને આરોપીઓને પકડવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. આ ગેંગના ૯ સભ્યો જેમાં સલમાન ઉર્ફે સલિયા વિરુદ્ધ અત્યાર સુધીમાં ૨૫ ગુના, નાઝીમ હબીબ સોઢા વિરુદ્ધ ૨૧ ગુના, સલમાન ઉર્ફે નાઝીમ વિરુદ્ધ ૮ ગુના, અજિત ઉર્ફે મંત્રી આમદ વિરુદ્ધ ૨૨ ગુના, અમીન ઉર્ફે છોટે મંત્રી વિરુદ્ધ ૯ ગુના, અસલમ ઉર્ફે છમિયો વિરુદ્ધ ૬ ગુના, જુસબ ઉર્ફે કાર્યો વિરુદ્ધ ૨૨ ગુના અને સાજીદ ઉર્ફે બોળો વિરુદ્ધ ૨૩ મળી આ ગેંગ વિરુદ્ધ કુલ ૧૫૩ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા છે.

જૂનાગઢ પોલીસે છેલ્લા ૪ મહિનામાં અલગ અલગ ચાર ગેંગ વિરુદ્ધ ગુજસીટોકના ગુનાઓ નોંધ્યા છે. જેમાં કુલ ૨૯ આરોપીઓને અત્યાર સુધી ઝડપી પાડવામાં આવ્યા છે. તેમ જ ગેંગના પકડાયેલા આરોપીઓ અન્ય શખ્સો ગુનાઓમાં સંડોવાયેલા છે કે નહીં તે દિશામાં પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ મામલે વધુ કાર્યવાહી ડીવાયએસપી નિકિતા શિરોયા દ્વારા કરાઈ રહી છે.

# ગુજરાતના ખેડૂતો શિયાળુ પાકોનું વાવેતર કરી શકે તે માટે સરકાર સિંચાઈ માટે પાણી પૂરું પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને કૅબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકોનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલ ગુજરાતનાં તમામ જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યનાં મુખ્ય ૨૦૭ જળાશયોમાં પાણીની મબલક આવક થઈ છે. હાલ ગુજરાતનાં ૨૦૭ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૮૮ ટકા જેટલો એટલે કે, ૭.૮૫ લાખ એમસીએફટીથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ૪ ટકા વધુ છે. ઉત્તર ગુજરાતનાં જળાશયોમાં ૬૫ ટકા, મધ્ય ગુજરાતનાં જળાશયોમાં ૯૨ ટકા, દક્ષિણ ગુજરાતનાં જળાશયોમાં ૯૧ ટકા, સૌરાષ્ટ્રનાં જળાશયોમાં ૮૬ ટકા અને કચ્છનાં જળાશયોમાં ૬૨ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં પણ ૯૦ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યનાં જળાશયોની પરિસ્થિતિને ધ્યાને લેતાં સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને શિયાળુ પાકના વાવેતરમાં સુગમતા રહેશે.

# પુરુષ

ક્વિનપતિ ગુકેશ-સ્વરોત્તમ પુરુષોત્તમ-વાહ ઉસ્તાદ ઝાકિર હુસૈન

## મર્દ તેરી તાસીર ક્યા હૈ આખીર...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

પાછલા અઠવાડિયામાં ત્રણ પુરુષે સમાચાર અને સોશિયલ મીડિયામાં પોતાનો દબદબો જમાવ્યો. એ ત્રણ પુરુષ એટલે ચેસ પ્લેયર ડી. ગુકેશ, સંગીતકાર- ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાય અને તબલાવાદક ઝાકિર હુસૈન.

એ ત્રણમાં એક પુરુષે વિશ્વના સૌથી ઓછી વયે ચેસ ચેમ્પિયન તરીકેનો તાજ પહેરી લીધો તો બીજા બેએ ઘણું સિદ્ધ કર્યા પછી દેહ ત્યાગીને અનંતનો વિસામો લીધો.



ડી. ગુકેશ

આ ત્રણેય પુરુષના ક્ષેત્ર જુદાં છે- હતાં. આ ત્રણેય વચ્ચે ઉંમરનો પણ તફાવત. આયુના ત્રણ તબક્કે પહોંચેલા એ પુરુષ...૧૭ પ્લસ - ૯૦ પ્લસ અને ૭૦ પ્લસ...!



પુરુષોત્તમભાઈ

જોકે, આ ત્રણેયમાં એક સામ્ય હતું: પોતાનું ગમતું કરવાની ધૂન ... પોતાનાં ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન, બલકે પોતાનું આગવું અસ્તિત્વ ઊભું કરવાનું ઝનૂન!

આ ત્રણેય આપણને એ શીખવી ગયા કે પુરુષ જો તેનું પેશન- જુસ્સાને ફોલો કરતો રહે, દુન્યવી વાતમાં ન પડે તો પુરુષને ઇતિહાસ સર્જતા કોઈ રોકી શકતું નથી. આ ત્રણેયે આપણને એ પણ શીખવ્યું કે બાહ્ય ચકાચૌંધથી અંજાઈને એના રવાડે ચઢવું કે રખડી ખાવું તો સર્વસામાન્ય છે, પરંતુ અસામાન્ય વાત એ છે કે બીજું બધુ પડતું મૂકીને માત્ર પોતાના ગમતાં કામમાં જ ધીરજપૂર્વક ખંત કરવો!



ઝાકિર હુસૈન

આપણે એવું માનીએ છીએ કે જે ફરે તે ચરે... કહેવતના દૃષ્ટિકોણથી એ વાત સાચી પણ ખરી, પરંતુ ગુકેશ, પુરુષોત્તમ ઉપાધ્યાય અને ઝાકિર હુસૈને સિદ્ધ કરી બતાવ્યું કે માત્ર એક ચેસ બોર્ડની સામે, એક હાર્મોનિયમની સામે કે બે તબાલાની સામે બેસીને જો એકાગ્ર ચિત્તે સાધના કરવામાં આવે તો આખી દુનિયા આપણી સામે આપોઆપ આવીને ગોઠવાઈ જાય છે.

જોકે આ ચેસ નામના, હાર્મોનિયમ નામના કે તબલાં નામના પેશનની સામે ધીરજપૂર્વક બેસી રહેવું એ કંઈ ખાવાના ખેલ નથી. એ પણ ત્યારે, જ્યારે અડધી દુનિયા 'ફોમો' એટલે કે 'ફીલિંગ ઑફ મિસિંગ આઉટ'

(અમે રહી ગયા..તમે લઈ ગયા!)નો સામનો કરતી હોય! હવે આપણે સાધના કરતા જ નથી હોતા અથવા જો સાધના શબ્દ મોટો લાગતો હોય તો આપણા કામને લઈને આપણે જરૂર મુજબનો ખંત કરતા જ નથી હોતા. બલકે આપણે તો દેખાડો કરીએ છીએ. આપણા મોટાભાગના પ્રયત્નો એવા હોય છે કે એમાં બીજાને કેવું લાગશે, બીજા શું વિચારશે અથવા તો બીજાને બતાવી દેવું છેની જ ભાવના આપણી અંદર રમતી હોય છે!

આ કારણે જ આપણે આપણા કામમાં નિપુર્ણ નથી થઈ શકતા અને જો આપણે આપણા કામમાં માસ્ટરી નથી મેળવી શકતા તો પછી આપણને આપણું કામ ગમવાનું કઈ રીતે?

આ ત્રણેય પુરુષને કામ કરતા જોવા જેવા છે. ગુકેશ લઈ લો, પુરુષોત્તમ ઉપાધ્યાય લઈ લો કે પછી ઝાકિર હુસૈન લઈ લો... એ ત્રણેય જ્યારે પોતાના સાધન સાથે હોય ત્યારે ખુશીની ચરમસીમાએ હોય છે. એમના ચહેરા પર આગવું તેજ આવી જાય છે અને એમના ચહેરા પર સંતુષ્ટિ માળો બાંધી દે છે. જાણે એમને પણ એમ થાય કે આ દુનિયામાં એમનાં તબલાં, એમનું ચેસબોર્ડ કે એમના હાર્મોનિયમ સિવાય સુખ અને કમ્ફર્ટ બીજે ક્યાંય છે જ નહીં!

આપણે એ મેળવવાનું છે. એ ત્રણેયને મળેલી સફળતા તો કદાચ જૂજ લોકોના નસીબમાં જ હોય, પરંતુ આપણે સૌ એક કૌશલ તો એમની પાસે શીખી જ શકીએ કે આપણે પણ જ્યારે આપણા કમ્પ્યુટર સામે બેસીએ ત્યારે આપણી આંગળીઓ જાણે હાર્મોનિયમ વગાડતી હોય એમ જ ફરે અને એનો અપાર આનંદ આપણા દિલમાં અને ચહેરા પર ડોકાય! આપણે મોટાભાગના લોકો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે કે આપણને આપણું કામ એક સમય પછી રૂટિન અને કેટલાક કિસ્સામાં સાપનો ભારો લાગવા માંડે છે, જેને કારણે જ આપણી અંદર અત્યંત ફ્રસ્ટ્રેશન-હતાશા ઉદ્ભવે છે અને આપણે ઉચાટમાં જીવીએ છીએ, પરંતુ કામ તો આપણે આમેય કંઈક કરવાનું છે અથવા તો આપણું પેશન પણ આપણે ફોલો તો કરવાનું જ છે તો પછી પૂરી સંતુષ્ટિ -પૂરી મૌજ સાથે કેમ ન કરીએ?! ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## દીકરીનું આગમન... સહજીવનનાં શુકન

**ડિયર હની,**

આપણા લગ્નના ચોથા વર્ષે સારા સમાચાર આવ્યા હતા. તું ગર્ભવતી બની એ માટે આપણે બન્નેએ પ્લાનિંગ કર્યું હતું.

તું સગર્ભા થઈ એના પહેલા ખબર મળ્યા ત્યારે આપણા બંનેની ખુશીનો પાર નહોતો. તારા મા બનવાના એ નવ માસનો ગાળો બહુ મજાનો હતો. ક્યારેક તારી તબિયત બગડતી તો તારી સાથે મારું બીપી પણ વધી જતું હતું.

એક વાર તને વેણ ઊપડ્યું. ત્યારે તારી ડિલિવરીને હજુ થોડો સમય બાકી હતો. રાત્રે જ આપણે હોસ્પિટલે જવું પડ્યું હતું. ગાયનેકોલોજીસ્ટે ચેક કર્યા પછી કહ્યું કે, હજુ વાર લાગે એમ છે. થોડીવાર તો મારો ય જીવ અદ્ધર થઇ ગયો હતો, પણ ડોકટરે કહ્યું કે, ગભરાવા જેવું નથી. આપણે મા- બાપ બન્યા વિના પાછા આવ્યા હતા. કોઈને કાઈ સમાચાર આપવા જેવું બન્યું નહોતું.

પછી થોડા દિવસ બાદ ફરી લેબર પેઈન અને હોસ્પિટલ પહોંચ્યા. તને અંદર લઇ જવામાં આવી અને ડિલિવરી થઇ રહી હતી અને થઇ એ વચ્ચેનો જે સમય હતો એ મારા માટે પસાર કરવો મુશ્કેલ હતો. શું શું થશે? એ સવાલ કોરી ખાતો હતો. શું આવશે? એનો ઇન્તજાર પણ હતો. મને ખબર છે કે, તું દીકરો ચાહતી હતી અને હું દીકરી. આ ઇચ્છા સામાન્ય છે. કારણ કે, દીકરો માની અને દીકરી બાપની નજીક હોય છે.

લગભગ દોઢેક કલાકે ખબર આવ્યા કે, નોર્મલ તો નહિ પણ ફોરસેપથી ડિલિવરી થઇ ગઈ છે અને મા - બાળક બંનેની તબિયત સારી છે ત્યારે મારો જીવ હેઠે બેઠો હતો. જોકે પછી એ જાણવાની ઈંતેજારી હતી કે કોનું આગમન થયું. નર્સે કહ્યું કે દીકરી આવી છે. મેં એને તુરંત ૧૦૦ રૂપિયાની નોટ આપી હતી. મારા હરખનો પાર નહોતો. હું ચાહતો હતો એમ દીકરી આવી હતી. દીકરીનો આગમન એ આપણા સહજીવનના જાણે શુકન હતા.

તારી ડિલિવરી થઇ એ દિવાળીની નજીકનો સમય હતો, પણ મારી દિવાળી તો થોડી વહેલી આવી ગઈ હતી. એ વખતે મારે મુંબઈ જવાનું હતું. અમારા વાર્ષિક મેળાવડા માટે. રેલવેની ટિકિટ પણ બૂક થઇ ગઈ હતી, પણ મેં એ કેન્સલ કરાવી હતી. ત્યારે બોસે પૂછ્યું હતું : કેમ? ને મેં સારા સમાચાર આપ્યા ત્યારે એમણે તો ત્યાં સુધી કહ્યું હતું કે, એવું હોય તો પાર્ટી છે ત્યારે ફ્લાઈટમાં આવી જજે. મેં ના પાડી હતી. મારે તારી સાથે રહેવું હતું. એ રાતે હું તારી સાથે જ હતો. એ રાત મારા જીવનની એ યાદગાર રાતમાંની એક હતી.

આપણે દીકરી સાથે ઘેર આવ્યા ત્યારે સૌથી વધુ રાજી બા હતાં. કારણ કે, એમને ત્રણ દીકરા હતા અને કોઈ દીકરી નહોતી એટલે એ દીકરી ચાહતા હતાં. મારા બંને મોટાભાઈને ત્યાં પણ દીકરી નહોતી અને તે દીકરી આપી એટલે સાસુમા તારા પર ખુશ હતાં. ઘરના દરવાજે તારું બહુ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. મોટાભાઈએ તો એની ઓફિસમાં પેંડા વહેંચ્યા હતા. સામાન્ય રીતે લોકો દીકરી આવે તો જલેબી વહેંચતા હોય છે.

ઘરમાં આનંદનું વાતાવરણ હતું. દીકરી ઘોડિયામાં સૂતી હોય અને એ એકાએક ઊઠી જાય ત્યારે ઘોડિયાની દોરી પકડી એને ઝુલાવવાની એ ક્ષણો આજે મને બરાબર યાદ છે. એ રોતી હોય તો એનું રોવું પણ એક ઘટના બની જતી. આપણા રૂમમાં એ વધુ રૂએ તો બા નીચેથી કહેતા કે, બંને સૂઈ ગયા કે શું ? છોકરી કેમ રડે છે .... મેં એને પહેલીવાર મારા હાથમાં લીધી હતી ત્યારે શું થયું હતું એ શબ્દોમાં કેમ બયાન કરવું....?

દીકરી મોટી થતી ગઈ. એની સાથે આપણે નાના થતા રહ્યા હતા. એની નાની નાની હરકતો આપણા માટે ઉત્સવ જેવું વાતાવરણ સર્જી જતું. પછી એનું નામ પાડ્યું ત્યારે પણ બધાએ કેટલી કસરત કરી હતી કે, કયું નામ રાખવું? પછી નામ નક્કી થયું પણ હજુ ય એને આપણે ચકુ ને દીકું કહીને જ બોલાવીએ છીએ. મૂળ નામ કરતાં આ નામ વધુ વહાલા લાગે છે.

હું રાત્રે મોડો આવું. પણ એ મારા સ્કૂટરનો અવાજ સાંભળી સૂતી હોય તો ય ઊઠી જાય. અને જમવા બેસું તો જમી લીધું હોય તો ય એકાદ કોળિયો મારી સાથે ભરે. એ કોળિયો મારે કાળજે લાગતો. એને શું ગમે છે અને શું નથી ગમતું એનું આપણે કેટલું ધ્યાન રાખતા હતા? રાત્રે મોડે સુધી જાગવું પડે કે ઊંઘ પૂરી ના થાય તો પણ એનો થાક લાગતો નહોતો. કહે છે કે, સ્ત્રી મા બને પછી જ સંપૂર્ણ બને છે. મેં એ તારા મા બન્યા બાદ જોયું છે. બાપની લાગણીઓ જરા જુદી હોય છે પણ મા તો મા છે. મા જે સંતાનોને આપી શકે છે એ બીજું કોઇ આપી શકતું નથી. તારું મા બનવું અને મારું પિતા બનવું એ આપણા જીવનની મહત્ત્વની ઘટના. એ ઘટના કોઈએ મોટી સોગાદ આપી હોય એવી છે. આજીવન એ યાદગાર જ રહે છે.

**તારો બન્ની.**




## વાત એક મનોવિકૃત વૃદ્ધની...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

એક વૃદ્ધશ્રમમાં ગઈ. બગીચામાંથી પસાર થઈને આવેલી વૃદ્ધાશ્રમની ઓફિસમાં મારે ત્યાંના મેનેજરને મળવાનું હતું. બગીચામાંથી પસાર થતી હતી. બાંકડા પર એક વૃદ્ધ બેઠાં હતા. એમને જોઈને મને કવિશ્રી રમેશ પારેખની પંક્તિઓ યાદ આવી :

*એકલા સાંજે બગીચે બેસવું શું ચીજ છે?*
*બાંકડો શું ચીજ છે? બુઢ્ઢા થવું શું ચીજ છે?'*

કવિવર રમેશ પારેખની આ પંક્તિઓમાં વૃદ્ધો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત થાય છે. જોકે, કેટલાંક વૃદ્ધો સહાનુભૂતિને પાત્ર હોતા નથી એ પણ એક હકીકત છે.

બાંકડે બેઠેલા પેલા વૃદ્ધ પણ મને કાંઈક વિચિત્ર લાગ્યા, કારણ કે એ મારી સામે એકીટશે તાકી રહ્યા. એવું લાગતું હતું કે એમની નજર શરીરના અંગેઅંગ પર ફરી રહી છે. મને એમનું આ રીતે તાકવું ગમ્યું નહીં. હું ત્યાંથી પસાર થઈને ઓફિસમાં પહોંચી. મેનેજરે મને આવકાર આપીને બેસવા કહ્યું. થોડા આડાઅવળા સવાલો પૂછ્યા પછી મેનેજરને મેં બગીચામાં બેઠેલા વૃદ્ધ વિષે પૂછ્યું અને મને એમનું વર્તન વિચિત્ર લાગ્યું તે પણ જણાવ્યું.

મેનેજરે કહ્યું : 'બહેન, તમારી વાત સાચી છે. આ કાકાનું ચસકી ગયું છે. એમની સાઠે બુદ્ધિ નાઠી છે. એમની આ કુ-ટેવને કારણે જ આજે એ અહીં છે. અહીં વૃદ્ધાશ્રમમાં બધી જ વૃદ્ધાઓ છે, છતાં એ બધા સામે આમ જ ટીકીટીકીને જોયા કરે છે.'

'આ કાકા વિષેની વાત જાણવામાં મને રસ છે, આપ કહેશો મને?'

'જરૂર, આપને માંડીને વાત કરું.'

એ પછી મેનેજર ભાઈએ વાત શરૂ કરી :

છ એક મહિના પહેલાં આ કાકા જેમનું નામ સુરેશભાઈ છે એમને લઈને એમનો દીકરો આવેલો. દીકરાના કહેવા પ્રમાણે કાકાની આ ઉંમરે ના છાજે એવી હરકતોથી પરિવાર કંટાળી ગયો છે. સુરેશભાઈના પત્ની ત્રણ વર્ષ પહેલાં સ્વર્ગસ્થ થયા પછી સુરેશભાઈની ડાગળી જાણે ચસકી ગઈ. સૌ પ્રથમ પાડોશી નીરુબહેને ફરિયાદ કરી : 'તમારાં પપ્પાને સીધાં રહેવાનું કહેજો, નહીંતર બે લાફા ચોડી દઈશ પછી મને કહેતા નહીં કે મારા પપ્પા સાથે આવું કેમ કર્યું?' સુરેશભાઈના દીકરાએ આવી રીતે વાત કહેવાનું શરૂ કર્યું : નીરુબહેનની વાત સાંભળીને હું તો ડઘાઈ જ ગયો. પપ્પાએ એવું શું કર્યું કે નીરુબહેન લાફા મારવાની વાત કરે છે? એટલે મેં પૂછ્યું: નીરુબહેન, શાંત થાવ એવું શું થઈ ગયું?

'શું થઈ ગયું ? આ તારા બાપની સાઠે બુદ્ધિ નાઠી છે. ગઈ કાલે તારા પપ્પા સુરેશભાઈ સોસાયટીના ગાર્ડનના બાંકડા પર બેઠાં હતા. હું વોક કરતી હતી. એમણે મને બોલાવીને બાંકડા પર બેસવા કહ્યું. આપણે તો વર્ષો જૂના પાડોશી અને તારી મમ્મી મારી બહેનપણી હતી તેથી સુરેશભાઈએ મને બાંકડા પર બેસવા કહ્યું તેમાં મને કાંઈ અજુગતું ન લાગ્યું. હું જઈને બાંકડા પર તારા પપ્પાની બાજુમાં બેસી ગઈ. મને એમ કે એ કાંઈ વાત કરવા માગે છે અને ખરેખર એમણે વાત શરૂ કરી કે શારદા વગર મને ક્યાંય ગમતું નથી, ચેન પડતું નથી... મેં પણ સહાનુભૂતિ દર્શાવી. અમે વાતો કરવા લાગ્યા. થોડી વાર પછી તારા પપ્પા ખસતા ખસતા મારી બહુ નજીક આવી ગયા ત્યારે મને ઠીક ન લાગ્યું, પણ થયું કે બિચારા બહુ દુ:ખી છે. અચાનક એમણે મારો હાથ પકડી લીધો ત્યારે હું ભડકીને ઊભી થઈ ગઈ અને તારા પપ્પા પર બહુજ ગુસ્સો કર્યો. મારવા માટે હાથ પણ ઊંચો કર્યો, પણ પછી અટકી ગઈ . આજે તને વાત કરી છે, પણ જો હવે કદી મારી સામે આંખ ઊંચી કરીને પણ જોશે તો માર્યા વિના નહીં મુકૂં કહી દેજે તારા બાપને...!

હું તો નીરુબહેનની વાત સાંભળીને ડઘાઈ ગયો. કંઈ બોલી જ ન શક્યો પોતાના બાપ વિષે આવી વાત સાંભળીને દીકરો શું બોલે? મારી પત્નીને પણ મેં આ વાત ન કરી. પિતાની છબી ખરડાઈ જશે એ ડરથી. એ પછી એકવાર અમારે ઘેર મારી સાળી થોડા દિવસ માટે રોકાવા આવી હતી. મારી સાળી પપ્પાનું બહુ ધ્યાન રાખે એમની સાથે વાતો કરે. બહેનના ઉંમરલાયક સસરાને એ ઘણું માન આપતી હતી. એક દિવસ મારી સાળી પપ્પા સાથે વાતો કરતી બેઠી હતી. વાત કરતાં કરતાં પપ્પાએ એના માથા પર ટપલી મારી. એ તો ઠીક, કોઈ પણ વડીલ માથા પર ટપલી મારે તો કાંઈ ખરાબ ન લાગે. એ પછી વાતો વાતોમાં પપ્પાએ એના ગાલે ટપલી મારી. એમાં પણ મારી સાળીને કાંઈ અજુગતુ ન લાગ્યું. એ બંને બાજુબાજુમાં જ બેઠાં હતા અને વાતો કરતા હતા, પણ વાતો દરમિયાન ધીરેધીરે પપ્પા મારી સાળીની સાવ નજીક આવી ગયા અને એની કમ્મર ફરતે હાથ વીંટાળી દીધો...! પપ્પાની આ હરકતથી મારી સાળી ચોંકીને ઊભી થઈ ગઈ :

'આ શું કરો છો, અંકલ?'

'કેમ ન ગમ્યું? પપ્પાએ નિર્લજ્જતાથી પૂછ્યું.

મારી સાળી રડતી રડતી મારી પત્ની રસોડામાં કામ કરતી હતી ત્યાં ગઈ અને રડતાં રડતાં એણે પોતાની બહેનને બધી વાત કરી એટલે મારી પત્નીએ ગુસ્સામાં મને ફોન કર્યો. મને તાત્કાલિક ઘરે બોલાવ્યો... હું ગભરાઈને ઘરે ભાગ્યો. જેવો ઘરે ગયો કે પત્નીએ ગુસ્સામાં બધી વાત કરી. મારી સાળી હજુ રડી રહી હતી. એ બોલી : 'અંકલને તો હું મારા પપ્પા માનું છું. એ ઊઠાને આવું કરે એ તો સ્વપ્નેય વિચાર્યું ન હતું.'

મેં પપ્પાને પૂછ્યું : 'પપ્પા, આ બધું શું છે?'

'અરે, મેં પણ દીકરી સમજીને જ એને વહાલ કર્યું હતું.' પપ્પાએ જરાય વિચલિત થયા વિના કહ્યું. મને પણ હવે બહુ ગુસ્સો આવ્યો હતો એટલે મેં ગુસ્સામાં કહ્યું કે આની પહેલાં નીરુમાસીએ પણ તમારી ફરિયાદ કરી હતી, પણ હું કાંઈ બોલ્યો નહીં. હવે જો આવું કાંઈ કર્યું છે તો તમારી ખેર નથી...એ બનાવ પછી પત્નીએ તો પપ્પા સાથે બોલવાનું બંધ જ કરી દીધું હતું. પોતાની ફરજના ભાગરૂપે એ એમને જમવાનું આપી દેતી હતી. પણ પછી તો અડોસ-પડોસ અને સગાં-સંબંધીઓ તરફથી પપ્પા માટે ફરિયાદો આવવા માંડી પપ્પાની આ કુટેવ વિશે લોકો વાતો પણ કરવા લાગ્યા એટલે મારી પત્ની વિફરીઃ 'હવે, પપ્પા આ ઘરમાં ન જોઈએ. ઘરમાં હું આખો દિવસ એકલી હોઉં છું. આપણી દીકરી પણ મોટી થવા માંડી છે. પપ્પાનો વિશ્વાસ ન કરાય. એમને કોઈ વૃદ્ધાશ્રમમાં મૂકી આવો. પરિવારજનોના વિરોધને કારણે અને પપ્પાની આવી કુટેવને કારણે હું એમને અહીં લઈ આવ્યો છું....'

સુરેશભાઈના દીકરાએ કહેલી વાત મેનેજરે મને જણાવી એટલે મેં પૂછ્યું : 'પણ સુરેશભાઈની આ કુટેવ અને સ્ત્રીઓના શરીર સામે આ રીતે જોવાની એમની નજરને કારણે તમારે ત્યાં રહેતી સ્ત્રીઓને પણ તકલીફ થાય ને?'


'હા, પણ અમે સુરેશભાઈને સખત શબ્દોમાં તાકીદ કરી છે કે જો કોઈ પણ ગેરહરકત કરી છે તો એ ઘડીએ જ તેમને અહીંથી હાંકી કાઢીશું એટલે હવે એ સ્ત્રીઓની સામે જોયા કરે છે- તાક્યા જ કરે છે, પણ કોઈ સાથે વાત કરતા નથી કે કોઈને હાથ અડાડતા નથી...' મેનેજરે કહ્યું.

'એ પણ સારું ન કહેવાય.' મેં કહ્યું.

'બહેન, આપની વાત ખરી છે, પણ જ્યાં સુધી કોઈ ગેરહરકત કરતા નથી ત્યાં સુધી અમે એમને ચલાવી રહ્યા છીએ. અહીંની બહેનો પણ એમનો સ્વભાવ જાણે છે એટલે કોઈ એમની સામે જોતું નથી કે વાત પણ કરતું નથી. એકલા બાંકડા પર બેઠાં રહે છે. માનસિક પ્રોબ્લેમ છે શું કરી શકાય? અહીં આવતા મનોચિકિત્સક એમની સારવાર કરી રહ્યા છે. શું કરીએ અમે પણ એમને કાઢી મૂકીએ તો ક્યાં જાય? અહીં અમારા ડરથી સીધાં રહે છે. ઘરમાં તો કોઈનું માને એમ નથી...'

ઢળતી ઉમરે આવા એક મનોવિકૃત વડીલની આવી વાત સાંભળીને મને ચકિત થવા સાથે દુઃખ પણ થયું,પણ એમનું હવે શું થઈ શકે? ■

# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૨૬

■ એચ. એન. ગોલીબાર

> કજલીએ તીર ઉઠાવીને રોઝીની છાતીનું નિશાન લીધું....અને જીમીએ આંખો બંધ કરી દીધી. રોઝીની એક ભયાનક - મરણતોલ ચીસ ગુફામાં ગુંજી અને એ સાથે જ જીમીની બંધ આંખો ઊઘડી ગઈ

**જીમીના** મનમાં અફસોસ જાગ્યો. એ પોતે જાણી-જોઈને પોતાની પત્ની રોઝીને મોતની ઊંડી ખાઈ તરફ ધકેલી રહ્યો હતો, પરંતુ કજલી જે રીતે ઊભી હતી એ રીત જીમીને પાણી-પાણી કરી દેવા માટે પૂરતી હતી. એણે કજલી તરફ જ નજર રાખતાં રોઝીને કહ્યું: 'ગભરા નહીં રોઝી.' એણે રોઝી તરફ નજર ફેરવી. 'હું અહીંયા બહાર ઊભો છું, તું અંદર જઈ આવ, ડર નહીં.'

'હા....હા....ડરવાની શું વાત છે, હું તો તારી સાથે છું જ ને!' કજલીએ આગળ વધીને રોજીનો હાથ પકડી લીધો. 'બાબાને તારા પતિની હાલત બતાવીને એમની પાસેથી તાવીજ લઈને પાછી બહાર આવી જજે.'

'સારું.' રોઝીએ પોતાના ગળામાં ભરાવેલા ક્રૉસ પર હાથ મૂક્યો અને પછી થોડાંક પગલાં કજલી પાછળ ચાલી અને પછી રોઝી પાછી રોકાઈ.

'શું વાત છે રોઝી?' જીમીએ એને આગળ વધતી અટકેલી જોઈને પૂછ્યું.

'મને બીક લાગે છે.' રોઝીએ ડરેલા અવાજે કહ્યું.

'તો પછી તું પાછી જા...!' કજલીએ રોઝીનો હાથ છોડતાં કહ્યું: 'એ તાવીજ તને નહીં મળે અને તારો પતિ આખી જિંદગી પરેશાન જ રહેશે.'

જીમીને આજે પહેલી વાર જ ખબર પડી કે, રોઝી એને આટલી હદે પ્રેમ કરે છે. કારણ કે, કજલીની વાત સાંભળ્યા પછી રોઝી એની પાછળ-પાછળ ચાલવા માંડી હતી. જીમીને થયું કે, એ રોઝીને રોકે, પણ હવે નકામું હતું. કમાનમાંથી તીર નીકળી ચૂક્યું હતું અને હવે એ ચોક્કસ રોઝીને વાગવાનું જ હતું.

જમણી તરફના ગુફા જેવા દરવાજા સુધી પહોંચી ગયેલાં રોઝી અને કજલીને રોકતાં જીમીએ પૂછ્યું: 'શું હું અહીં જ ઊભો રહું?'

'તમે મંદિરની સીડીઓથી દૂર જતા રહો.' કજલીએ પાંપણો પટપટાવતાં કહ્યું. 'બાબા કોઈ પણ પુરુષનો પડછાયો પણ નથી જોતા. તમારી પત્ની હમણાં જ તાવીજ લઈને પાછી આવી જશે.' કજલીએ કહ્યું.

રોઝી પણ પાછી ફરી હતી. જીમીએ રોઝી તરફ જોયું - રોઝી પણ એની તરફ જોઈ રહી હતી. રોઝીની નજર જાણે જીમીને કહી રહી હતી: 'તમે અહીં જ ઊભા રહેજો. હું હમણાં જ બાબા પાસેથી તાવીજ લઈને પાછી આવું છું. પછી તમારી બધી જ પરેશાની જતી રહેશે અને....'

કજલી રોઝીનો હાથ પકડીને ગુફાની અંદર સરકી ગઈ. જીમી રોઝીની નજરની વાત આગળ સમજી શક્યો નહીં. હવે ગુફાના દરવાજા પાસે કોઈ જ નહોતું. કજલી નહોતી - રોઝી નહોતી કોઈ જ નહોતું - હા! ત્યાં હવે ફક્ત અંધારું હતું.

કજલીને રોઝી સોંપાઈ ગઈ હતી એટલે જીમીએ પાછા વળી જવાનું હતું, પરંતુ રોઝીનો એના પ્રત્યેનો અપાર પ્રેમ જોઈને એના પગ પાછા ઘર તરફ જવા માટે ઊપડતા નહોતા. પોતાના માટે એક મામૂલી તાવીજ લાવવા માટે જે રીતે ખતરામાં કૂદી પડી હતી એ વાત એના દિલને કોરી રહી હતી.

એણે વિચાર્યું કે, એ પણ અંદર જશે - અને અંદર જઈને જોશે કે, કજલી રોઝીનું શું કરે છે, અને જો શક્ય હશે તો એ રોઝીને બચાવવાની કોશિશ પણ કરશે - એને બચાવીને બહાર પણ લઈ આવશે - અને પછી એની સાથે સુખેથી....

પણ સુખેથી એ રોઝી સાથે કઈ રીતે રહી શકશે? જો એની પાસે પૈસા નહીં હોય તો એ સુખેથી ક્યાંથી રહી શકશે? અને જો એની પાસે પૈસો હશે તો એની સામે સુખ દોડીને આવશે. જીમીના મગજમાં ફરી વિચાર પલટાયો અને એ ઘર તરફ જવા માટે ફર્યો ત્યાં જ વળી એની નજર સામે રોઝીની, નજર આવી. એને થયું કે, ભલે એ રોઝીને કજલીના હાથમાંથી ન બચાવે, પરંતુ એ જુએ તો ખરો કે, કજલી રોઝીનું શું કરે છે?

એટલે જીમી પાછો ગુફા તરફ વળ્યો અને ધીમે-ધીમે ગુફા આગળ વધ્યો.

પહેલું પગલું....

બીજું પગલું....

ત્રીજું પગલું....

ચોથું પગલું.... એ ઊભો રહ્યો. સામે ગુફા એનાથી લગભગ પાંચ પગલાં દૂર હતી.

એણે ગુફા તરફ પાંચમું પગલું ભર્યું....

છઠ્ઠું પગલું.... સાતમું પગલું.... આઠમું પગલું.... નવમું પગલું.... દશમું પગલું અને એ ગુફાના દરવાજા પાસે પહોંચી ગયો.

અને અગિયારમું પગલું એણે ભર્યું અને ગુફામાં પ્રવેશ્યો....

ગુફામાં એકદમ અંધારું હતું. જીમીએ આંખો ફાડીને કંઈક જોવાની કોશિશ કરી, પરંતુ એને કંઈ જ દેખાયું નહીં. હજુ પણ ઢોલનો ભયાનક અવાજ તો આવી જ રહ્યો હતો. જીમી એ અવાજ તરફ - જમણા હાથે દીવાલનો ટેકો લેતાં-લેતાં અંધારામાં જ આગળ વધવા લાગ્યો.

ડાબો-જમણો ડાબો-જમણો પગ આગળ વધારતો જીમી આગળ વધી રહ્યો હતો, છઠ્ઠા પગલે જીમીએ જમણો પગ આગળ વધાર્યો ત્યાં જ એ એક ચીસ પાડીને નીચે બેસી ગયો. સામે દીવાલ હતી પરંતુ અંધારું હોવાને કારણે એ જોઈ શક્યો નહોતો. એણે ઝડપથી આગળ વધારેલો જમણો પગ દીવાલ સાથે જોશથી અથડાયો હતો - બૂટ પહેર્યા હોવા છતાં - ગુફાની દીવાલનો અણીદાર પથ્થર એના પગને જોશથી વાગ્યો હતો અને એટલે એ ચીસ પાડીને બેસી ગયો હતો.

ઢોલનો અવાજ હવે ડાબી તરફ આવી રહ્યો હતો.

થોડીક વાર સુધી પગ પર હાથ મસળ્યા પછી જીમી ધીમેથી ઊભો થયો અને ડાબી તરફ જોયું - તો દૂર દૂર એને અજવાળું દેખાયું. એ તરફથી જ ઢોલનો ભયાનક અવાજ આવી રહ્યો હતો.

જીમી ઝડપી પગલે, પરંતુ સાચવી-સાચવીને સાવચેતીથી અજવાળા તરફ આગળ વધ્યો. એ ખૂબ જ સાવચેતીથી આગળ વધી રહ્યો હતો, જો સામેથી કજલી કે પછી કોઈક બીજું આવે અને પોતાને અહીં જુએ તો શું થાય? સારું તો ન જ થાય એની જીમીને ખાતરી હતી, પરંતુ રોઝીનો પ્રેમ અત્યારે એને આગળ ચલાવી રહ્યો હતો. એ અજવાળા પાસે પહોંચ્યો. ત્યાં જ એના કાને એક ભયાનક ચિચિયારી સંભળાઈ અને પછી બીજી ચિચિયારીઓ પણ એ ચિચિયારીઓ સાથે ભળી. જીમી ત્યાં જ ઊભો રહી ગયો. ઢોલનો અવાજ પણ હવે કાન ફાડી નાખે તેટલો જોરથી આવી રહ્યો હતો અને ચિચિયારીઓ સ્ત્રીઓની હોય એવું લાગતું હતું.

જીમીને આ ભયાનક ઢોલનો અવાજ અને ચિચિયારીઓ સાંભળીને થયું કે એ પાછો ફરી જાય. આગળ ન વધે, પરંતુ પછી એના પગ આપમેળે જ આગળ વધવા લાગ્યા.

ઢોલનો અને ચિચિયારીઓનો અવાજ હજુ પણ આવી રહ્યો હતો. સામે ડાબી અને જમણી બાજુ રસ્તા ફંટાતા હતા અને રસ્તાની ધાર પર મોટા-મોટા પથ્થરો પડ્યા હતા. ઢોલ અને ચિચિયારીઓનો અવાજ તેમ જ અજવાશ એ પથ્થરની પાછળથી જ આવતો હતો. જીમી સાવચેતીથી આગળ વધતો-વધતો એ પથ્થરો પાસે પહોંચ્યો અને પછી એણે ધીમેથી ડાબી બાજુ જોયું, ત્યાં કોઈ જ નહોતું. પથ્થરો પાછળથી અવાજો આવી રહ્યા હતા. જીમીએ જમણી બાજુ જોયું - ત્યાં પણ કોઈ દેખાયું નહીં. થોડેક દૂર એને બે પથ્થર વચ્ચે જગ્યા દેખાઈ - એ ધીમે-ધીમે એ પથ્થરો પાસે પહોંચ્યો અને ટૂંટિયું વાળીને એ જગ્યામાં ઘૂસી ગયો. હવે અહીં એને કોઈ છુપાયેલો જોઈ શકે એમ નહોતું. હવે એણે બે પથ્થર વચ્ચેની તિરાડમાંથી જે તરફથી અવાજ અને અજવાળું આવી રહ્યું હતું એ તરફ જોયું.

સામે નીચે એક ખૂબ જ મોટો હૉલ હતો, જે દીવાલો પર લાગેલી મશાલના અજવાળાથી ઝગમગી રહ્યો હતો, એક ઊંચા ચબૂતરા પર કાલીમાની ભયાનક અને રોબદાર મોટી મૂર્તિ ઊભી હતી. ને હૉલની વચમાં લગભગ વીસ ફૂટ ઊંચા એક રાક્ષસની મૂર્તિ ઊભી હતી જે બિલકુલ નગ્ન હતી. રાક્ષસના બે લાંબા દાંત હોઠની બહાર લટકી રહ્યા હતા અને એના પગ પાસે પૂજાની થાળમાં ફ્રૂટ અને નારિયેળ પણ પડ્યાં હતાં. દૂરના એક ખૂણામાં એક ખૂબ જ શક્તિશાળી અને કદરૂપી - નગ્ન સ્ત્રી જમીન પર મૂકેલા એક ખૂબ જ મોટા ઢોલને વગાડી રહી હતી. અચાનક એણે વધુ જોરથી ઢોલ વગાડવા માંડ્યા અને એ સાથે જ ઢોલના અવાજ પર નૃત્ય કરતી ચિચિયારીઓ પાડતી મંદિરની દેવીદાસીઓ ડાબી બાજુની ગુફામાંથી હૉલમાં આવવા લાગી. એ બધી સ્ત્રીઓ પણ નગ્ન હતી. એમનાં શરીર પર લોહી મસળેલું હોય એવું લાગતું હતું અને એમના જમણા હાથમાં ખંજર પણ હતાં.

ગુફામાંથી એક પછી એક લગભગ પચાસેક સ્ત્રીઓ અવાજ સાથે નૃત્ય કરતાં-કરતાં બહાર નીકળી ને એમણે રાક્ષસની મૂર્તિની આસપાસ ગોળાકારમાં નૃત્ય કરવાનું શરૂ કર્યું. ઢોલની દરેક ત્રીજી થાપે એ સ્ત્રીઓ પોતાનો ખંજરવાળો હાથ અધ્ધર કરતી હતી, અને કાળજું કંપાવી નાખે એવી ચીસો પાડતી હતી.

બે પથ્થરો વચ્ચે છુપાઈને બેઠેલા જીમીનું કાળજું પણ કંપી રહ્યું હતું. એણે નાચી રહેલી સ્ત્રીઓના ચહેરા પર નજર દેડાવી, પરંતુ એ ચહેરાઓમાં એને કજલીનો ચહેરો દેખાયો નહીં. એણે આખાય હૉલમાં પણ નજર દોડાવી, પરંતુ રોઝીનો પણ ક્યાંય ચહેરો જોવા મળ્યો નહીં.

તો પછી કજલી ક્યાં ગઈ? રોઝીનું શું થયું?

ઢોલનો ભયાનક અવાજ કાનના પડદાને ફાડી નાખે એટલો વધી ગયો. લોહીથી ખરડાયેલ સ્ત્રીઓનાં શરીર મશાલની આગના અજવાળામાં ચમકી રહ્યા. મોટા થતા જતા ઢોલના અવાજ સાથે સ્ત્રીઓની ચીસ પણ મોટી થતી જતી હતી. જીમી બેચેન નજરે કજલી અને રોઝી શોધી રહ્યો હતો, પરંતુ એ બેમાંથી કોઈ દેખાતું નહોતું.

જીમીએ ચબૂતરા પર જોયું જ્યાં દેવીમાની મૂર્તિ ખડી હતી. મૂર્તિના પગ પાસે, નીચે એક મોટો પથ્થર પડ્યો હતો, એ પથ્થર કાળો નહોતો પરંતુ લાલાશ પડતો હતો.

જીમીએ ત્યાંથી નજર જમણી તરફ ફેરવી અને ત્યાં જ એનું હૃદય ઊછળ્યું. જમણી બાજુની ખૂણાની ગુફામાંથી કજલી રોઝીને લઈને બહાર નીકળી રહી હતી. અત્યારે રોઝીના ચહેરા પર ગભરાટ ચોખ્ખો દેખાતો હતો જ્યારે કજલીના ચહેરા પર ન જોઈ શકાય એવી ભયાનકતા હતી. જીમીએ કજલી તરફથી નજર ખસેડી લીધી અને રોઝીના ચહેરાને જોયો - એના ચહેરા પર હવે ભયના ભાવ દોડી રહ્યા હતા. કજલીએ હજુ પણ એનો હાથ પકડી રાખ્યો હતો. રોઝી ફાટેલી આંખે સામેનું ભયાનક દશ્ય જોઈને ધ્રૂજી રહી હતી. એ આગળ વધતાં અટકી - એ અટકી એટલે કજલીએ પાછળ ફરીને જોયું - અને પછી ક્રૂર હાસ્ય હસતાં એ રોઝીને ઘસડવા લાગી. રોઝી કજલીના હાથમાંથી છટકવાનો પ્રયત્ન કરવા લાગી અને રોઝી જીમીના નામની બૂમો મારવા લાગી. જીમીના કાને રોઝીની આ બૂમો પહોંચી, પરંતુ જાણે એના શરીરમાં શક્તિ જ રહી નહોતી, એનું દિલ રોઝીને બચાવવા માટે કહી રહ્યું હતું, પરંતુ એનું શરીર એ માટે જાણે તૈયાર નહોતું.

ઢોલનો અવાજ વધુ જોરદાર અને ભયાનક થઈ ગયો. ઢોલમાંથી એમ વિચિત્ર પ્રકારનો અવાજ ગુંજ્યો. એ સાથે જ નૃત્ય કરી રહેલી દાસીઓમાંથી ચાર દાસીઓ કજલી અને રોઝી તરફ દોડી, અને ચીસો પાડતી - ચિલ્લાતી રોઝી કંઈ સમજે એ પહેલાં જ એ ચાર દાસીઓએ રોઝીનાં કપડાં ખેંચીને ફાડી કાઢી નાખ્યાં. રોઝી એમના હાથમાંથી છટકવા - પોતાના શરીરને ઢાંકવાનો નિષ્ફળ પ્રયાસ કરી હતી.

જીમી હજુ ત્યાં જ ફાટેલા ડોળે પોતાની સામે બની રહેલું દશ્ય જોઈ રહ્યો હતો.

બે દાસીઓએ ચીસો પાડતી, ચિલ્લાતી રોઝીના હાથ પકડ્યા અને બે દાસીઓએ રોજીના પગ પકડ્યા અને પછી એને ઉપર ઉઠાવી લીધી. પછી દાસીઓ નાચતી-નાચતી કાલીમાના પગ પાસે પડેલા લાલાશ પડતા પથ્થર પાસે પહોંચી. ચારેય દાસીઓએ પથ્થર પર રોઝીને લેટાવી અને બરાબર પકડી રાખી.

રોઝી હજી પણ છટકવા માટે ધમપછાડા કરી રહી હતી. એની આંખોમાં લાચારીનાં આંસુઓ પણ વહી રહ્યાં હતાં. કજલીએ દીવાલ પર લટકી રહેલા મોટાં તીર-કામઠાં લીધાં. પછી એણે રોઝીની આસપાસ નાચતાં-નાચતાં દશ ચક્કર પૂરાં કર્યાં અને પછી રોઝી પાસે આવીને એ રોકાઈ. એણે બન્ને હાથ ઉઠાવીને કાલીમાને પ્રણામ કર્યા અને પછી રોઝીની છાતી પર ધીમેથી તીર મૂક્યું. રોઝીએ એક ચીસ પાડી.

અને ઢોલ વાગતું બંધ થઈ ગયું. નૃત્ય કરી રહેલી ચિચિયારીઓ પાડી રહેતી દાસીઓ પણ પોતપોતાની જગ્યા પર રોકાઈ ગઈ.

કજલીએ તીર ઉઠાવીને રોઝીની છાતીનું નિશાન લીધું....અને જીમીએ આંખો બંધ કરી દીધી.

રોઝીની એક ભયાનક - મરણતોલ ચીસ ગુફામાં ગુંજી અને એ સાથે જ જીમીની બંધ આંખો ઊઘડી ગઈ.

કજલીનું તીર રોઝીની છાતીની આરપાર નીકળી ગયું હતું અને રોઝી તડપી રહી હતી. જીમીએ એ દશ્ય જોતાં જ પોતાનું મોઢું બીજી તરફ ફેરવી લીધું. એ પગથી માથા સુધી ધ્રૂજી રહ્યો હતો. વફાદાર અને પોતાને પ્રેમ કરનારી રોઝીના જીવનનું કેવું પરિણામ આવ્યું હતું? અત્યારે જીમીને લાગી રહ્યું હતું કે, રોઝીની છાતીમાં કજલીએ નહીં, પરંતુ એણે પોતે જ તીર આરપાર ભોંકી દીધું હોય.

એણે ત્રાસી નજર કરીને કાલીમાના પગ પાસેના પથ્થર તરફ જોયું. રોઝી હજુ પણ તડપી રહી હતી - તરફડી રહી હતી.

કજલીએ રોઝીનો જીવ નીકળવાની પણ વાટ ન જોઈ અને રોઝીની છાતીમાંથી તીર ખેંચી કાઢીને - છાતીમાં હાથ નાખી રોઝીનું ગરમ અને ધીમી ઝડપે ધડકી રહેલું દિલ બહાર ખેંચી કાઢ્યું. પછી એક વિચિત્ર નજર એ દિલ પર નાખી પછી એ દિલ લઈને આગળ વધી અને કાલીમાનાં ચરણોમાં એ દિલ મૂકી દીધું.

ચારેય દાસીઓ રોઝીની છાતીમાંથી ધોધની જેમ વહી રહેલું ખૂન ધક્કા-મુક્કી કરતી પી રહી હતી.

'મારી મા! તારી દાસીની આ ભેટ સ્વીકાર!' કજલીનો ભારે અને ભયાનક અવાજ ગુફામાં ગુંજ્યો અને એ સાથે જ ફરી ઢોલનો અવાજ પણ ગુંજવા લાગ્યો અને દાસીઓએ નાચવાનું અને ચિચિયારીઓ પાડવાનું શરૂ કરી દીધું.

કજલી રોઝી પાસે આવી એટલે લોહી પીવા માટે ધક્કામુક્કી કરી રહેલી ચારેય દાસીઓ એક બાજુ ઊભી રહી ગઈ. કજલીએ જમણા હાથમાં રોઝીનું લોહી લીધું અને પછી એને પોતાની છાતી પર મસળ્યું.

ભયાનક દશ્યો જોઈને - કજલીને રોઝીનું દિલ કાઢતી જોયા પછી - સ્ત્રીને તડપડી - તરફડતી અને શાંત થતી - મરી જતી જોઈને અત્યાર સુધી કાંપી રહેલા જીમીના મગજમાં અત્યારે જ હવે અહીંથી ભાગી જવાનો વિચાર આવ્યો અને હવે અહીંથી ભાગી જવામાં જ જીમીની સલામતી હતી. કારણ કે, કજલીએ એને ના પાડી હોવા છતાંય એ અહીં સુધી આવ્યો હતો, જો કજલી એને ત્યાં છુપાઈને બેઠેલો જોઈ જાય તો.... (ક્રમશઃ)■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गांडूळ | ઠંડક |
| गाठणे | મૃત્યુવશ |
| गारद | અળસિયું |
| गारवा | ગધેડો |
| गाढव | પહોંચવું |

## ઓળખાણ પડી?



મનુષ્ય જીવનમાં મહત્ત્વ ધરાવતા આરોગ્ય વિજ્ઞાનમાં અનન્ય કામગીરી કરનારાં ભારતીય મહિલાની ઓળખાણ પડી? તેમણે 'કોવિડ' વિશે પુસ્તક પણ લખ્યું છે.

અ) ઈન્દિરા હિન્દુજા બ) અસીમા ચેટરજી ક) ગગનદીપ કંગ ડ) કમલા સોહોની

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ર | ૨ વા | ણી | | ૩ એ | ક | ૪ લ | ૫ તા | |
| ક્ક | | ઢ | | ૬ જા | મ | | ૭ ગ | ર | ૮ ભ |
| ૯ ર | ૧૦ ત | વા | | ગ | | ૧૧ ખા | | ૧૨ ક | ણ |
| ૧૩ ખો | ર | | ૧૪ ઘ | ર | વ | ખ | ૧૫ રી | | કા |
| ૧૬ ર | કા | ૧૭ સ | | ણ | | | ૧૮ ત | મા | રા |
| | ૧૯ રી | વા | ૨૦ જ | | ૨૧ ઉ | ૨૨ જા | સ | | |
| ૨૩ પ | | ૨૪ ઈ | સ | ૨૫ પ | | ૨૬ પ | ર | ૨૭ ગા | ૨૮ મ |
| ૨૯ ડ | ૩૦ ર | | ૩૧ ત | ર | ૩૨ સા | | | ૩૩ મ | હા |
| ૩૪ છા | સ | | | ૩૫ સા | ર | | ૩૬ બ | | રા |
| થા | | ૩૭ અ | વ | ળ | સ | વ | ળ | | ણી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | | ૯ | | ૧૦ | | | |
| ૧૧ | | | | ૧૨ | ૧૩ | | ૧૪ | | |
| | | | | ૧૫ | | | | | |
| | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | | |
| | | ૨૩ | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | ૨૭ | | | | ૨૮ | | | |
| ૨૯ | | | | | ૩૦ | | | ૩૧ | |
| | | ૩૨ | | | | | | ૩૩ | |

### આડી ચાવી

૧. ઓળખાણ (૪)
૪. ચારે બાજુ (૫)
૮. આધાર (૩)
૧૦. --- જામવો એટલે મજા પડવી (૨)
૧૧. મને --- રાખો જી - મીરાંબાઈ (૩)
૧૨. કીર્તિ (૨)
૧૪. સેવમાં પણ, ભેળમાં પણ ભળે (૩)
૧૫. અંધારું (૩)
૧૬. ઉતાવળાપણું (૫)
૧૮. મામા મારીચનો ભાણેજ (૩)
૨૦. ભારત --- દેશ છે (૨)
૨૧. હઠીલું, અનાડી (૨)
૨૩. મારા દાદાના દીકરાના ભાઈ (૨)
૨૪. હળીમળી જાય એવો (૫)
૨૭. જપ, સતત યાદ કરવું તે (૩)
૨૮. જામેલું, પરિપૂર્ણ (૨)
૨૯. વીંધી નાખે એવું (૩)
૩૦. બધા મળીને જલસા કરે (૪)
૩૨. સ્નેહબંધન, હેડો (૩)
૩૩. પંચાત, માથાકૂટ (૨)

### ઊભી ચાવી

૧. ઓળખાણ (૪)
૨. સત્તાધીશ, શૂરવીર, ધૈર્યવાન (૫)
૩. જ્યારે (૨)
૫. ઝેર (૨)
૬. રિવાજ, રૂઢિ, પરંપરા (૩)
૭. રામ-લક્ષ્મણનું અપહરણ કર્યું (૫)
૯. સિનેમાનો પરદો (૫)
૧૩. સપનું (૩)
૧૬. 'હું'નું બહુવચન (૨)
૧૭. સત્તા (૪)
૧૯. વેચાણ ઉપરનું વળતર (૩)
૨૦. બે જણને લડાવવાની ચેષ્ટા (૫)
૨૨. ક્ષોભ, ગભરાટ, ગરબડ (૫)
૨૩. તોફાની (૪)
૨૫. 'તારવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૬. ગરદન (૨)
૩૧. કૂવામાંથી પાણી ખેંચવા જોઈએ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના સાસુની માતાની નણંદનો એક માત્ર પુત્ર એ સ્ત્રીને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકાજી બ) મામાજી ક) ફૂવાજી ડ) સસરાજી

## જાણવા જેવું

વડનું વૃક્ષ ઘેઘુર, ઘટાદાર હોય છે જેને કારણે ગામનાં પાદર, ચોક, કૂવાકાંઠે વિગેરે જગ્યા પર ખાસ વવાય છે. મોટા વડની ડાળીઓ પરથી નવાં મૂળ ફૂટે છે જે વડવાઈ કહેવાય છે. આ વડવાઇઓ અમુક સમયમાં વધતી વધતી જમીનમાં રોપાઇ જાય છે. ક્યારેક તો આને કારણે આ વૃક્ષને અનેક થડ હોય તેવું લાગે છે અને મૂળ થડ કયું તે ખબર પડતી નથી.

## સુડોકુ-૭૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૧ |
| ૫ | ૧ | | ૬ | | ૯ | | ૪ | ૩ |
| | ૯ | | | ૩ | | | ૬ | |
| ૬ | | | ૨ | | ૫ | | | ૪ |
| | | ૮ | | | | ૫ | | |
| ૯ | | | ૩ | | ૭ | | | ૨ |
| | ૬ | | | ૧ | | | ૨ | |
| ૧ | ૩ | | ૫ | | ૮ | | ૭ | ૬ |
| ૮ | | | | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ | ૫ | ૩ |
| ૭ | ૩ | ૯ | ૫ | ૨ | ૧ | ૬ | ૪ | ૮ |
| ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૪ | ૧ | ૫ |
| ૯ | ૮ | ૩ | ૪ | ૧ | ૫ | ૭ | ૬ | ૨ |
| ૩ | ૯ | ૮ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૬ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ | ૮ | ૭ |
| ૪ | ૫ | ૭ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૬ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં વાહન સંતાઈ બેઠું છે એ શોધી કાઢો
ના મળે અધિકાર કરે ત્યારે ગર્જના કરવી પડે.

## નોંધી રાખો

જીવનની પ્રત્યેક ક્ષણનું મહત્ત્વ સમજો અને સ્વીકારો.
એક ક્ષણ એવું થયું પાટા નીચે પડતું મૂકું, એક ક્ષણ ચૂક્યો અને પાટે ચડી ગઈ જિંદગી.

## માઈન્ડ ગેમ

ત્રણ અંકનો સૌથી મોટો પ્રાઈમ નંબર (એવો નંબર જેને પોતાના સિવાય બીજા કોઈ નંબર સાથે નિઃશેષ ભાગી શકાય) કહી શકશો?

અ) ૬૦૭ બ) ૯૯૯
ક) ૮૮૭ ડ) ૯૯૭

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| खाज | ખંજવાળ |
| खाट | ખાટલો |
| खांदा | ખભો |
| खाप | ચીરો |
| खाच | ખાંચો |

ગુજરાત મોરી મોરી રે
ભાઈ

ઓળખાણ પડી?
કનક રેલે

માઈન્ડ ગેમ
૩૦૬

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ખડ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશ દલાલ (૧૮) જ્યોત્સના ગાંધી (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જગદીશ ઠક્કર (૪૨) હિના દલાલ (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) હેમા હરીશ ભટ્ટ (૪૭) શિલ્પા શ્રોફ (૪૮) નિતિન બજરિયા (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૦) પુષ્પા ખોના (૫૧) નંદકિશોર સંજાણવાળા

# લાડકી

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# વિમેન્સ ટેનિસ ઍસોસિયેશન પ્રતિયોગિતાની પ્રથમ ભારતીય વિજેતાઃ સાનિયા મિર્ઝા

ટેનિસના ખેલમાં ભારતને ચંદ્રક અપાવનાર પ્રથમ મહિલા ખેલાડી અને ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં સ્થાન મેળવનાર સૌ પ્રથમ ભારતીય મહિલા ટેનિસ ખેલાડી... આ સિદ્ધિ હાંસલ કરનાર ખેલાડીને જાણતાં જ હશો !

એનું નામ સાનિયા મિર્ઝા... ભારતમાં ટેનિસના ખેલને લોકપ્રિય બનાવનાર પ્રેરકબળ. ટેનિસની રમતમાં ભારતને ગૌરવ અપાવવા બદલ સાનિયાને અનેક સન્માનોથી પુરસ્કૃત કરાઈ છે. વર્ષ ૨૦૦૪માં અર્જુન પુરસ્કાર, ૨૦૦૫માં વિમેન્સ ટેનિસ એસોસિયેશન -ડબ્લ્યૂટીએનો ન્યુકમર ઓફ ધ યર, ૨૦૦૬માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત, ૨૦૧૪માં તેલંગણાની બ્રાન્ડ એમ્બેસેડર, ૨૦૧૫માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડથી પુરસ્કૃત, અને ૨૦૧૬માં દેશના ત્રીજા સર્વોચ્ચ સન્માન પદ્મભૂષણથી સન્માનિત...

સાનિયાની ઝળહળતી સિદ્ધિઓ જોઈએ : ૨૦૦૪માં વિમેન્સ ટેનિસ એસોસિયેશન-ડબ્લ્યૂટીએનો ડબલ્સનો ખિતાબ જીત્યો, ૨૦૦૪માં છ ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન-આઈટીએફ સિંગલ્સ ખિતાબ જીત્યા, ૨૦૦૬માં ઓસ્ટ્રેલિયામાં આયોજિત ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં વિજેતા બનનાર પહેલી ભારતીય ખેલાડી, ૨૦૦૬માં દોહા એશિયાઈ ખેલોમાં ત્રણ ચંદ્રક જીતવાનો વિક્રમ, ૨૦૦૭માં ચાર ડબલ્સ ખિતાબ જીતવાનો વિકમ, ૨૦૦૯માં ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ્સમાં ડબલ્સનો ખિતાબ જીતી, ૨૦૧૩માં દુબઈ ચેમ્પિયનશિપ ડબલ્સ ખિતાબની વિજેતા, ૨૦૧૪માં પોર્ટુગલ ઓપન ડબલ્સ ખિતાબની વિજેતા, ૨૦૧૪માં યુએસ ઓપન મિક્સ ડબલ્સ ચેમ્પિયનશિપની વિજેતા, ૨૦૧૪માં દક્ષિણ કોરિયાના ઇંચિયોનમાં આયોજિત ૧૭મા એશિયાઈ ખેલોમાં સુવર્ણ ચંદ્રક અને કાંસ્ય ચંદ્રકની વિજેતા, ૨૦૧૫માં વિમેન્સ ટેનિસ એસોસિયેશન-ડબ્લ્યૂટીએની ડબલ્સની રેન્કિંગમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર પહેલી ભારતીય ખેલાડી, ૨૦૨૦માં હોબાર્ટ ઇન્ટરનેશનલ વિજેતા...

આ સાનિયા મિર્ઝાનો જન્મ મુંબઈમાં ૧૫ નવેમ્બર ૧૯૮૬ના હૈદરાબાદના મુસ્લિમ પરિવારમાં થયેલો. ઉછેર હૈદરાબાદમાં. માતા નસીમા મિર્ઝા મુદ્રણ વ્યવસાય સાથે સંકળાયેલી. પિતા ઇમરાન મિર્ઝા ખેલ પત્રકાર હતા. તેમણે પોતાની એક ખેલ સંબંધિત પત્રિકા ‘કોલ’ પણ પ્રકાશિત કરેલી. આગળ ઉપર ઇમરાન મિર્ઝાએ પ્રિન્ટિંગનો વ્યવસાય શરૂ કરેલો. મિર્ઝા પરિવાર આર્થિક રીતે સાધનસંપન્ન હતો. આવા સમૃદ્ધ કુટુંબમાં ઉછરેલી સાનિયાએ હૈદરાબાદ સ્થિત ખેરાતાબાદની નાસર શાળામાંથી પ્રાથમિક શિક્ષણ મેળવેલું. ત્યાર બાદ હૈદરાબાદની સેન્ટ મેરીઝ કોલેજમાંથી એ સ્નાતક થઈ. એ પછી ૧૧ ડિસેમ્બર ૨૦૦૮ના ચેન્નાઈની ડો. એમજીઆર એજ્યુકેશનલ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયૂટમાંથી ડોક્ટર ઓફ લેટર્સની માનદ ડિગ્રી મેળવી.

દરમિયાન, સાનિયાએ માત્ર છ વર્ષની કુમળી વયે ટેનિસ રમવાની શરૂઆત કરેલી. પિતા ઇમરાન પાસેથી તેણે ટેનિસ રમવાનું પ્રારંભિક પ્રશિક્ષણ મેળવેલું. પિતા ઈમરાને સાનિયાને ટેનિસના પ્રશિક્ષણ માટે હૈદરાબાદની નિઝામ ક્લબમાં દાખલ કરેલી. સાનિયાના ગુરુ ટેનિસ ખેલાડી મહેશ ભૂપતિના પિતા અને ભારતના સફળ ટેનિસ પ્લેયર સીકે ભૂપતિ હતા. જીવીકે ઇંડ્રસ્ટ્રીઝ અને અદીદાસે સાનિયા મિર્ઝાને એની બાર વર્ષની વયથી જ સ્પોન્સર કરવાનું શરૂ કરી દીધેલું. ત્યાર બાદ સાનિયાએ સિકંદરાબાદમાં ‘સિનેટ’ ટેનિસ અકાદમીમાંથી પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું. એ પછી સાનિયા અમેરિકાની ‘એસ. ટેનિસ અકાદમી’માં જોડાઈ.

ટેનિસની રમત રમવાનું સઘન પ્રશિક્ષણ લીધા પછી સાનિયા મિર્ઝા ખેલના મેદાનમાં ઊતરી. સાનિયાની જ્વલંત ટેનિસ કારકિર્દી પર એક નજર : વર્ષ ૧૯૯૯માં સાનિયાએ ઇન્ડોનેશિયાના જાકાર્તામાં વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને પોતાની પહેલી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ખેલનું પ્રદર્શન કર્યું. ત્યાર પછી ૨૦૦૨માં એશિયાઈ ખેલોમાં મિક્સ ડબલ્સ લિયેન્ડર પેસ સાથે જોડી જમાવીને કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ સાનિયાએ ટેનિસની રમતમાં આશ્ચર્યજનક સિદ્ધિઓ મેળવી. વર્ષ ૨૦૦૩માં તેણે આફ્રો-એશિયન ટેનિસ-સ્પર્ધાઓમાં ચાર સુવર્ણચંદ્રકો મેળવેલા. જેમાં મહિલા-ટેનિસનો એકલ ખિતાબ, મહેશ ભૂપતિ સાથેની ભાગીદારીમાં મિક્સ ડબલ્સનો ખિતાબ, મહિલા ડબલ્સમાં સર્વોચ્ચ વિજેતાનો ખિતાબ અને મહિલાઓની ટીમ-સ્પર્ધાનો સુવર્ણચંદ્રક- આ ચાર સુવર્ણચંદ્રકોનો સમાવેશ થાય છે. તે જ વર્ષે તેણે વિમ્બલ્ડન જુનિયર્સ ડબલ્સની સ્પર્ધામાં એલિસા ક્લોબાનોવાની ભાગીદારીમાં સર્વોચ્ચ સ્થાન અને સુવર્ણચંદ્રક હાંસલ કરેલો. ગ્રાન્ડ સ્લેમ શ્રેણીમાં ગણાતો આ ઇલકાબ હાંસલ કરનાર તે સૌથી નાની ઉંમરની ભારતીય ખેલાડી તથા પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે.



વર્ષ ૨૦૦૪માં હૈદરાબાદ ખાતે રમાયેલ ઓપન ડબલ્સની અંતિમ સ્પર્ધામાં લીઝેલ હ્યુબરની ભાગીદારીમાં તેણે વિજય હાંસલ કરેલો અને તે દ્વારા વિશ્વ ટેનિસ ઍસોસિયેશન દ્વારા આયોજિત સ્પર્ધામાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર તે નાનામાં નાની ઉંમરની અને સર્વપ્રથમ ભારતીય મહિલા-ખેલાડી બનેલી. વર્ષ ૨૦૦૫માં મહિલા-વર્ગમાં ઑસ્ટ્રેલિયન ઓપન એકલ ખિતાબની સ્પર્ધામાં તે ત્રીજા રાઉન્ડ સુધી પહોંચી શકેલી. તે જ વર્ષે, ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ હૈદરાબાદ ખાતે રમાયેલી ઓપન એકલ ટેનિસ-સ્પર્ધામાં અંતિમ પાળીમાં યુક્રેનની અલ્યોના બોન્ડારેન્કો નામની સશક્ત મહિલા-ખેલાડીને પરાજય આપી તેણે વિજય હાંસલ કરેલો. તેમ કરીને તે વિમેન્સ ટેનિસ ઍસોસિયેશન દ્વારા આયોજિત એકલ સ્પર્ધામાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર સર્વપ્રથમ ભારતીય મહિલા બનેલી. ૨૦૦૬ની દોહા એશિયન ગેમ્સમાં સાનિયાએ વિમન્સ સિંગલ્સ કેટેગરીમાં સિલ્વર અને લિએન્ડર પેસ સાથે મિક્સ્ડ ડબલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૦૦૯માં ઓસ્ટ્રેલિયન ઓપન ખાતેની મિક્સ્ડ ડબલ્સમાં મહેશ ભૂપતિ સાથે મેળવેલી જીત બાદ તે કોઇ પણ ગ્રાન્ડ સ્લેમ ઇવેન્ટ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની.

સાનિયાએ સિદ્ધિઓ મેળવવાની સાથે વિવાદોનો સામનો પણ કરવો પડેલો. ખાસ કરીને વસ્ત્રો બાબતે કોઈ મુલ્લાએ એક ફતવો બહાર પાડીને સાનિયાને એમ કહીને ચેતવણી આપેલી કે તેનો શોર્ટ સ્કર્ટનો પોશાક ઇસ્લામની આજ્ઞાઓ સાથે બંધબેસતો નથી પરંતુ જમિયત-ઉલેમા-એ-હિંદ તરફથી કહેવામાં આવ્યું કે કોઈના ખેલ પર પ્રતિબંધ લગાવી શકાય નહીં. એથી સાનિયાએ શોર્ટ સ્કર્ટમાં પોતાની રમત જારી રાખેલી.

સાનિયાએ યુવા ખેલાડીઓને સંદેશ આપતાં કહેલું કે, ‘આપણે ક્યારેય જીત અને હારની ચિંતા કે પરવા ન કરવી જોઈએ. કઠોર પરિશ્રમ કરવો જોઈએ. સફળતા આપોઆપ મળી જશે!’ ■

લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com



# જોજો, ફટાણાં વેવાણને ઉશ્કેરે નહીં...!

પેલી કહેવત છે ને કે ‘જાન બચી તો લાખો પાયે.’ પણ અહીં તો મારે વરરાજાની જાનને બચાવવાની છે. મારે તો એ જોવાનું છે કે વરરાજાને પરણાવ્યા વિના જાન લીલા તોરણે પાછી તો નથી વળતી ને? એક જમાનામાં ગામડાઓમાં તો ફટાણાં વગરનાં લગન એટલે ઘારી, ભૂસાં, ભજિયાં વિનાનો ચંદી પડવો, દૂધપૌંઆ વિનાની શરદની રાત, વરરાજા વિનાની જાન અમારા દક્ષિણ ગુજરાતમાં ઊંધિયું, ઊંબાડિયું, ઘારી, ભૂસું, ભજિયાં, લોચા-ખમણ વગરનો પ્રસંગ કલ્પવો પણ મુશ્કેલ.‘દેવું કરીને પણ ઘી પીવુ ’ એ કહેવત સાર્થક કરીને પણ લગ્નોમાં આ બધી વાનગીઓનો રસથાળ અને ફટાણાંઓનો સૂરથાળ હાજરાહજૂર હોય છે.

વરસો પહેલાં બળદગાડામાં બેસાડીને અમને અમારા બાપુજી દૂરના એક નાનકડા ગામડામાં લગ્ન પ્રસંગે લઈ ગયેલા. અમારું ગાડું હજી પાદરે પ્રવેશે, ત્યાં તો વરઘોડો આવી ગયો હતો. પાદર ઉપર ગાડે ગાડાં! ઘોડા ઉપર બેઠેલો વરરાજા માંડ માંડ બેલેન્સ જાળવવા મથી રહ્યો હતો. સાવ ખખડધજ મરિયલ ઘોડો તંદુરસ્ત વરરાજાનું વજન ઊંચકીને થાકી ગયેલો. વરરાજાના ફુઆજી -ફોઈ રિસાયેલાં. એમને મનાવીને, એમને જાતજાતની લાંચ આપી, કારભારીઓએ પૂરા બે કલાકે ગાડામાં બેસાડ્યાં. એ પછી ગાડાનાં પૈડાં નીચે ફોડવા મૂકેલ નાળિયેર રિસાયું. એણે ફૂટવાની ના પાડી દીધી.

ઘરની દુભાયેલી એક મંથરાએ વાંકું મોઢું કરી કહ્યું, ‘લો, પહેલે ધડાકે નાળિયેર ના ફૂટ્યું... હરિ... હરિ...! આ તો બહુ મોટા અપશુકન યાં. ખુદ ગણપતિ નારાજ થયા લાગે છે. અને મને તો લાગે છે કે કુળદેવી પણ દુભાયાં લાગે છે...! ’ બીજી પણ બોલી, ‘શાંતેકના સમયે પેલો અખંડ દીવો ઘી ઓછું પડતાં બંધ પડી ગયેલો ત્યારે જ મને તો થયેલું કે નક્કી આ સંઘ કાશીએ નથી પહોંચવાનો !, પણ આપણું તો કોઈ સાંભળે જ ક્યાં છે? હું આટલી લગ્ન કરાવવામાં ઍક્સપર્ટ! તો હો બહારની બીજીઓ જ ભાભીને હારી લાગે... તે પછી આવું જ થાય ને...? ઘરનાંને દાઝે એવું બહારનાને થોડું દાઝવાનું? ’ આટલું વિસ્ફોટક બોલ્યા પછી તો બે દુશ્મન દેશ સામસામે આવી ગયા અને પછી જેને જેને ઓછું આવેલું હતું, એ બધાએ બળતામાં ઘી હોમવા માંડ્યું. એક પક્ષવાળી બોલીઃ ‘હારા નો તો જમાનો જ નથી.’ ‘બીજીઃ આવા ઘરડા બળદિયા કંઈ ગાડે બાંધવાના હોય મારા ભાઈ? આના કરતાં તો ચાલતાં જલદી પહોંચી જતે.’ પાછળ ઊભેલીને ત્રીજા : ‘ભગવાને આટલો પૈહો (પૈસા) આપેલો છે, તો હો (પણ) કેટલી કરકસર! હેરમાંથી (શહેર) એક ચાર પૈડાંવાળી મોટર ગાડી કરાવતે તો વરરાજાનો વટ પડી જતે અને મોટર નીચે ફટાક દઈને નાળિયેર ફૂટી જતે... ગામ આખામાં પહેલ વહેલી કાર આવતે. પોયરાઓ જયકારો કરતે... ને પાછળ દોડવાની મજા લેતે તે નફામાં..!’

‘ચાલો, હવે બધા શોરબકોર ને લવારા ઓછા કરો. ’ એમ જરા મોટા અવાજે ગામના સરપંચે હાકોટો નાખીને લગભગ હુકમ જ કર્યો. એટલામાં વરરાજા હારુ નોંધાવેલો ઘોડો લઈને ગફૂરમિયાં આવ્યા ને વરરાજાને ફરી પાછું દહીં ખવડાવીને ગાડામાંથી ઉતારી ઘોડે ચડાવવામાં અને યુદ્ધ થાળે પાડીને બાજુના ગામે જાન લઈ જવામાં બે કલાક મોડા પડેલા.

મોડી આવેલી જાન ઉપર સામેના ગામના કારભારીઓ અને મંથરાઓ ખૂબ જ ક્રોધે ભરાયાં હતાં : ‘આવવા દો... વરપક્ષના છે, એટલે કંઈ મોડા આવવાનું? રસોઈ બગડી ગઈ તો નુકસાન કોણ ભરશે? બગડેલી રસોઈ જ જમાડી દેવાની. ભલે ઘરે જઈને બધાને દોડમદોડ થઈ જાય!’

રસ્તામાં બે વાર બેસી પડેલ ઘોડાને જેમ તેમ ગફૂરમિયાં કન્યાને પાદરે લઈ આવ્યા. દુશ્મનોને જોઈને કમાન્ડર જેમ હુકમ છોડે કે ‘તૂટી પડો’ અને ધનાધન ગોળી છૂટે તેમ એક કારભારણે મોટેથી હુકમ છોડ્યોઃ ‘ફટાણાં શરૂ કરો. બહેનો, તૂટી પડો... એકે એકને બરાબર ધોઈ નાખજો.!’

કન્યાપક્ષની દુભાયેલી કોકિલ કંઠીઓએ કાગકંઠમાં કર્કશ રીતે ગુસ્સો કાઢતાં મોટેથી આલાપ્યું : ‘જાનમાં તો આવ્યાં ખોટા, ઊંધા વાળો ઘરના લોટા, લાહરિયો જાન લાવ્યો, જાન લાવ્યો રે..’ હજી વરપક્ષવાળી ફટાણાંથી જવાબ આપે, તે પહેલાં જ ક્રોધે ચડેલી ચંડિકાઓએ બીજું કડવું ફટાણું ફટકાર્યુંઃ ‘જાનમાં તો આવ્યા બાવા, લાગે છે એ આવ્યા ખાવા...!’ ત્યાં ત્રીજીએ ઉપરાછાપરી શરૂ કર્યું... ત્યાં તો વરપક્ષના કારભારીઓ અને મંથરાઓએ એક થઈને યુદ્ધનાં મંડાણ કરી દીધાં. પછી તો એક એકથી ચડિયાતા ડિક્ષનરીના કુશબ્દો સામસામે અથડાયા અને ચકમક એવી ઝરી કે વરના બનેવીલાલે હાકોટો પાડી એલાન કર્યુંઃ ‘આપણા વરને તો હજાર કન્યા મળશે. પણ આવા અનપઢ અને ગંદા ફટાણાં ગાનાર સાથે નાતો બાંધવો નથી. જાનને આવતાવેંત અપાનારો ઉમળકો ને પીવા પાણી સુધ્ધાં નહીં ધરનારને ઘરે સગપણ કરશો, તો તમારી ખેર નથી! ’

કન્યાના ગામની કોકિલ કંઠીઓનું ગળું એકી ઝાટકે મ્યુટ થઈ ગયું. ત્યાં દીકરીનાં મા-બાપે આવીને વરરાજાનો તેમજ વેવાણનો હાથ પકડીને માફી માગી અને કોલ્ડ્રિંક્સની બાટલીઓ અને ચા-પાણી લઈને ગામના યુવાનો લળી લળીને વેવાઈપક્ષના મહાજનોને મનાવવા લાગ્યા. વરરાજાને આ અગાઉ પાંચ છોકરીઓએ નકારી નાખ્યો હતો એટલે માના કાનમાં એણે એવો વિલાપ કર્યો કે માએ જાહેર કર્યુંઃ ‘વહુ મારી દીકરીને સ્થાને છે. અમે વહુને વાજતે ગાજતે લઈ જશું !’

એ સાથે દીકરીનાં મા-બાપને સાતે કોઠે દીવા ઝળહળ થયાં. જાનૈયાને તો ખૂબ ભૂખ લાગી હતી એટલે પહેલાં જમણવાર અને પછી સાત ફેરાની માગ થઈ. કન્યાપક્ષે પણ દાળ- શાક બગડે એ પહેલાં પંગત પાડી દીધી.

ફટાણાં બંધ કરીને છેલ્લે, તને સાચવે સીતા સતી...’ ગાઈને લીલાં તોરણ સૂકાં થાય તે પહેલાં બન્ને પક્ષે યુદ્ધ વિરામ જાહેર થયો પછી અંદરથી હસતાં અને બહારથી ગ્લિસરીન આંસુ પાડતાં બધાએ સાથે ગાયુંઃ

‘તારો સાચો સગો છે પતિ, અખંડ સૌભાગ્યવતી!’ પછી તો દીકરી ને ગાય, દોરે ત્યાં જાય ની જેમ વગર બોલ્યે ચાલ્યે કન્યા વર પાછળ દોરાઈ ગઈ. પેલા બનેવીલાલ પણ ક્યાં જાય?

કોઈને સાસરા વગર કદી ફાવટ આવી છે ખરી ?! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આવેશભર્યા અહમનાં અર્થ - અનર્થ

બારમા ધોરણના બોર્ડની પરીક્ષાઓ માથે ગાજી રહી હતી. વિહાના ઘરની બિલકુલ સામે ગીરા અને ગરિમાનું ઘર આવેલું હતું. બન્ને ટ્વીન બહેન હાલ બોર્ડની તૈયારીઓ કરી રહી હતી. એમની સાથોસાથ ઘર આખું પરીક્ષાના ચક્રવ્યૂહમાં ચકરાવે ચડ્યું હતું. ઘરમાં બધાને જાણે ગીરા-ગરિમા સાથે પરીક્ષા આપવા જવાનું હોય એવું ટેન્શન ઘરના દરેકે દરેકના ચહેરા પર વર્તાતું રહેતું. નાની હતી ત્યારથી ગીરા-ગરિમા સાથે સારો એવો ઘરોબો ધરાવતી વાતોડી વિહાને હમણાથી એમના ઘેર આવવાની સારી ભાષામાં પણ, ચોખ્ખી ના પાડી દેવામાં આવેલી એટલે નવીસવી ટીનએજર બનેલી વિહાના અણસમજુ મનમાં ‘ઈગો’ નામના રાક્ષસે પહેલીવાર પ્રવેશ કર્યો.



આમ પણ, ટીનએજમાં જે કરવાની ના પાડવામાં આવી હોય એને સૌથી પહેલા કરવાનું મન થતું હોય છે. એમાં ‘મને કેમ ના પાડી?’નો છૂપો અહમ ભળ્યો એટલે વિહાએ ગીરા-ગરિમાના ઘેર નહીં જવાની કે એમને ના મળવાની વાતને એ રીતે લીધી કે હવે તો હું એમને મળીને જ રહીશ, પણ એમ મળવું કેમ? વિહાએ એમના ઘર પર વોચ રાખવાનું શરૂ કર્યું. મતલબ તો એટલો જ કે કોઈ ઘરમાં ના હોય એવા સમયે પોતે જલ્દી-જલ્દી ગીરા-ગરિમાને મળી પાછી આવી જાય. જોકે, પંદરેક દિવસ જેવું થવા આવ્યું તોય એવું તો બન્યું જ નહી કે એ બંન્ને ઘરમાં એકલા પડે ને વિહાબેન લપાતાં -છુપાતાં પોતાનું મિશન પૂરું કરી આવે.

જોકે, સામેના ઘર પર સતત જાસૂસી નજર રાખતી વિહાના ધ્યાને જે ચડ્યું એ એને થોડું વિસ્મયકારક લાગ્યું. રોજ સતત વાંચવાના બહાને અલગ રૂમમાં ભરાય રહેતી એ બન્ને બહેન ભણતી હોય એવું વિહાને લાગતું નહીં. એ લોકો દિવસ આખો ભણવા સિવાયનું બધું જ કરતા જોવા મળતા, જેમકે, ફોન પર કલાકો સુધી વાતો કરવી, બારીમાંથી બહારની અવર-જવર જોયા રાખવી, એકબીજા સાથે ભણવાના બહાને મજાક-મસ્તી કરતા રહેવી... આવું કરતા વિહાએ એ બન્ને ટ્વીનને સ્ટડીરૂમની બાલ્કની વાટે અનેકવાર જોયા હતા.

વિહાને થયું પોતે તો આટલી હિંમત નથી કરી શકતી કે ઘરમાં મમ્મી હાજર હોય તો પણ ભણે નહીં અને આ ગીરા-ગરિમાને તો જાણે કોઈની પડી જ નહોતી. એમને મારી જેમ ડર કેમ નહીં લાગતો હોય? વળી પાછાં ઘરમાં કોઈને ખબર પણ નથી પડવા દેતા કે એ ચોવીસ કલાક તો નથી જ ભણી રહ્યા? વિહાના મનમાં ચચરાટ ઊપડ્યો. એને કોઈપણ ભોગે ગીરા-ગરિમાને મળવું હતું. ઘરમાં ખ્યાલ ના રહે એ રીતે ભણવાનું કઈ રીતે જીવનમાંથી બાકાત કરી શકાય એનું રહસ્ય જાણવું જ રહ્યું એટલે હિંમત કરી પોતે આજે સામેના ઘેર પહોંચી ગઈ. ડોરબેલ વગાડતાં ગીરા-ગરિમાના દાદીએ દરવાજો ઉઘાડ્યો. સામે વિહાને ભાળી લગભગ વડચકુંભર્યા સ્વરે પૂછ્યું, ‘કેમ, શું છે તારે ?’ આવા તોછડા શબ્દો સાંભળી વિહાના પગ ત્યાંજ જડાય ગયા, છતાં પણ એણે હિંમત કરી પૂછી નાખ્યું, કંઈ નહીં.

‘ગીરા-ગરિમા છે?’ સામે હકારમાં જવાબ આવ્યો એટલે એણે ફરી હિંમત કરીઃ ‘મળી શકું?’ એટલું પૂછતાં તો અંદરથી એમની મમ્મીએ ઊંચા સ્વરે કહ્યું, ‘એ ના, તને કહ્યું તો છે કે હમણાં નહીં મળે. તો કેમ પૂછે છે? અને હું જોઉં છું તું સતત એમેને ડિસ્ટર્બ કરતી રહે છે. તારી મમ્મીને હું આમપણ આજે કહેવા આવવાની જ હતી. તારી જેમ મારી દીકરીઓ કંઈ નવરી નથી. ! ’ આ સાંભળી વિહાના મનમાં તરુણાવસ્થાના કારણે ધીમે-ધીમે મોટો આકાર લઈ રહેલો અહમનો બાટલો ફાટ્યો. પછી તો શું બાકી રહે. પોતે આટલા દિવસથી કરેલા એકોએક ઓબ્ઝર્વેશનનો ખજાનો એણે એકીશ્વાસે ખોલી નાખ્યો. તદ્દન ઉધ્ધતાઈભરી ભાષામાં વિહાબેને વાણી વિલાસ કર્યોઃ

‘તમે મને શું નવરી કહો છો. તમે ક્યારેય ઉપર જઈ જોયું છે, તમારી દીકરીઓ શું કરે છે? આખો દિવસ ફોનમાં પડી હોય છે.... કંઈ વાંચતી નથી. તમે શું મને સલાહ દેવા આવ્યા છો?!’ વિહાએ ઊંચા સ્વરે રાડો પાડી એટલે એની મમ્મી સહિત આસપાસના લોકો ત્યાં ભેગા થઈ ગયા.

એ જોઈ ગીરા-ગરિમાના દાદી-મમ્મીએ રીતસર વિહાનો ઉધડો લઈ નાખ્યો. એટલું જ નહીં, વિહાની મમ્મીને પણ સંભળાવ્યુંઃ ‘આવડી નાનકડી ટીંડોરા જેવડી છોકરીને ભાન નથી પડતી શું બોલવું જોઈએ...?’

જોકે, આ બધી બબાલમાં ગીરા-ગરિમાને એવું લાગ્યું કે વિહાએ એમની પોલ ખોલી નાખી. એણે મિત્રદ્રોહ કર્યો છે. હમણા સુધી બાલ્કનીમાંથી તમાશો જોઈ રહેલા એ બન્ને ફટાફટ નીચે ઊતરી આવ્યા અને ગીરા તો વિહાને લગભગ તમાચો મારવાની અણી સુધી પહોંચી ગઈ : તું અમારી ફ્રેન્ડ છો કે શું છો? અમારી આખો દિવસ જાસૂસી કરે છે? આજ પછી અમારા ઘેર આવતી નહીં. તારી અને અમારી ફ્રેન્ડશિપ ખત્મ...!’

વિહા તો રડું-રડું થઈ ગઈ. એને ખ્યાલ નહોતો કે અહમના આવેશમાં એનાથી બહુ મોટી ભૂલ થઈ ગયેલી. પોતે વિચાર્યું હતું એના કરતાં તદ્દન જુદું પરિણામ એની સામે આવી ઊભું રહ્યું. અહમના કારણે, સમજણના અભાવે,આત્મ-સમ્માનને લાગેલી ઠેસને પંપાળવા એનાથી પોતાના જ મિત્રોની બદબોઈ થઈ ગયેલી. એ પગ પછાડી ત્યાંથી ચાલી નીકળી તો ગીરા-ગરિમાએ પણ એને રોકી નહીં.

ઘેર આવતાવેંત સૌથી પહેલું કામ એણે ગીરા-ગરિમાના રૂમની બાલ્કની સામે પડતી પોતાના સ્ટડી રૂમની બારી સજ્જ બંધ કરવાનું કર્યું. સામે ઊભેલી મમ્મીને પકડી એ ચોધાર આંસુએ રોવા લાગી. તરુણાવસ્થાએ ઊગી રહેલા અહમની આડમાં ઘણા સંબંધ હોમાય જતાં હોય છે, જેનો પ્રથમ પરચો વિહાને આજે મળી ગયો હતો. ■

# બેકાબૂ બનેલી નેવીની સ્પીડ બોટના એન્જિનનું પરીક્ષણ થઇ રહ્યું હતું



મુંબઈ: ગેટવે ઓફ ઇન્ડિયાથી બુધવારે બપોરે પ્રવાસીઓને લઇ એલિફન્ટા જવા માટે નીકળેલી ફૅરી સાથે જે સ્પીડ બોટ અથડાઇ હતી તે નેવીની હોવાનું જાણવા મળ્યા બાદ નેવી દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે. નેવીની સ્પીડ બોટનું એન્જિન તાજેતરમાં બદલવામાં આવ્યું હતું અને બુધવારે એન્જિનનું પરીક્ષણ કરતી વખતે એન્જિન ખોટકાઈ ગયું હતું જેને કારણે નેવીની સ્પીડ બોટ બેકાબૂ બનતાં આ અકસ્માત સર્જાયો હતો.

આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં સ્પીડ બોટ પ્રથમ મોટો રાઉન્ડ માર્યા બાદ ફૅરી સાથે સામેથી અથડાતી નજરે પડે છે.

નીલકમલ નામની ફૅરીમાં પાંચ ક્રૂ સભ્યો સાથે પ્રવાસીઓ હતા અને ફૅરી ઉરણ નજીક કરંજા ખાતે સાંજે ચાર વાગ્યે પહોંચી ત્યારે સ્પીડ બોટ તેની ફરતે ફર્યા બાદ તેની સાથે અથડાઇ હતી. પરિણામે ફૅરી ઊંધી વળી ગઇ જતાં પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો.

નેવી, કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચીને બચાવ

(જુઓ પાનું ૪) ▸▸

> ભારતીય નૌકાદળના સ્પીડ બોટે નિયંત્રણ ગુમાવ્યું હોવાને કારણે આ દુર્ઘટના બની હતી. મૃતકોના પરિવારને રાજ્ય સરકાર તરફથી વળતર આપવામાં આવશે.
>
> **-મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ**

> ગેટવે ઑફ ઈન્ડિયાના દરિયામાં ભારતીય નૌકાદળની અને ફેરી બોટ વચ્ચે થયેલી ટક્કરમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે એ બહુ દુઃખદ ઘટના છે. મૃતકોના પરિવારોને મારી સાંત્વના. ગુમ થયેલા લોકોની શોધવા માટે નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ સહિતની સંપૂર્ણ યંત્રણા કામે લગાવવામાં આવી છે.
>
> **- સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ**

**આ એ જ સ્પીડ બોટ...:**
અકસ્માત માટે કારણભૂત નેવીની સ્પીડ બોટ અને (નીચે) બચાવી લેવાયેલા પ્રવાસીઓ. (પીટીઆઈ)



## ૧૫ મિનિટ તરતો રહ્યો ત્યારે...

મધદરિયે ફૅરી ઊંધી વળ્યા પછી મોતને હાથતાળી આપીને જીવ બચ્યાનો આનંદ અનુભવતાં એક સહેલાણીએ કહ્યું હતું કે હું ગેટવે ઑફ ઈન્ડિયાથી ૩.૩૦ વાગ્યે ફૅરીમાં બેઠો હતો. લગભગ ૧૦ કિલોમીટર સુધી પહોંચ્યા પછી એક સ્પીડ બોટ ફૅરી સાથે ટકરાઈ હતી. ફૅરી ચાલકને જાણે આ ટક્કરની ગંભીરતાનો અણસાર આવી ગયો હતો. તેણે અમને લાઈવ જૅકેટ પહેરવાની સલાહ આપી હતી. હું ફૅરીના ઉપરના ભાગમાં હતો. નીચે આવીને જૅકેટ પહેરું ત્યાં સુધીમાં તો આખી ફૅરીમાં પાણી ભરાવા લાગ્યું હતું. જોતજોતાંમાં ફૅરી ઊંધી વળી ત્યારે હું તેમાંથી બહાર નીકળી ગયો હતો. લગભગ ૧૫ મિનિટ સુધી પાણી પર તરતો રહ્યો ત્યારે બીજી બોટ મદદ માટે આવી હતી અને તે બોટમાં મને બચાવી લેવાયો હતો.

## ...એ અડધા કલાકનો ભયાવહ અનુભવ

દરિયામાં ઊંધી વળેલી ફૅરીમાં હાજર એક પ્રવાસીએ તેને થયેલો ભયાનક અનુભવ વર્ણવ્યો હતો. પ્રવાસીના કહેવા મુજબ ફૅરીમાં ૧૦૦થી વધુ લોકો હતા, જેમાં નાનાં બાળકોથી માંડી પરિવાર સાથે આવેલા લોકોનો સમાવેશ થતો હતો. ફૅરી સાથે સ્પીડ બૉટ ટકરાઈ ત્યારે શરૂઆતમાં અમને લાઈવ જૅકેટ અપાયાં નહોતાં. ફૅરીમાં પાણી ભરાવા લાગ્યું ત્યારે અમને જૅકેટ આપવામાં આવ્યાં. ફૅરી પાણીમાં ઊંધી વળી ગયા પછી લગભગ અડધા કલાકે રેસ્ક્યુ ટીમ પહોંચી હતી. સદ્નસીબે નજીકથી પસાર થનારી એક બોટ પંદર મિનિટમાં ફૅરી પાસે પહોંચી હતી. અડધા કલાક સુધી મોત સાથે ઝઝૂમ્યા પછી અમને ઉગારી લેવામાં આવ્યા હતા. સ્પીડ બોટમાં હાજર એક વ્યક્તિને પગમાં ગંભીર ઇજા થઈ હતી, જેને કારણે લોહીલુહાણ થઈ ગઈ હતી. એ વ્યક્તિને અમારી બોટમાં બચાવી લેવાઈ હતી.

# ખાતાની ફાળવણી ફાઈનલ, જાહેરાત બાકી

**શિંદેએ રાત્રે ફડણવીસને લિસ્ટ મોકલ્યું, પણ ગૃહ ભાજપને જ, શિવસેનાનું મહત્વનું ખાતું એનસીપીને?**

મુંબઈ: કેબિનેટ વિસ્તરણમાં શપથ લીધા બાદ ત્રણેય પક્ષોના ૪૨ પ્રધાનોના નામ પર મહોર લગાવવામાં આવી હતી. બે દિવસની રાહ જોયા બાદ ખાતાની ફાળવણી પણ નક્કી કરી નાખવામાં આવી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે રાત્રે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને શિવસેનાની યાદી સોંપી દીધી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે બપોરે એનસીપીની યાદી સોંપી દીધી હતી. હવે, ફડણવીસ રાજ્યપાલને કેબિનેટની સંપૂર્ણ ખાતાં આધારિત સૂચિ આપવાના છે.

## કોને ક્યું ખાતું?

એકનાથ શિંદેની આગેવાની હેઠળની છેલ્લી મહાયુતિ સરકારમાં મોટાભાગના ખાતાઓ જે-તે પક્ષ પાસે જ રહેશે. મુખ્યત્વે ગૃહ મંત્રાલય ભાજપ પાસે, નાણા મંત્રાલય એનસીપી પાસે અને નગર વિકાસ વિભાગ શિવસેના પાસે રહેશે. કેટલાક ખાતાની અદલાબદલીના સંકેતો મળી રહ્યા છે. શિવસેના પાસેથી એક્સાઇઝ ખાતું એનસીપી પાસે જાય તેવી શક્યતા

(જુઓ પાનું ૪) ▸▸

# યે અંદર કી બાત હૈ.. | કોણે અજિત પવારને ‘નૉટ રિચેબલ’ થવાની સલાહ આપી અને શા માટે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેબિનેટ વિસ્તરણમાં હાજરી આપનાર નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ત્યારપછી અચાનક ‘નોટ રિચેબલ’ થઈ ગયા હતા. ત્યારે એવી ચર્ચા શરૂ થઈ હતી કે અજિત પવાર કેબિનેટમાં ઓછા હિસ્સાને કારણે અને નાણાં ખાતું મેળવવાની કોઈ ગેરંટી ન મળવાને કારણે અચાનક નોટ રિચેબલ થઈ ગયા છે, પરંતુ હવે તેમના અચાનક ગાયબ થવા પાછળ વરિષ્ઠ નેતા છગન ભુજબળની નારાજગી હોવાનું જાણવા મળી રહ્યું છે. કેબિનેટમાં સ્થાન ન મળવાથી ભુજબળ ખૂબ નારાજ છે અને નાગપુરમાં વિધાનસભાનું સત્ર છોડીને નાશિક પાછા જતા રહ્યા છે.

છગન ભુજબળે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર સીધા નિશાન સાધવાનું શરૂ કર્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે છેવટ સુધી મારા નામનો આગ્રહ રાખ્યો હતો. ભાજપના પ્રદેશ અધ્યક્ષ

(જુઓ પાનું ૪) ▸▸

# ઉતાવળે કોઈ નિર્ણય નહીં, ઓબીસી નેતાઓને મળીશ: છગન ભુજબળ

નાશિક: મહારાષ્ટ્રના નવા પ્રધાનમંડળમાં સ્થાન ન મળતાં તેમના આગામી પગલાં અંગે અટકળો વચ્ચે, એનસીપીના નારાજ નેતા છગન ભુજબળે બુધવારે કહ્યું હતું કે, તેઓ ઉતાવળે કોઈ નિર્ણય લેશે નહીં.

તેમણે કહ્યું હતું કે, ‘સંભવિત ભાવિ પગલું’ મુંબઈમાં ઓબીસી નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી લેવામાં આવશે.

નાશિકમાં સમર્થકોને સંબોધતાં ભુજબળે ‘ઓબીસી સાથે અન્યાય’ સામે રસ્તા પર ઉતરીને લડવાની જાહેરાત કરી હતી.

દેવેન્દ્ર ફડણવીસની કેબિનેટમાંથી બાકાત રાખવામાં આવ્યા બાદ રવિવારથી નારાજ ભુજબળે ફરી એકવાર એનસીપીના વડા અજિત પવાર પર આને માટે તેમને જવાબદાર ઠેરવીને ટીકા કરી હતી.

‘હું એક કે બે દિવસમાં મુંબઈ જઈશ અને દેશ અને મહારાષ્ટ્રના ઓબીસી નેતાઓને મળીશ. તેમની સાથે ચર્ચા પછી (મારે) કદાચ

(જુઓ પાનું ૪) ▸▸

# મહિલા પર હુમલો કરનાર સોનેરી શિયાળ પાંજરે પુરાયું



મુંબઈ: મુંબઈના અણુશક્તિ નગર ખાતેના રહેણાક સંકુલમાં સોનેરી શિયાળે એક મહિલા પર હુમલો કર્યો હતો. બાદમાં બિનસરકારી સંસ્થાના નિષ્ણાતોએ વનવિભાગ સાથે સંયુક્ત રીતે શિયાળને પાંજરે પૂર્યું હતું.

અણુશક્તિ નગર ખાતેની બીએઆરસી કોલોનીમાં શિયાળે એક મહિલા પર હુમલો કર્યો હતો. જખમી મહિલાને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. મહિલા પર હુમલાની માહિતી મળતાં જ રેસ્કિંક ઍસોસિયેશન ફૉર વાઈલ્ડલાઈફ વેલ્ફેર (આરએડબ્લ્યુડબ્લ્યુ)ના નિષ્ણાતો જરૂરી સાધનો અને વાઈલ્ડલાઈફ એમ્બ્યુલન્સ સાથે સોસાયટીમાં પહોંચી ગયા હતા. વનવિભાગના અધિકારી સાથે સંયુક્ત રીતે શિયાળની શોધ ચલાવી તેને સુરક્ષિત રીતે પાંજરે પૂર્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. શિયાળને રેબિઝ હોવાનાં પ્રાથમિક લક્ષણો નજરે પડ્યાં હતાં. જોકે શિયાળને ખરેખર રેબિઝ છે કે નહીં એની ખાતરી કરવા માટે વનવિભાગ દ્વારા સૅમ્પલ લેવામાં આવશે. (પીટીઆઈ)■

## કુર્લા બસ અકસ્માત

# ડ્રાઇવરે નહોતો દારૂ પીધો કે નથી એને કોઇ માનસિક બીમારી

મુંબઈ: કુર્લા બેસ્ટ અકસ્માતમાં બસ ડ્રાઇવર સંજય મોરેના મેડિકલ ટેસ્ટમાં જાણવા મળ્યું હતું કે તેને કોઇ પણ પ્રકારની માનસિક બીમારી નથી તથા અકસ્માતના સમયે તેણે દારૂ પણ પીધો નહોતો, એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું. નવમી ડિસેમ્બરે કુર્લા વિસ્તારમાં બેસ્ટ દ્વારા ભાડેથી લેવામાં આવેલી ઇલેક્ટ્રિક બસ દ્વારા આઠ જણનો ભોગ લેવાયો હતો અને આ ઘટનામાં ૪૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

સંજય મોરે સામે બેદરકારી રીતે ડ્રાઇવિંગ કરવાનો તથા સદોષ મનુષ્યવધ હેઠળ ગુનો નોંધાયો છે. હાલમાં તે પોલીસ કસ્ટડીમાં છે.

આ કેસની સુનાવણી શરૂ થાય તે પહેલા સાયનની સુધરાઇની હૉસ્પિટલમાં તેની સાયકોલોજિકલ ટેસ્ટ કરવામાં આવી હતી જેથી તે માનસિક રીતે સ્વસ્થ છે કે નહીં તે જાણી શકાય, એમ કુર્લા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

મોરેના મેડિકલ ટેસ્ટના અહેવાલમાં તેની માનસિક સ્થિતિ સારી હોવાની તથા કોઇ પણ માનસિક બીમારી ન હોવાનું જણાયું હતું. આ સિવાય તેના બ્લડ ટેસ્ટ રિપોર્ટમાં અકસ્માત વખતે તેણે દારૂ પણ પીધો નહોવાનું જણાયું હતું. અગાઉ મોરેએ બસની બ્રેક ફેઇલ થઇ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ આરટીઓના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવતા બસની તમામ યંત્રણા બરાબર કામ કરી રહી હોવાનું જણાયું હતું. ■

**મુંબઈગરાઓ કપડાંની થેલી લઈને નીકળવાની આદત પાડી લો**

# નવા વર્ષે પ્લાસ્ટિકની થેલી સાથે પકડાયા તો ૫૦૦ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મુંબઈમાં પ્લાસ્ટિકની થેલીઓને કારણે વધતા પ્રદૂષણને કારણે પર્યાવરણને મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે. તેથી ૨૬ જુલાઈ, ૨૦૦૫ની પૂર જેવી પરિસ્થિતિને ટાળવા તથા પર્યાવરણનું સંરક્ષણ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ હવે બજારમાં પ્લાસ્ટિકની થેલીઓ વાપરવા પર પ્રતિબંધ મૂકવાની છે. તેથી દુકાનદાર સહિત ગ્રાહકોને પણ બજારમાં કપડાની થેલી જ વાપરવી પડવાની છે. જો દુકાનદાર અથવા ગ્રાહક પાસે પ્લાસ્ટિકની થેલી મળી આવી તો ૫૦૦ રૂપિયા સુધીનો દંડ ચૂકવવો પડશે. નવા વર્ષથી પાલિકા આ ઝુંબેશને વધુ આકરી બનાવવાની છે.

મુંબઈના નાગરિકો માટે પાલિકાએ ૯૧ માર્કેટ બનાવી છે, જેમાં માહિમની ગોપી ટૅંક માર્કેટ, દાદરની ક્રાંતિસિંહ નાના પાટીલ માર્કેટ, નળ બજારની મિર્ઝા ગાલિબ માર્કેટ, ગ્રાન્ટ રોડની લોકમાન્ય ટિળક માર્કેટ, ફોર્ટ પરિસરની મહાત્મા ફુલે ક્રાફર્ડ માર્કેટનો સમાવેશ થાય છે. પાલિકાની આ બજારનો વિકાસ કરતા સમયે આ ઠેકાણે પર્યાવરણનું સંવર્ધન કરવા માટે ઉપાયયોજના પણ અમલમાં મૂકવામાં આવવાની છે, જેમાં પર્યાવરણને નુકસાન પહોંચાડનારી પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધ મૂકીને પર્યાવરણને અનુરૂપ વસ્તુઓનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવવાનો છે.

### ૪૨ લાખનો દંડ વસૂલ

મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૨૪માં પ્લાસ્ટિક વિરુદ્ધ વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં કાર્યવાહીમાં ૪૪,૪૪૮ ઠેકાણે ઈન્સ્પેકશન કરવામાં આવ્યા હા. તેમાંથી ૮૩૩ પ્રકરણમાં ૩,૧૪૮ કિલો પ્લાસ્ટિક મળી આવ્યું હતું અને તેમાંથી ૪૧ લાખ ૭૦૧ હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. ■

### ભીના કચરામાંથી કમ્પોસ્ટ ખાતર

પાલિકાની બજારમાં દરરોજ હજારો મેટ્રિક ટન શાકભાજી તથા ફળો આવે છે. તેમાંથી સેંકડો ટન ભીનો કચરો નિર્માણ થાય છે. આ કચરો પાલિકાના ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવે છે. જોકે હવે ભીના કચરામાંથી કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવામાં આવવાનું છે. તે માટે આવશ્યક યંત્રણા નિર્માણ કરવામાં આવશે. તો સૂકા કચરાનો નિકાલ કરવા માટે પણ યંત્રણા ઊભી કરાશે. તેથી બજારમાંથી નીકળતા ભીના અને સૂકા કચરાની સમસ્યાનો અંત આવશે અને પાલિકાની માર્કેટમાં આવતી ગંદી વાસથી છૂટકારો મળશે.

### પૂર માટે પ્લાસ્ટિકની થેલી જવાબદાર હતી

મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫ના આવેલા વિનાશકારી પૂરને કારણે આખું મુંબઈ પાણીમાં ડૂબી ગયું હતું. આવો બનાવ ભવિષ્યમાં બને નહીં તે માટે ૨૦૦૬થી ‘બ્રિમસ્ટ્રોવૅડ’ પ્રોજેક્ટ અંતર્ગત પાલિકા જુદી જુદી ઉપાયયોજના અમલમાં લાવીને પાણી ભરાવવાના સ્થળ ઘટાડી રહી છે. ૨૬ જુલાઈ, ૨૦૦૫ના આવેલા પૂર માટે જોકે પ્લાસ્ટિકની થેલીઓને પણ જવાબદાર ગણવા આવી હતી. પ્લાસ્ટિકની થેલીઓ ગટરમાં અને વરસાદી પાણીનો નિકાલ કરનારી પાઈપલાઈનમાં ફસાઈ ગઈ હોવાને કારણે વરસાદી પાણીનો નિકાલ થઈ શક્યો નહોતો. તેથી પાલિકાએ મુંબઈને પ્લાસ્ટિક મુક્ત કરવા માટે મથી રહી છે. ■

# અમિત શાહની આંબેડકર પરની ટિપ્પણીથી ભાજપનો અહંકાર છતો થયો: ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ બુધવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર પરની કથિત ટિપ્પણી બદલ ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે આના પરથી ભાજપનો અહંકાર જોવા મળી રહ્યો છે અને તેમણે એવી માગણી કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમિત શાહ પર કાર્યવાહી કરવી જોઈએ.

ઉદ્ધવ ઠાકરેએ ભાજપ પર મહારાષ્ટ્રના આદરણીય વ્યક્તિત્વનું અપમાન કરવાનો અને રાજ્યનું મહત્વ ઘટાડવાનો આરોપ પણ લગાવ્યો હતો.

તેમણે ભાજપ પર મહારાષ્ટ્રના વારસા અને નેતાઓના મહત્ત્વને વ્યવસ્થિત રીતે ઘટાડવાનો આરોપ લગાવતા કહ્યું હતું કે, ‘છેલ્લા અઢીથી ત્રણ વર્ષથી, અને તે પહેલાં પણ, કેટલાક ભાજપના નેતાઓ મહારાષ્ટ્રના મહાનુભાવો અને દેવતાઓનું અપમાન કરી રહ્યા છે. આ અનાદર સહનશીલતાની બધી હદ વટાવી ગયો છે.’ એમ જણાવતાં તેમણે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીની મહાત્મા જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે અને છત્રપતિ શિવાજી મહારાજ પરની વિવાદાસ્પદ ટિપ્પણીઓનો ઉલ્લેખ કર્યો હતો અને આમ છતાં ભાજપ તેમની સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યો હોવાનો આરોપ પણ લગાવ્યો હતો.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, ‘હું કહું છું કે જેમણે ભાજપને ટેકો આપ્યો છે, શું તેમને આ સ્વીકાર્ય છે? તેમણે ગમે તેટલું ઉદ્ધત વર્તન કર્યું હોય, મને નથી લાગતું કે તેમને ઉપરથી કહેવામાં આવ્યું હશે. વડાપ્રધાન પાસે કોઈ માગણી કરનાર હું કોણ છું? શું થયું, શું તેઓ તેમની સામે પગલાં લેવા જઈ રહ્યા છે કે ખુદ વડાપ્રધાને અમિત શાહને આવું બોલવાનું કહ્યું હતું, એની તેમણે સ્પષ્ટતા કરવી જોઈએ’. ■

### અમિત શાહે શું કહ્યું હતું?

વિરોધીઓ પર પ્રહાર કરતા અમિત શાહે મંગળવારે રાજ્યસભામાં કહ્યું હતું કે, ‘આજકાલ આંબેડકર આંબેડકર આંબેડકર કહેવાની ફેશન બની ગઈ છે. જો તમે ભગવાનનું આટલું નામ લીધું હોત તો તમે સાત જન્મો માટે સ્વર્ગ મળતું હોત.’ આ નિવેદન બદલ વિપક્ષી પાર્ટીઓ અમિત શાહ પર પ્રહારો કરી રહી છે. જોકે, અમિત શાહે આના પછી એમ પણ કહ્યું હતું કે, ‘અમને ખુશી છે કે લોકો આંબેડકરનું નામ લે છે. તેમનું નામ ૧૦૦ વાર વધુ લો, પરંતુ હું તમને કહીશ કે આંબેડકરજી પ્રત્યે તમારી લાગણી શું છે.’ આંબેડકરજીએ દેશની પ્રથમ કેબિનેટમાંથી રાજીનામું આપવું પડ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે ‘હું અનુસૂચિત જાતિ અને જનજાતિ સાથેના ભેદભાવ સાથે અસંમત છું. હું વિદેશ નીતિ સાથે અસંમત છું. હું કલમ ૩૭૦ સાથે અસંમત છું. એટલા માટે તેઓ કેબિનેટ છોડવા માગતા હતા. તેમને આશ્વાસન આપવામાં આવ્યું હતું પરંતુ પાળવામાં આવ્યું ન હતું તેથી તેમણે રાજીનામું આપ્યું હતું.’ ■

## વિપક્ષનો વોકઆઉટ

નાગપુર: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાબાસાહેબ આંબેડકર પર કરેલી ટિપ્પણી પર ચર્ચા કરવાની મંજૂરી ન મળતાં બુધવારે વિપક્ષના સભ્યોએ મહારાષ્ટ્ર વિધાન પરિષદમાંથી વોકઆઉટ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે મંગળવારે રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન અમિત શાહની ટિપ્પણી દર્શાવે છે કે ભાજપ અને આરએસએસના નેતાઓ આંબેડકર પ્રત્યે ‘ઘણો દ્વેષભાવ’ ધરાવે છે અને તેમની પાસેથી માફીની માગણી કરી છે. બુધવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદની કાર્યવાહી શરૂ થઈ ત્યારે, વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ આંબેડકર પર અમિત શાહની ટિપ્પણી પર ચર્ચા કરવા માટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો.

જોકે, શાસક પક્ષોના સભ્યોએ શિવસેના (યુબીટી)ના નેતા દાનવેના પગલા સામે વાંધો ઉઠાવ્યો.

ઉપસભાપતિ નીલમ ગોરેએ કહ્યું કે સંસદમાં બનતી ઘટનાઓ પર રાજ્ય વિધાન પરિષદમાં ચર્ચા થઈ શકતી નથી અને ઉમેર્યું કે તેઓ (વિપક્ષના સભ્યો) આ બાબતે રાજકારણ કરી રહ્યા છે. વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ)ના સભ્યો ગૃહના મધ્યભાગે (વેલમાં) ભેગા થયા હતા.

તેમણે શાહની ટિપ્પણી પર ચર્ચાની માગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા અને પછી વોકઆઉટ કર્યું હતું. મંગળવારે રાજ્યસભામાં અમિત શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે પાર્ટીએ બંધારણને એક પરિવારની ‘ખાનગી જાગીર’ તરીકે ગણ્યું હતું અને સંસદ સાથે ‘છેતરપિંડી’ કરી હતી.

‘ભારતના બંધારણના ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા’ પર બે દિવસની ચર્ચાનું સમાપન કરતા, ભાજપના વરિષ્ઠ નેતાએ કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિનો આરોપ લગાવ્યો હતો અને એવો દાવો કર્યો કે પાર્ટી મુસ્લિમોને અનામત આપવા માટે ૫૦ ટકા ક્વોટા મર્યાદાનો ભંગ કરવા માગે છે. (પીટીઆઈ)■

# ૧૭ ગેરહાજર વિધાનસભ્યની પ્રસ્તાવ પર સહી કઈ રીતે? ઉદ્ધવ-સેના ભાસ્કર જાધવનો સવાલ: સ્પીકર પાસે સ્પષ્ટતાની માગણી

મુંબઈ: શાસક પક્ષના ઠરાવ ૨૯૩ પર ૮૬ વિધાનસભ્યોની સહી છે. હકીકત એ છે કે હસ્તાક્ષર કરનારા ૮૬ વિધાનસભ્યોમાંથી ૧૭ તો હજુ સુધી અધિવેશનમાં હાજર પણ નથી થયા. આ ગંભીર બાબત પર ઠાકરે જૂથના વિધાનસભ્ય ભાસ્કર જાધવે આંગળી ચીંધી છે. શિયાળુ સત્ર માટે આવ્યા ન હોવા છતાં ઠરાવ પર વિધાનસભ્યોના હસ્તાક્ષર કેવી રીતે થયા? એવો સવાલ કરી સ્પીકરે આ સવાલનો જવાબ આપવો જોઈએ એવી માંગણી ભાસ્કર જાધવે કરી હતી.

ભાસ્કર જાધવે વધુમાં જણાવ્યું હતું કે ’મેં આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે શાસક પક્ષે તેનો વિરોધ કર્યો હતો. મેં હાજરી પત્રક બહાર કાઢ્યા છે અને સાબિત કર્યું કે સત્રમાં ૧૭ સભ્યો ગેરહાજર હોવા છતાં દરખાસ્ત પર તેમના હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.’ ભાસ્કર જાધવે શાસક પક્ષ પર આ પ્રસ્તાવ પર નકલી હસ્તાક્ષરો કરવાનો આરોપ મૂક્યો છે. પ્રસ્તાવ વખતે જો વિધાન સભ્યો હાજર નહોતા તો સહી કરી કોણે? આ વાતનો ખુલાસો થવો જ જોઈએ એવી માંગણી ભાસ્કર જાધવે સ્પીકર પાસે કરી છે.

પ્રધાન મંડળના વિસ્તરણના બે દિવસ બાદ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ગુમ થયાની ચર્ચા હતી. અજિત પવારે નાગપુરમાં શિયાળુ સત્રમાં પણ ગેરહાજર હતા. ગળામાં દુખાવાની તકલીફ હોવાથી ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હોવાનું પક્ષે જણાવ્યું હતું. છગન ભુજબળના આક્રમક વલણને કારણે અજિત પવારે મીડિયાથી દૂર રહેવાનું પસંદ કર્યું હોવાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. જોકે, બુધવારે અજિત પવારે શિયાળુ સત્રમાં હાજરી આપી હતી. ■

# અશ્વિને થોડી ઉતાવળ કરી, હજી બે-ત્રણ વર્ષ રમી શક્યો હોતઃ હરભજન

## શાનદાર કારકિર્દી બદલ સ્પિન-લેજન્ડને સચિન, કોહલી, ગંભીર, પુજારા સહિત અનેકના અભિનંદન

બ્રિસ્બેનઃ ભારતના જ નહીં, પરંતુ સમગ્ર ક્રિકેટ જગતના મહાન સ્પિનરોમાં ગણાતા રવિચંદ્રન અશ્વિને અચાનક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ જાહેર કરીને બધાને ચોંકાવી દીધા છે. ૩૮ વર્ષના ઑફ સ્પિનર અશ્વિનને ઑસ્ટ્રેલિયા સામેની વર્તમાન સિરીઝમાં એક જ ટેસ્ટ રમવા મળી જેમાં તેણે ૫૩ રનમાં એક વિકેટ લીધી હતી. અશ્વિનના ઓચિંતા રિટાયરમેન્ટ વિશે કેટલાક ખ્યાતનામ ક્રિકેટરોએ પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. એમાં ખાસ કરીને સચિન તેન્ડુલકર, વિરાટ કોહલી, ગૌતમ ગંભીર, હરભજન સિંહ, ચેતેશ્વર પુજારાનો સમાવેશ છે.

અશ્વિને ટેસ્ટની ૧૩ વર્ષની શાનદાર કારકિર્દી દરમ્યાન ૧૦૬ મેચમાં કુલ ૨૭,૨૪૬ બૉલ ફેંક્યા હતા અને એમાં તેણે ૧૨,૮૯૧ રનના ખર્ચે કુલ ૫૩૭ વિકેટ લીધી હતી.

શ્રીલંકાના મુથૈયા મુરલીધરનની જેમ ટેસ્ટમાં ૧૧ વખત મૅન ઑફ ધ સિરીઝના અવૉર્ડનો વિશ્વવિક્રમ ધરાવનાર અશ્વિને ૩૭ વખત ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી હતી અને એ રીતે તે ટેસ્ટ વિશ્વમાં મુરલીધરન (૬૭ વખત) પછી બીજા નંબરે છે.

અશ્વિને ટેસ્ટમાં છ સદી સહિત કુલ ૩,૫૦૩ રન બનાવ્યા હતા. જેમાં ૧૪ હાફ સેન્ચુરી પણ સામેલ હતી અને ૧૨૪ રન તેનો હાઈએસ્ટ સ્કોર હતો. તેણે ટેસ્ટ-ક્રિકેટમાં કુલ ૨૩ સિક્સર અને ૩૯૯ ફોર ફટકારી હતી.

અશ્વિન ગઈ કાલે બ્રિસ્બેનના ડ્રેસિંગ રૂમમાં વિરાટ કોહલી તેમ જ અન્ય સાથીઓ વચ્ચે ભાવુક સ્થિતિમાં જોવા મળ્યો ત્યારે જ અંદાજ આવી ગયો હતો કે તે કંઈક મોટી જાહેરાત કરશે. પ્રેસ કોન્ફરન્સમાં કેપ્ટન રોહિત શર્માએ અશ્વિનની અપ્રતિમ ટેસ્ટ કારકિર્દીને ખૂબ બિરદાવી હતી અને તેને શાનદાર કરીઅર બદલ અભિનંદન આપ્યા હતા. અશ્વિને રોહિતની બાજુમાં બેસીને જ પત્રકારો સમક્ષ નિવૃત્તિની જાહેરાત કરી હતી અને પછી કોન્ફરન્સમાંથી રવાના થઈ ગયો હતો.

૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપ અને ૨૦૧૩ની ચેમ્પિયન્સ ટ્રોફીના વિજેતા ખેલાડી વિશે સચિન તેન્ડુલકરે એક્સ પર લખ્યું, 'કૅરમ બૉલના પરફેક્શનથી માંડીને મહત્ત્વના તબક્કે રન બનાવવા સહિત અશ્વિને હંમેશાં ટીમને જીતવા માટેનો માર્ગ શોધી આપ્યો હતો. અજમાયશ કરીને કંઈક નવું અને ઉચ્ચ-સ્તરનું શોધી કાઢીને ઉદાહરણ સ્થાપિત કરવું એ જ ખરી મહાનતા છે. અશ્વિન, ક્રિકેટમાં તું જે વારસો છોડી રહ્યો છે એ આવનારી પેઢીના દરેક જણ માટે પ્રેરણારૂપ બની રહેશે.'

વિરાટ કોહલીએ અશ્વિન સાથેની ૧૪ વર્ષની મેદાન પરની દોસ્તીની વાત કરતા એક્સ પર લખ્યું, 'હું ૧૪ વર્ષ તારી સાથે રમ્યો અને આજે જ્યારે તેં મને તારી નિવૃત્તિની વાત કરી ત્યારે હું ભાવુક થઈ ગયો હતો. તરત જ મને તારી સાથેના મેદાન પરના દિવસો યાદ આવી ગયા.'



### ટેસ્ટ વિશ્વના ટોચના ૧૦ બોલર

(૧) મુથૈયા મુરલીધરન, ૨૩૦ ઇનિંગ્સમાં ૮૦૦ વિકેટ
(૨) શેન વોર્ન, ૨૭૩ ઇનિંગ્સમાં ૭૦૮ વિકેટ
(૩) જેમ્સ એન્ડરસન, ૩૫૦ ઇનિંગ્સમાં ૭૦૪ વિકેટ
(૪) અનિલ કુંબલે, ૨૩૬ ઇનિંગ્સમાં ૬૧૯ વિકેટ
(૫) સ્ટુઅર્ટ બ્રોડ, ૩૦૯ ઇનિંગ્સમાં ૬૦૪ વિકેટ
(૬) ગ્લેન મૅકગ્રા, ૨૪૩ ઇનિંગ્સમાં ૫૬૩ વિકેટ
(૭) રવિચંદ્રન અશ્વિન, ૨૦૦ ઇનિંગ્સમાં ૫૩૭ વિકેટ
(૮) નેથન લાયન, ૨૪૬ ઇનિંગ્સમાં ૫૩૩ વિકેટ
(૯) કોર્ટની વોલ્શ, ૨૪૨ ઇનિંગ્સમાં ૫૧૯ વિકેટ
(૧૦) ડેલ સ્ટેન, ૧૭૧ ઇનિંગ્સમાં ૪૩૯ વિકેટ.



અશ્વિન સાથે હરભજન સિંહ (ભજ્જી) વર્ષો સુધી ઘણી મેચોમાં રમ્યો હતો. અશ્વિનના સાથી-સ્પિનર હરભજને પ્રતિક્રિયામાં કહ્યું કે 'મારા માટે અશ્વિનનો આ શૉકિંગ નિર્ણય છે. તેણે થોડી ઉતાવળ કરી એવું મને લાગે છે. આ સિરીઝમાં મેલબર્ન, સિડનીમાં તેને મોકો મળી શક્યો હોત. જોકે આ તેનો અંગત નિર્ણય છે અને આપણે એનું સન્માન કરવું જોઈએ. તેને શાનદાર કરિયર બદલ અભિનંદન.'

ભજ્જીએ એવું પણ કહ્યું કે 'અહીં બ્રિસબેનની પિચ પર કેવા બૉલ ફેંકવા જોઈએ અને હરીફ બૅટરને કેવી રીતે જાળમાં ફસાવી શકાય એવી બધી વાતો પર આજે સવારે જ અશ્વિન સાથે ચર્ચા થઈ હતી અને અમે એ બાબતમાં અવલોકન પણ કર્યું હતું અને હવે તેણે અચાનક જ નિવૃત્તિની જાહેરાત કરી દીધી. આના પરથી જોવાનું છે કે અશ્વિનમાં કારકિર્દીના છેલ્લા દિવસ સુધી કંઈક નવું જાણવાની, હરીફો સામે વ્યૂહ બનાવવાની કેટલી બધી ધગશ હતી. તેના નિર્ણયથી મને તો ખૂબ નવાઈ લાગી છે. તે હજી વધુ બે-ત્રણ વર્ષ રમી શક્યો હોત. ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ જેવા દેશોમાં જ્યાંની પિચ પર સ્પિનરને રમવાની ઓછી તક મળતી હોય તેને એવું લાગે કે મારે બેઠા રહીને શું કામ જગ્યા રોકવી, વગેરે. એવું બધુ વિચારીને તેણે કદાચ આ નિર્ણય લઈ લીધો હશે.'

હેડ-કોચ ગૌતમ ગંભીરે કહ્યું હતું કે 'આવનારી પેઢીના ખેલાડીઓ માટે અશ્વિનના પર્ફોર્મન્સીઝ અને તેની સિદ્ધિઓ હંમેશાં પ્રેરણારૂપ રહેશે.'

અજિંક્ય રહાણેએ અશ્વિનની ભવ્ય કારકિર્દીને ધ્યાનમાં રાખીને કહ્યું, 'અશ્વિનનો પ્રત્યેક બૉલ વિકેટ-ટેકિંગ બૉલ જેવો લાગતો હતો.'

ચેતેશ્વર પુજારાએ પણ અશ્વિનની શાનદાર કારકિર્દીને બિરદાવવાની સાથે તેના નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. પુજારાએ અશ્વિનને ભવ્ય કરિયર બદલ તેને અને તેના પરિવાર માટે કૉમેન્ટરી બૉક્સમાંથી અભિનંદન પાઠવ્યા હતા. પુજારાના મતે ભારતને મળેલા સ્પિન-લેજન્ડ્સમાં અશ્વિનનો સમાવેશ અચૂક થાય. બીસીસીઆઇના પ્રમુખ રોજર બિન્નીએ જણાવ્યું હતું કે 'અશ્વિનનું કૌશલ્ય વર્ષોથી ભારતીય ક્રિકેટની સફળતાની આધારશિલા બની રહ્યું. ક્રિકેટજગતના ગ્રેટેસ્ટ ઑફ-સ્પિનર્સમાં ગણાતા અશ્વિનની સિદ્ધિઓ ભારત માટે ગૌરવપૂર્ણ છે. યુવા ક્રિકેટરો માટે અશ્વિન એક પરફેક્ટ રોલ મૉડેલ છે.' ■

# દરેકનો સમય આવતો હોય, આજે મારો આવી ગયોઃ અશ્વિન

## સ્પિન-લેજન્ડ ક્રિકેટ રમવાની થોડીઘણી ક્ષમતા આઇપીએલમાં વાપરશે

બ્રિસ્બેનઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી બુધવારે તાત્કાલિક રીતે લાગુ પડે એ રીતે નિવૃત્તિ જાહેર કરીને સમગ્ર ક્રિકેટજગતને ચોંકાવી દેનાર મહાન ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિને બ્રિસ્બેનના ડ્રેસિંગ-રૂમમાં સાથી ખેલાડીઓને સંબોધતા કહ્યું, 'આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવામાં મેં ઘણી મોજ માણી. દોસ્તો, દરેકનો આવો સમય આવતો જ હોય છે, આજે મારો આવી ગયો.'

સ્પિન-લેજન્ડ અશ્વિને પત્રકારોને નિવૃત્તિની જાહેરાત વખતે એવું કહ્યું કે તેનામાં ક્રિકેટ રમવાની જે થોડીઘણી ક્ષમતા બાકી રહી છે એનો ઉપયોગ તે ક્લબ ક્રિકેટ (આઇપીએલ, વગેરે)માં રમવામાં વાપરશે.

### અશ્વિને રોહિતને કહેલું કે 'હવે ટીમમાં મારી જરૂર ન હોય તો...'

કેપ્ટન રોહિત શર્માએ પત્રકારોને કહ્યું, 'અશ્વિન થોડા સમયથી રિટાયરમેન્ટ લેવા વિશે વિચાર કરી જ રહ્યો હતો. અહીં ઑસ્ટ્રેલિયામાં પર્થની પ્રથમ ટેસ્ટ વખતે જ અમારી વચ્ચે એ મુદ્દે ચર્ચા થઈ હતી. તેનું એવું કહેવું હતું કે સિરીઝમાં જો તેની જરૂર હોય જ નહીં તો પણ તે ખેલાડી તરીકે આ રમતને (આંતરરાષ્ટ્રીય ક્રિકેટને) ગુડબાય કરી દેવા માગે છે.'

### ગાવસકરે અશ્વિનના નિવૃત્તિના 'ટાઇમિંગ'ની ટીકા કરી

મહાન ક્રિકેટર સુનીલ ગાવસકરે એક જાણીતી ચૅનલને કહ્યું કે 'અશ્વિને નિવૃત્તિ જાહેર કરવા સંબંધમાં ઑસ્ટ્રેલિયા સામેની વર્તમાન સિરીઝ પૂરી થવા સુધી રાહ જોવી જોઈતી હતી, કારણકે ભારતની આ શ્રેણીમાં જે સ્ક્વૉડ છે એમાંથી એક મેમ્બર તો ઓછો થઈ જ ગયોને! અશ્વિને કહેવું જોઈતું હતું કે હું આ શ્રેણી પછી ઉપલબ્ધ નહીં રહું. ૨૦૧૪માં ધોનીએ આવું જ કર્યું હતું. ત્યારે તેણે ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણીની ત્રીજી ટેસ્ટ બાદ નિવૃત્તિ લઈ લેતાં સ્ક્વૉડમાંથી એક ખેલાડી ઓછો થઈ ગયો હતો.'

### ઍશની ભવ્ય કારકિર્દી પર એક નજર...

**ટેસ્ટ કરીઅરઃ** ૧૦૬ ટેસ્ટ, ૨૦૦ ઇનિંગ્સ, ૨૭,૨૪૬ બૉલ ફેંક્યા, ૧૨,૮૯૧ રન આપ્યા, ૫૩૭ વિકેટ લીધી, ૭/૫૯ એક દાવમાં અને ૧૩/૧૪૦ એક ટેસ્ટમાં બેસ્ટ પર્ફોર્મન્સ, ૩૭ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ, આઠ વાર ટેસ્ટમાં ૧૦ કે વધુ વિકેટ, ૨૪.૦૦ બોલિંગ ઍવરેજ, ૨.૮૩ ઇકોનોમી રેટ, છ સદી સહિત કુલ ૬૪૨૩ બૉલમાં ૩૫૦૩ રન બનાવ્યા.


**વન-ડે કરીઅરઃ** ૧૧૬ મૅચ, ૬૩૦૩ બૉલમાં ૫૧૮૦ રનના ખર્ચે ૧૫૬ વિકેટ

**ટી-૨૦ કરીઅરઃ** ૬૫ મૅચ, ૧૪૫૨ બૉલમાં ૧૬૭૨ રનના ખર્ચે ૭૨ વિકેટ

**નોંધઃ** અશ્વિન સમગ્ર કારકિર્દીમાં કુલ ૧૭ મેન ઓફ ધ મેચ એવોર્ડ અને કુલ ૧૨ મેન ઓફ ધ સિરીઝ એવોર્ડ જીત્યો. ■

# ઈલોન મસ્ક અને સુંદર પિચાઈ કેમ બુમરાહ પર આફરીન થયા?





નવી દિલ્હીઃ અમદાવાદમાં રહેતો જસપ્રીત બુમરાહ અપ્રતિમ અને અસાધારણ બોલિંગને કારણે ટેસ્ટમાં વર્લ્ડ નંબર-વન તો છે જ, મંગળવારે તેણે આકાશદીપ સાથેની જોડીમાં ભારતને ફૉલો-ઑનથી બચાવીને બૅટિંગમાં પણ પોતાની કાબેલિયત ફરી એકવાર પુરવાર કરી હતી. તેનામાં રમૂજ વૃત્તિ પણ સારી છે એ તેણે એ દિવસે પત્રકાર પરિષદમાં સાબિત કર્યું હતું. બુમરાહના જવાબ પર ઈલોન મસ્ક અને સુંદર પિચાઈ પણ ખુશ થઈ ગયા હતા.

ભારતનો ટૉપ બૅટિંગ ઑર્ડર ફરી એક વાર બ્રિસબેન ટેસ્ટના પ્રથમ દાવમાં ફ્લૉપ ગયો.

કેએલ રાહુલ (૮૪ રન), રવીન્દ્ર જાડેજા (૭૭ રન), નીતીશ રેડ્ડી (૧૬ રન), બુમરાહ (અણનમ ૧૦ રન) અને આકાશ દીપ (૩૧ રન)ને બાદ કરતા બીજો કોઈ પણ બૅટર લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો.

પત્રકાર પરિષદમાં એક જર્નલિસ્ટે બુમરાહને પૂછ્યું કે 'તમે ભારતના બૅટિંગ પર્ફોર્મન્સ વિશે શું કહેશો? ભલે આ વિષયમાં તમને સવાલ પૂછ્વો ઠીક ન કહેવાય, પણ ટીમની પરિસ્થિતિ વિશે તમારું શું માનવું છે?'

બુમરાહે મંગળવારે આકાશ દીપ સાથેની જોડીમાં છેલ્લી વિકેટ સાચવી રાખીને અણનમ ૧૦ રન બનાવીને ભારતને ફૉલો-ઓનની નામોશીથી બચાવી લીધું હતું. એ પત્રકારનો ઈશારો બુમરાહના બેટિંગ કૌશલ્ય વિશે પણ હતો. બીજી રીતે કહીએ તો એ પત્રકારે બુમરાહની બૅટિંગ કુશળતા પર આડકતરી રીતે શંકા પણ વ્યક્ત કરી હતી. બુમરાહે જવાબમાં રમૂજ ફેલાવતા કહ્યું કે, તમે બહુ સારો સવાલ પૂછ્યો. જોકે તમે તો મારી બૅટિંગ તાકાત પર જ સવાલ ઉઠાવી રહ્યા છે. તમે ગૂગલ સર્ચ કરો અને ચેક કરો કે ટેસ્ટ ક્રિકેટમાં એક ઓવરમાં સૌથી વધુ રન કોણે બનાવ્યા છે.'

બુમરાહના જવાબથી બધા હસી પડ્યા હતા અને બુમરાહે કહ્યું કે 'મજાક એના સ્થાને છે, પરંતુ ટીમના બૅટિંગ પર્ફોર્મન્સનો વિષય સાવ જુદો છે.'

ઉલ્લેખનીય છે કે ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં એક ઓવરમાં સૌથી વધુ રન બનાવવાનો વર્લ્ડ રેકૉર્ડ જસપ્રીત બુમરાહવાળી વર્ષ ૨૦૨૨ની એક ઓવરના નામે જ છે. ઇંગ્લૅન્ડના સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં બુમરાહના ૨૯ રન સહિત કુલ ૩૫ રન બન્યા હતા. એ ઓવરના રનની વિગત આ મુજબ છે ૪, ૫ (વાઇડ), ૭ (૬+૧ નો બૉલ), ૪, ૪, ૪, ૬, ૧).

મંગળવારે ભારતની ૬૮મી ઓવર પૅટ કમિન્સે કરી હતી જેના પહેલા જ બૉલમાં બુમરાહે સિક્સર ફટકારી હતી.

ગૂગલના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર (સીઈઓ) સુંદર પિચાઈ ક્રિકેટ-ફેન છે. તેમણે એક્સ (અગાઉનું નામ ટ્વિટર) પર પ્રતિક્રિયામાં જણાવ્યું કે 'મેં ગૂગલ પર ચેક કર્યું. જે બૅટર પૅટ કમિન્સના બૉલમાં સિક્સર ફટકારી શકે તે બૅટિંગ કેવી રીતે કરવી એ તો સારી રીતે જાણતો જ હોય. વેલડન જસપ્રીત. તેં અને આકાશ દીપે સાથે મળીને ભારતને ફૉલો-ઑનની નામોશીમાંથી બચાવી લીધું.'

ટિવટરના માલિક ઈલોન મસ્કે માત્ર બાર મિનિટની અંદર સુંદર પિચાઈની એક્સ પરની પોસ્ટને 'નાઇસ' કહીને બિરદાવી હતી. ■

# અશ્વિન અને કુંબલેની નિવૃત્તિ વચ્ચેના અનોખા યોગ જાણવા જેવા છે...

## થોડી સમાનતાઓ ધોની અને અશ્વિન વચ્ચે પણ છે, જાણો કઈ-કઈ...





બ્રિસ્બેનમાં ગઈ કાલે ડ્રેસિંગ-રૂમમાં ભાવુક સ્થિતિમાં વિરાટને નિવૃત્તિનો નિર્ણય જણાવતો અશ્વિન. પછીથી રોહિત સાથે પત્રકાર પરિષદમાં જઈને તેણે જાહેરાત કરી હતી.

નવી દિલ્હીઃ ઑફ-સ્પિન ઑલરાઉન્ડર રવિચન્દ્રન અશ્વિન બુધવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયો. તે ટેસ્ટ-ક્રિકેટમાં ૫૦૦-પ્લસ વિકેટ લેનાર અનિલ કુંબલે પછીનો બીજો ભારતીય સ્પિનર છે. કુંબલેની ૬૧૯ વિકેટ સામે અશ્વિનની ૫૩૭ વિકેટ છે. તેમની આંતરરાષ્ટ્રીય નિવૃત્તિ વચ્ચે કેટલાક રસપ્રદ યોગાનુયોગ છે.

અશ્વિને બોર્ડર-ગાવસકર ટ્રોફી (બીજીટી)ની બ્રિસ્બેન ખાતેની ત્રીજી ટેસ્ટ ડ્રૉમાં પરિણમ્યા બાદ નિવૃત્તિ જાહેર કરી.

ઑલરાઉન્ડર મિચલ માર્શની વિકેટ ટેસ્ટમાં અશ્વિનની આખરી વિકેટ હતી.

ઉલ્લેખનીય છે કે લેગબ્રેક ગૂગલી માટે ખાસ ગણાતા લેજન્ડરી-સ્પિનર અનિલ કુંબલેએ પણ ૨૦૦૮માં ઑસ્ટ્રેલિયા સામેની બીજીટીની દિલ્હી ખાતેની ડ્રૉ નીવડેલી ત્રીજી ટેસ્ટ બાદ (આંગળીની ઈજાને પગલે) રિટાયરમેન્ટ લીધું હતું.

ફાસ્ટ બોલર મિચલ જૉન્સન ૨૦૦૮માં કુંબલેનો ટેસ્ટમાં અંતિમ શિકાર બન્યો હતો.

અશ્વિન ૩૮ વર્ષનો છે. કુંબલેએ ૨૦૦૮માં નિવૃત્તિ લીધી ત્યારે તે પણ ૩૮ વર્ષનો હતો.

અશ્વિન દક્ષિણ ભારતનો (તામિલનાડુના ચેન્નઈનો) છે. કુંબલે પણ સાઉથ ઇન્ડિયન (કર્ણાટકના બેન્ગલૂરુનો) છે.

અશ્વિન ટેસ્ટ-ક્રિકેટમાં કુલ ૧૦ વખત મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો. કુંબલે પણ (૧૯૯૦થી ૨૦૦૮ સુધીની) ૧૮ વર્ષની ટેસ્ટ-કરીઅરમાં ૧૦ વાર મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો.

કેટલીક સમાનતા અશ્વિન અને મહેન્દ્રસિંહ ધોની વચ્ચે પણ જોવા મળી છે. ધોનીએ ૨૦૧૪ની સાલમાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કરી હતી. ત્યારે તેણે પણ ડિસેમ્બર મહિનામાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝની મધ્યમાં (મેલબર્ન ટેસ્ટ બાદ) ટેસ્ટમાંથી અચાનક જ નિવૃત્તિ જાહેર કરી હતી. ત્યારે ભારતીય ટીમ ચાર મૅચની શ્રેણીમાં ૦-૨થી પાછળ હતી.

બુધવારે અશ્વિનની નિવૃત્તિની જાહેરાત પણ ઓચિંતી જ આવી. હાલની સિરીઝમાં ભારત-ઑસ્ટ્રેલિયા ૧-૧ની બરાબરીમાં છે અને બાકીની બે ટેસ્ટમાં વિજય મળશે તો જ ભારત ૩-૧થી શ્રેણી જીતશે અને ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ માટેનો દાવો મજબૂત કરી શકશે.


ટૂંકમાં, ઑસ્ટ્રેલિયામાં ભારતીય ખેલાડીઓ બહુ મોટા પડકારોનો સામનો કરતા હોય છે અને ધોની પછી અશ્વિને પણ નિવૃત્તિની જાહેરાત માટે ઑસ્ટ્રેલિયાની ધરતી પસંદ કરી. અનિલ કુંબલેએ ૨૦૦૮માં દિલ્હીમાં ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ દરમ્યાન નિવૃત્તિ જાહેર કરી ત્યારે ભારત ૧-૦થી આગળ હતું અને છેવટે ભારતે સિરીઝ ૨-૦થી જીતી લીધી હતી.

ધોની અને કુંબલે ભારતીય ટીમનું સુકાન સંભાળી ચૂક્યા છે, જ્યારે અશ્વિનને ક્યારેય કેપ્ટન્સી નહોતી સોંપાઈ. એમ છતાં, તેની (અશ્વિનની) ગેરહાજરી ભારતીય ટીમમાં ખૂબ વર્તાશે. હવે ૩૬ વર્ષના સ્પિન ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા પર મોટી જવાબદારી આવી પડશે. ■

# ક્યારેક ખેલાડી નિવૃત્તિ જાહેર કર્યા બાદ એ પાછી ખેંચી લેતો હોય છે, પરંતુ ભારતમાં એવું નથી બનતું

નવી દિલ્હી/બ્રિસ્બેનઃ ભારતના સ્પિન-લેજન્ડ્સમાં ગણાતા રવિચન્દ્રન અશ્વિને અચાનક જ નિવૃત્તિ જાહેર કરીને બધાને ચોંકાવી દીધા છે. જૂન, ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર અશ્વિન નવેમ્બર, ૨૦૧૧માં પહેલી વાર ટેસ્ટ રમ્યો હતો અને તાજેતરમાં ઍડિલેઇડમાં રમાયેલી પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટ તેની અંતિમ ટેસ્ટ બની છે. તેની ૧૪ વર્ષની કારકિર્દી પર પડદો તો પડી ગયો, પણ કોઈકના મનમાં સવાલ થતો હશે કે કોઈ ક્રિકેટર રિટાયરમેન્ટર જાહેર કર્યા બાદ એ જાહેરાત પાછી ખેંચીને ફરી રમવા આવી શકે કે નહીં? જોકે સામાન્ય રીતે ભારતના કિસ્સામાં આવું નથી બનતું હોતું. નિવૃત્તિ પાછી ન ખેંચી શકાય એ માટે કોઈ નિયમ તો નથી, પરંતુ ક્યારેક કેટલાક દેશના ખેલાડીઓમાં (ખાસ કરીને પાકિસ્તાનના પ્લેયર્સમાં) નિવૃત્તિ પાછી ખેંચી લેવાની ઘટના બની ચૂકી છે. ક્યારેક તો એક નહીં, પણ બે વાર જાહેરાત થયા પછી પણ ખેલાડી રમવા આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપમાં અશ્વિન રમ્યો હતો. પાકિસ્તાન સામેની મૅચમાં ભારતે છેલ્લા બૉલ પર જીતવા બે રન બનાવવાના હતા. અશ્વિન સ્ટ્રાઇક પર હતો અને મોહમ્મદ નવાઝ બોલિંગમાં હતો. નવાઝનો બૉલ લેગ સ્ટમ્પની બહાર પડ્યો, પણ એ વાઇડ બૉલ હતો. ત્યાર પછીના બૉલમાં અશ્વિને ભારતને જિતાડી દીધું હતું. ત્યારે અશ્વિને કહેલું કે 'જો એ બૉલમાં હું ભારતને ન જિતાડી શક્યો હોત તો મેં સંન્યાસ જ લઈ લીધો હોત. નવાઝનો બૉલ ટર્ન થઈને મારા પૅડને વાગ્યો હોત તો અને મેં વિકેટ ગુમાવી દીધી હોત તો ત્યાર બાદ હું ડ્રેસિંગ-રૂમમાં ગયો હોત અને ટ્વિટર પર મારું અકાઉન્ટ ખોલીને ટવીટ કર્યું હોત કે ખૂબ ખૂબ ધન્યવાદ, મારી ક્રિકેટ-કરીઅર શાનદાર રહી.'




અશ્વિનની કરીઅરના જાદુઈ આંકડા પર પ્રકાશ પાડતી બીસીસીઆઇની પોસ્ટ

હવે અશ્વિને ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસમાં અધવચ્ચે જ રિટાયરમેન્ટ જાહેર કરીને બધાને સ્તબ્ધ કરી દીધા છે. અશ્વિને ઓચિંતી જ જાહેરાત કરી દીધી એટલે તેને ફેરવેલ મૅચનો પણ મોકો પણ ન મળ્યો.

હવે સવાલ એ છે કે કોઈ પ્લેયર સંન્યાસ લઈને એને પાછો ખેંચી શકે? તો જણાવી દઈએ કે કોઈ પણ ખેલાડી રિટાયરમેન્ટ જાહેર કર્યા પછી યુ-ટર્ન લઈ શકે છે. તાજેતરમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ પહેલાં રોહિત શર્માએ એક જાણીતી ઍપ પર કહ્યું હતું કે 'આજના સમયમાં સંન્યાસ વર્લ્ડ ક્રિકેટમાં મજાક બનીને રહી ગયો છે. લોકો સંન્યાસ જાહેર કરે છે, પણ પછી પાછા રમવા આવી જાય છે. જોકે ભારતમાં આવું નથી બન્યું. હું અન્ય કેટલાક દેશોના ખેલાડીઓ વિશે મેં જોયું છે કે તેઓ સંન્યાસ લઈ લીધા પછી યુ-ટર્ન લઈ લેતા હોય છે.' ■

# ઘાટકોપર જૉલી જિમખાના આયોજિત જેપીએલ ટી-૧૦ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં રાજેશ રૉયલ્સ વિજયી



ચૅમ્પિયન અને રનર-અપ ટીમ સાથે સેક્રેટરી મુકેશભાઈ બદાણી, ટ્રેઝરર બળવંતભાઈ સંઘરાજકા, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર નલીનભાઈ મહેતા, ક્રિકેટ ઇન્ચાર્જ નીશીથભાઈ ગોળવાલા, કન્વીનર મથુરાદાસ ભાનુશાલી, સ્પૉન્સર્સ જીતુભાઈ મહેતા, મંથન મહેતા, નિમીત મહેતા, મૅનેજિંગ કમિટીના સભ્યો સંજયભાઈ રૂપાણી, સંજયભાઈ મુછાળા, જયેશભાઈ વોરા તેમ જ ક્રિકેટ સબ-કમિટીના મેમ્બર્સ.

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા યોજાતી ધમાકેદાર જેપીએલ ટી-૧૦ ક્રિકેટ ટૂર્નામેન્ટની ૧૪મી સીઝનમાં રાજેશ કેબલ નેટવર્કની ટીમ રાજેશ રૉયલ્સે ૩૨ રનથી વિજય મેળવ્યો હતો.

રાજેશ રૉયલ્સે પ્રથમ બૅટિંગ કરતા રુષભ રૂપાણીના ૩૭ રન તથા વિરલ શાહના ૪૦ રનના મહત્ત્વના યોગદાન થકી ૧૨૨ રનનો જુમલો ખડક્યો હતો. જેના જવાબમાં 'ચાઇ ગરમ' ટીમ ૯૦ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. એમાં રુષભ રૂપાણીએ ત્રણ વિકેટ મેળવીને વિજયનો પાયો બાંધ્યો હતો.

ટૂર્નામેન્ટના અંતે ટ્રસ્ટી સેક્રેટરી મુકેશભાઈ બદાણી, ટ્રસ્ટી ટ્રેઝરર બળવંતભાઈ સંઘરાજકા, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર નલીનભાઈ મહેતા, ક્રિકેટ ઇન્ચાર્જ અને મૅનેજિંગ કમિટીના મેમ્બર નીશીથભાઈ ગોળવાલા, તેમ જ મૅનેજિંગ કમિટીના સભ્યો સંજયભાઈ રૂપાણી તથા સંજયભાઈ મુછાળા, જયેશભાઈ વોરા તેમ જ ટૂર્નામેન્ટના સ્પૉન્સર જીતુભાઈ મહેતા, મંથન મહેતા, નિમીત મહેતા અને ક્રિકેટ સબ-કમિટીના કન્વીનર મથુરાદાસ ભાનુશાલીના હસ્તે નીચે જણાવ્યા મુજબની ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતીઃ

બેસ્ટ બૅટરઃ દર્શન રેલાન (૧૧૫ રન), બેસ્ટ બોલરઃ રુષભ રૂપાણી (આઠ વિકેટ), પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટઃ સમર્થ પટેલ (૧૪૨ રન, ત્રણ વિકેટ).

મૅનેજિંગ કમિટીએ નક્કી કર્યું છે કે આવી ટૂર્નામેન્ટ વર્ષમાં બે વખત યોજવામાં આવશે જેથી કરીને દરેક જિમખાનાના ખેલાડીઓને આગળ આવવાનો મોકો મળે. ■

# વિદેશી ફંડોની એકધારી વેચાવાલીને કારણે સતત ત્રીજા સત્રમાં પીછેહઠ, નિફ્ટી ૨૪,૨૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી બુધવારે સતત ત્રીજા સત્ર માટે બેકફૂટ પર રહ્યા હતા, કારણ કે વિદેશી ભંડોળના એકધારા બાહ્યપ્રવાહ વચ્ચે રોકાણકારોએ યુટિલિટી, કેપિટલ ગુડ્સ અને મેટલ સ્ટોક્સ ઓફલોડ કર્યા હતા. અમેરિકાની ફેડરલ રિઝર્વ ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે એ અપેક્ષિત અને ડિસ્કાઉન્ટ થઇ ગયેલું ફેકટર હોવા છતાં ફેડરલની આગામી મહિનાઓ માટેની કોમેન્ટ્રી અને સ્ટાન્સ અંગેની આતુરતા વચ્ચે બજારમાં સાવચેતીનું માનસ રહ્યું હતું.

બીએસઇનો ત્રીસ શેર ધરાવતો બેન્ચમાર્ક સેન્સેક્સ સતત ત્રીજા દિવસની પીછેહઠમાં ૫૦૨.૨૫ પોઇન્ટ અથવા ૦.૬૨ ટકા ઘટીને ૮૦,૧૮૨.૨૦ પોઈન્ટ પર સેટલ થઈ ગયો હતો, જે ત્રીજા દિવસે તેના ડાઉનટ્રેન્ડને લઈ ગયો હતો. દિવસ દરમિયાન તે ૬૩૪.૩૮ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૮૦,૦૫૦.૦૭ પોઈન્ટ સુધી નીચે આવી ગયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૩૭.૧૫ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૨૪,૧૯૮.૮૫ પોઈન્ટની સપાટી પર આવી ગયો છે.

નજીકની ગાળાની બજારની રચના નબળી પડી છે, જેમાં એફઆઇઆઇએ ઉછાળે વેચવાલીની નીતિ અપનાવી છે. મંગળવારે કેશ માર્કેટમાં એફઆઇઆઇની રૂ. ૬,૪૧૦ કરોડની જંગી વેચવાલીનો આંકડો દર્શાવે છે કે બજારના બાઉન્સ સામે વિદેશી ફંડો વધુ વેચવાલી માટે તૈયાર છે, એમ જણાવતાં જિયોજિતના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ, વીકે વિજયકુમારે કહ્યું હતું કે વૈશ્વિક બજારોનું ધ્યાન બુધવારે રાત્રે અપેક્ષિત ફેડરલના નિર્ણય પર મંડાયેલું રહ્યું છે.

ટાટા મોટર્સ, પાવર ગ્રીડ, એનટપીસી, અદાણી પોર્ટ્સ, જેએસડબલ્યુ સ્ટીલ, આઇસીઆઇસીઆઇ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો અને બજાજ ફાઇનાન્સ ટોપ લુઝર્સ હતા. તેનાથી વિપરીત, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટેક મહિન્દ્રા અને એચસીએલ ટેક્નોલોજીસ ટોપ ગેઇનર્સ હતા. આ સપ્તાહે નવ કંપની આઇપીઓ મારફત રૂ. ૩,૫૦૦ કરોડ એકત્ર કરશે. કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ લિમિટેડ, પાવર સેકટરની કંપની ટ્રાન્સરેલ લાઈટિંગ લિમિટેડ, ડેમ કેપિટલ એડવાઈસર લિમિટેડ અને સનાથન ટેકસટાઇલ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. યુનિકેમ એરોસ્પેસ લિમિટેડનો રૂ. ૫૦૦ કરોડના બુક બિલ્ટ ઇશ્યુ ૨૩મી ડિસેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૬મીએ બંધ થશે. આ ઈશ્યુ રૂ. ૨૫૦ કરોડના ૦.૩૨ કરોડ શેરના વેચાણની ઓફરનું સંયોજન છે. શેરની ફાળવણી ૨૭મીએ અને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટિંગ ૩૧મીએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૪૫થી રૂ. ૭૮૫ પ્રતિ શેર છે.

એ જ રીતે મેઇનબોર્ડ પર સેનોરેસ ફાર્માસ્યુટિકલ્સનો રૂ. ૫૮૨.૧૧ કરોડનો બુક બિલ્ટ આઈપીઓ ૨૦મીએ ખૂલશે અને ૨૪મીએ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૩૭૨થી રૂ. ૩૯૧ પર સેટ છે. આ ઇશ્યૂ રૂ. ૫૦૦ કરોડના ફ્રેશ ઇશ્યૂ અને કુલ ૦.૨૧ કરોડ શેરના વેચાણની ઓફરનું સંયોજન છે. શેરની ફાળવણી ૨૬મીએ અને લિસ્ટિંગ ૩૦મીએ થશે.

આ સપ્તાહે અનેક કંપનીઓનું લિસ્ટિંગ પણ થઇ રહ્યું છે. બુધવારે માર્કેટનો માહોલ ડહોળાયેલા રહ્યો હોવા છતાં વન મોબિક્વીક સિસ્ટમ્સ ૫૮ ટકાના પ્રીમિયમ સાથે, સાઇ લાઇફ સાયન્સ ૨૦ ટકાના અને વિશાલ મેગા માર્ટ ૪૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

બીએસઇએ સોલારિયમ ગ્રીન એનર્જી લિમિટેડના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે નાણાં ભંડોળ એકત્ર કરવા કંપની પંચાવન લાખ ઇક્વિટી શેર સાથે મૂડીબજારમાં પ્રવેશવાની યોજના ધરાવે છે. વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડ પ્રવેશ કરશે અને કેરારો ઇન્ડિયા લિમિટેડ ૨૦ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે.

આઈડીએફસી ફર્સ્ટ પ્રાઇવેટ બેન્કિંગ અને હુરુન ઇન્ડિયાએ હાથ ધરેલા અભ્યાસ અનુસાર ઈન્ડિયાઝ ટોપ ૨૦૦ સેલ્ફ મેડ આંત્રપ્રિન્યોર ઓફ ધ મિલેનીયા ૨૦૨૪માં ૨૦૦ કંપનીના ૩૮૮ સ્થાપકોએ સ્તાન મેળવ્યું છે આ બધી કંપનીઓનું કુલ મૂલ્ય રૂ. ૩૬ લાખ કરોડ સુધી પહોંચી છે, જે ૨૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આમાનાં ૫૦ ટકા ઈજનેર ૧૩ સીએ અને ૭ ડોકટર છે અને ૧૯ મહિલાઓનો સમાવેશ છે. આમાંની ૧૯ ટકા કંપની મેન્યુફેકચરિંગ સેકટરની અને ૮૧ ટકા સર્વિસ સેકટરની છે. આ કંપનીઓ ૪૪ શહેરમાં સ્થિત છે જેમાં, ૫૭ ટકા હિસ્સો ધરાવતા ત્રણ શહેરમાં બેંગલુરૂની ૯૮, મુંબઇની ૭૩, દિલ્હીની ૫૧ કંપની છે. આ યાદીમાં ઝોમેટોના મૂલ્યાંકનમાં ઉછાળાને પગલે દીપન્દર ગોયલને ભારતના બીજા સૌથી મોટા સ્વ-નિર્મિત ઉદ્યોગસાહસિક તરીકે સ્થાન મળ્યું છે. રાધાકિશન દામાણીએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. એકવીસ વર્ષના ઝેપ્ટોના કૈવલ્ય વોહરા આ યાદીમાં સૌથી યુવા ઉદ્યોગસાહસિક છે.



કોર્પોરેટ હલચલમાં પાવરગ્રીડના બોર્ડે બોન્ડ ઇશ્યૂ મારફત રૂ. ૪૨૫૦ કરોડ એકત્ર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. બીસીએલ ઇન્ડસ્ટ્રીઝ રૂ. ૧૫૦ કરોડના રોકાણ સાથે પશ્ચિમ બંગાળમાં બાયોએનર્જી પ્લાન્ટ સ્થાપી રહી છે. ટીવીએસ હોલ્ડિંગ્સ લિમિટેડે, રેડિઅલ આઇટી પાર્કના ફેઝ ટુ અને ફેઝ થ્રીને રૂ. ૫૭૫ કરોડમાં હસ્તગત કરવાની યોજના જાહેર કરી છે. ઇન્ડોકો રેમેડિઝને યુએસએફડીએ તરફથી ગોવા પ્લાન્ટ માટે વોર્નિંગ લેટર મળ્યો છે. કોરોમન્ડલ ઇન્ટરનેશનલ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ડ્રોન સ્પ્રેઇંગ સર્વિસ પૂરી પાડવા ભાગીદારી કરાર કર્યા છે.

જીઓજીત ફાયનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, ભારતીય બજાર પ્રારંભિક સાન્તાક્લોઝ રેલીમાં ભંગાણ અનુભવી રહ્યું છે, જેની અસર ડોલરની ઝડપી વૃદ્ધિને કારણે વિકસિત બજારોની સરખામણીમાં ભારતમાં વધુ સ્પષ્ટ જોવા મળી રહી છે. એફઓએમસી મીટિંગ અને સંભવિત નીતિ અને ટેરિફ પહેલા બજારનું સેન્ટિમેન્ટ સાવચેતીપૂર્ણ રહ્યું છે. આવનારા યુએસ વહીવટીતંત્ર તરફથી આ સાવચેતી ભારતના પ્રીમિયમ મૂલ્યાંકનથી વધુ પ્રભાવિત છે, જે વર્તમાન કમાણી કરતાં નોંધપાત્ર રીતે ઉપર છે. એ જ સાથે પાછલાં બે ક્વાર્ટરમાં વૃદ્ધિની ગતિ ધીમી પડી છે. એલકેપી સિક્યોરિટીઝના સિનિયર ટેકનિકલ એનાલિસ્ટ રૂપક ડેએ જણાવ્યું હતું કે, દિવસ દરમિયાન વેચવાલીનું દબાણ નિફ્ટીને ૨૪,૨૦૦ની નીચે દોરી ગયું. સેન્ટિમેન્ટ નબળું દેખાય છે અને જો નિફ્ટી ૨૪,૨૦૦ની નીચે ટકી રહે તો તે દશા વધુ ખરાબ થઈ શકે છે. ૨૪,૨૦૦ની નીચેનો નિર્ણાયક ઘટાડો ટૂંકા ગાળામાં બેન્ચમાર્કને કરેકશન સાથે ૨૩,૮૫૦ સુધી નીચે ધકેલી શકે છે. અપસાઇડ જોઇએ તો ૨૪,૦૦૦ પ્રતિકાર તરીકે કામ કરે તેવી શક્યતા છે.

એકસચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૬,૪૦૯.૮૬ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ ઊંચામાં સ્થિર થયા હતા, જ્યારે ટોક્યો નીચા બંધ હતા. મધ્યસત્રના સોદામાં યુરોપિયન બજારો સકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ મંગળવારે નીચા મથાળે બંધ રહ્યું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૮ ટકા વધીને ૭૩.૬૭ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

સતત બીજા દિવસે ઘટીને, બીએસઇ બેન્ચમાર્ક મંગળવારે ૧,૦૬૪.૧૨ પોઈન્ટ અથવા ૧.૩૦ ટકા ઘટીને ૮૦,૬૮૪.૪૫ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૩૩૨.૨૫ પોઈન્ટ અથવા ૧.૩૫ ટકા ઘટીને ૨૪,૩૩૬ પર આવી ગયો હતો.

શેરબજારમાં ભારે અફડાતફડી અને સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી. હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો જ્યારે એનર્જી અને પાવર શેરો સૌથી અધિક ઘટ્યા હતા. સત્રને અંતે માર્કેટ કેપમાં રૂ. ૨.૫૩ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૦,૬૮૪.૪૫ના બંધથી ૫૦૨.૨૫ પોઈન્ટ્સ (૦.૬૨ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૫૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૨.૬૦ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૦,૬૬૬.૨૬ ખૂલીને ઉપરમાં ૮૦,૮૬૮.૦૨ અને નીચામાં ૮૦,૦૫૦.૦૭ સુધી જઈને અંતે ૮૦,૧૮૨.૨૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં રિલાયન્સ ૦.૬૪ ટકા, સન ફાર્મા ૦.૬૩ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૫૫ ટકા, ટેક મહિન્દ્ર ૦.૫૦ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૪૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૩૯ ટકા, આઈટીસી ૦.૧૭ ટકા અને ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે તાતા મોટર્સ ૩.૦૩ ટકા, પાવર ગ્રીડ ૨.૫૬ ટકા, એનટીપીસી ૨.૦૯ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૨.૦૨ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૭૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૩૧ ટકા, લાર્સન ૧.૩૦ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૬ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૯ ટકા અને ઈન્ડસ ઈન્ડ બેન્ક ૦.૯૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈ સેન્સેક્સની આઠ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૨ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૯૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૪૪૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૬૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૪૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૬ ટકા ઘટ્યા હતા.

સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૪ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૪ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ હેલ્થકેર ૦.૫૮ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૨૬ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૧૩ ટકા વધ્યા હતા, જ્યારે યુટિલિટિઝ ૨.૦૬ ટકા, પાવર ૧.૭૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૫૬ ટકા, મેટલ ૧.૪૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૩ ટકા, બેન્કેક્સ ૧.૨૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૧૪ ટકા, સર્વિસીસ ૧ ટકા, કોમોડિટીઝ ૦.૯૪ ટકા, એનર્જી ૦.૮૯ ટકા, ઓટો ૦.૫૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૬ ટકા, રિયલ્ટી ૦.૪૨ ટકા, એફએમસીજી ૦.૦૯ ટકા અને ટેક ૦.૦૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૩ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૬૫ સોદામાં ૧,૫૨૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૨,૯૨,૭૩૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૧૬,૪૭,૫૮૬.૩૧ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા ઘટીને ૮૪.૯૪ની નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલરમાં આયાતકારો અને વિદેશી બૅન્કોની લેવાલી, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્ય પ્રવાહ, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગેકૂચના અહેવાલ ઉપરાંત તાજેતરનાં નિકાસ તથા વેપાર ખાધના ડેટા નબળા આવ્યા હોવાથી આજે ડૉલર સામે રૂપિયો વધુ ત્રણ પૈસાની નરમાઈ સાથે ૮૪.૯૪ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૯૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૯૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૯૫ અને ઉપરમાં ૮૪.૯૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા ઘટીને ૮૪.૯૪ની ઑલ ટાઈમ લૉ સપાટીએ બંધ રહ્યો હતો.

તાજેતરમાં દેશનું અર્થતંત્ર મંદ પડી રહ્યું હોવાના સંકેતો સાથે ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલી નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૪.૭૫થી ૮૫.૨૦ આસપાસની રેન્જમાં જવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા વધીને ૧૦૭ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬૦ ટકા વધીને બેરલદીઠ ૭૩.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૦૨.૨૫ પૉઈન્ટનો અને ૧૩૭.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૪૦૯.૮૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઘટ્યા મથાળેથી સોનામાં ₹ ૨૯૬નો અને ચાંદીમાં ₹ ૫૩૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી નિર્ણાયક બેઠક પૂર્વે લંડન ખાતે સોનામાં રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં ગઈકાલે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો નોંધાયા બાદ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૫થી થી ૨૯૬નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં વધુ ત્રણ પૈસાનો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિક સ્તરે આયાત પડતર વધવાથી પણ ભાવ વધારાને ટેકો મળ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૪૨૫ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૫૩૫ના સુધારા સાથે રૂ. ૮૯,૦૬૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત પ્રવર્તમાન રિટેલ સ્તરની માગ તથા ડૉલર સામે રૂપિયો નબળો પડતાં આયાત પડતરો વધી આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૫ વધીને રૂ. ૭૬,૩૫૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૬ વધીને રૂ. ૭૬,૬૫૮ના મથાળે રહ્યા હતા.



દરમિયાન આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે ફેડના અધ્યક્ષ જૅરોમ પૉવેલ આગામી વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં નાણાનીતિમાં કેવો અભિગમ અપનાવશે તેના સંકેતની અપેક્ષા વચ્ચે રોકાણકારોએ નવી લેવાલીમાં સાવચેતીનો અભિગિમ અપનવાતા હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાના સાધારણ સુધારા સાથે અનુક્રમે ઔંસદીઠ ૨૬૪૮.૯૪ ડૉલર અને ૨૬૬૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ભાવઘટાડો આગળ ધપતા વધુ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા રિટેલ વેચાણના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હતા તેમ જ તાજેતરમાં ફુગાવાના ડેટા પણ અપેક્ષકૃત જ આવતા ફેડરલ રિઝર્વ આગામી જાન્યુઆરી મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. જોકે, આજે સમાપન થતી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ૯૫.૪ ટકા શક્યતા ટ્રેડરો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મુકી રહ્યા છે. તેની સામે જાન્યુઆરીમાં વ્યાજદરમાં કપાતની માત્ર ૧૬ ટકા શક્યતા ટ્રેડરો જોઈ રહ્યા છે.

આજે મોડી સાંજે ફેડરલની બેઠક પશ્ચાત્ સોનાના ભાવમાં મજબૂત વલણ જોવા મળે તેવી શક્યતા સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે અગાઉ બજાર વર્તુળો આગામી વર્ષમાં ઘણાં રેટ કટની આશા રાખી રહ્યા હતા, પરંતુ અમારા મતે આગામી વર્ષે જો બે વખત પણ વ્યાજદરમાં કાપ મૂકવામાં આવશે તો સોનાની તેજીને ટેકો જરૂર મળશે.

આ સપ્તાહના અંતે બૅન્ક ઑફ જાપાન, બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ, રિક્સબૅન્ક અને નોર્જેસ બૅન્ક નીતિવિષયક નિર્ણયની જાહેરાત પર તેમ જ સપ્તાહના અંતે જાહેર થનારા અમેરિકાના જીડીપીના ડેટા પર રોકાણકારોની મીટ મંડાયેલી છે.

જોકે, ચીલીની કેન્દ્રવર્તી બૅન્કે ગઈકાલે વ્યાજદર ૨૫ બેસિસ પૉઈન્ટ ઘટાડીને પાંચ ટકાના સ્તરે રાખ્યાના અહેવાલ હતા. સામાન્યપણે વ્યાજદરમાં ઘટાડાના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે.

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં ગાબડાં

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલનાં ફેબ્રુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૧૮૪ અને ૧૯૫ રિંગિટનો ઘટાડો તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૧૧૦ સેન્ટનો અને ૧૧૨ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ એકમાત્ર સરસવ તેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી આયાતી તેલમાં ગાબડાં પડ્યાં હતા, જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા તેલમાં રૂ. ૩૦નો, સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો અને આરબીડી પામોલિન તથા સિંગતેલના ભાવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, તાજેતરમાં વિશ્વ બજાર પાછળ ભાવ ઘટી રહ્યા હોવાથી વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલ રિસેલ ધોરણે કામકાજો માત્ર ખપપૂરતા રહેતાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ગોકુલના આરબીડી પામોલિનના પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૧૩૭૦, એડબ્લ્યુએલના રિફાઈન્ડ સોયાબીન તેલના રૂ. ૧૨૫૦થી ૧૨૬૦ અને રિફાઈન્ડ સનફ્લાવર તેલના રૂ. ૧૩૫૦ તથા ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫ અને રિફાઈન્ડ સોયાબીન તેલના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર માત્ર છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૨૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૨૫૦થી ૪૩૫૦માં થયા હતા.

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૩૫૦થી ૩૩૪૦માં થયા હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ એકંદર માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૨થી ૩૬૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૬થી ૩૭૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# પાંખાં કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની આર્થિક મંદીની ચિંતા હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વિશ્વ બજારના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે વધુ ભાવઘટાડાના આશાવાદે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ડૉલરમાં મજબૂત વલણ ઉપરાંત કોપર સહિતની ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં આર્થિક મંદીની ભીતિ સપાટી પર હોવાથી આજે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ટનદીઠ ભાવ ૮૯૭૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. દરમિયાન આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૫૫૩ અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૧૨ અને રૂ. ૨૮૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ પાંખી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૮૨, રૂ. ૭૭૦, રૂ. ૭૨૨ અને રૂ. ૫૬૦ તથા કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૭૬, રૂ. ૫૦૮ અને રૂ. ૧૩૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૩, રૂ. ૨૪૬ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# રાજકોટમાં સૌપ્રથમ કેબલ બ્રિજ તૈયાર કરવાના ટેન્ડરો ખૂલ્યાઃ ૧૪૧.૭૩ કરોડની ઓફર મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાલાવડ રોડ પર કટારિયા ચાર રસ્તા પાસે સૌપ્રથમ કેબલ બ્રિજ તૈયાર કરાશે. આ બ્રિજ તૈયાર કરવા માટે અગાઉ ટેન્ડરો જાહેર કરાયા હતાં. આ ટેન્ડરોમાં રૂ. ૧૨૪ કરોડની બેઝ પ્રાઇઝ સામે જુદી-જુદી ૪ કંપનીઓએ રૂ. ૧૪૧.૭૩ કરોડથી લઈને ૧૫૩.૧૯ કરોડ સુધીના ભાવ આપ્યા હતાં. આગામી દિવસોમાં ટેન્ડર ચકાસણી સમિતિમાં મૂકવામાં આવશે. ત્યાર બાદ સ્ટે.કમિટીને દરખાસ્ત મોકલાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલાવડ રોડ પર કટારિયા ચાર રસ્તા પાસે ટ્રાફિકજામની સ્થિતિનો નિકાલ કરવા માટે એક બ્રિજની જરૂરિયાત હોવાનો અભિપ્રાય ગત વર્ષે આવ્યો હતો. બજેટમાં રજૂ કરાયેલી જોગવાઈ પ્રમાણે અહીં સૌપ્રથમ કેબલ બ્રિજ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. હવે તેના ભાવ આવી ગયા હોવાથી તેને ટેન્ડર ચકાસણી સમિતિ સમક્ષ મૂકવામાં આવશે.

આ ભાવ ખુલતા ૧૨૪ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪ ટકા ઓન એટલે કે રૂ. ૧૪૧.૭૩ કરોડના ભાવની એલ-૧ ઓફર આવી હતી. આ ઉપરાંત રિંગરોડની દિશામાં બનનારા અંડરપાસની લંબાઇ ૬૦૦ મીટર અને પહોળાઇ ૧૮ મીટર છે. અંડર બ્રિજ હાલના ઘંટેશ્વર સાઇડના પુલ તરફથી શરૂ થશે અને રંગોલી આવાસના ૧૮ મીટરના ટીપી રોડ તરફ પૂરો થશે. આ ટેન્ડરમાં કુલ ૪ એજન્સી આવી હતી. ■




**રાજકોટમાં રમકડાની પેઢી પર જીએસટીના દરોડાઃ** ગુજરાતમાં સ્ટેટ અને સેન્ટ્રલ જીએસટી દ્વારા સતત દરોડાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે. બિલ્ડર્સ સહિતના ગ્રૂપો પર દરોડા પાડ્યા બાદ હવે રાજકોટમાં રમકડાની પેઢી પર દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. જીએસટી વિભાગને રમકડાના વેપારીઓ દ્વારા મોટી કરચોરી કરાતી હોવાની બાતમી મળતા રાજકોટમાં છ સ્થળો પર તપાસ હાથ ધરાઈ હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કચ્છ યુનિવર્સિટીમાં યોજાયો ૧૪મો પદવીદાન સમારોહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ શહેરના મુંદરા રોડ પર આવેલી ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૪મો પદવીદાન સમારોહ બુધવારે સંપન્ન થયો હતો. આ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલની ઉપસ્થિતિમાં ૫૫૩૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી. આ ઉપરાંત વિશેષ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનારા ૩૭ જેટલા છાત્રોને ગોલ્ડ મેડલ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

આ દિક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શ્રેષ્ઠ કર્મને જીવનની પુંજી ગણાવીને ઊભરતા ભારતના વિકાસમાં સહયોગ આપવા યુવાઓને રાષ્ટ્રધર્મ, સમાજધર્મ અને પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલે ઉપસ્થિત છાત્રોને કહ્યું હતું કે, ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યસ્થા ટૂંકા સમયમાં બન્યું છે અને હવે ત્રીજી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. દરેક ક્ષેત્રે વિકાસમાં અગ્રેસર ભારત આત્મનિર્ભર બની રહ્યું છે, આજે દેશની સીમાઓ વધુ સુરક્ષિત બની છે.

તેમણે વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવવા સાથે પર્યાવરણ રક્ષણ, જળ વ્યવસ્થાપન, ભારતીય સંસ્કૃતિને અપનાવી વિશ્વમાં તેનો સંદેશ પાઠવવા, નશામુક્ત જીવન અપનાવવા તથા લોકોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા સંકલ્પબદ્ધ થવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં ૩૭ ગોલ્ડ મેડાલીસ્ટોને રાજ્યપાલના હસ્તે ડિગ્રી સાથે મેડલ એનાયત કરાયા હતા. તેમજ પી.એચ.ડી કરેલા છાત્રોને પ્રોત્સાહિત કરાયા હતા. ■

# રેન્જ આઈજીને રજૂઆતના ગણતરીના કલાકોમાં ભુજના ભાજપના નગરસેવક ધર્મેશ ગોરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચાની હોટલ પાસે ઊભેલી કારને હટાવવા જેવા નજીવા મુદ્દે આધેડ પર પાઈપ વડે જીવલેણ હુમલો કરી, જાતિવાચક અપમાનિત કરીને જાનથી મારી નાખવાની ધમકી આપવાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં સાડા ત્રણ મહિના બાદ એસસી/એસટી સેલને ભુજના ભાજપના વિવાદાસ્પદ નગરસેવકની ધરપકડ કરવાની ફરજ પડી છે.

આ ગુનો નોંધાયા બાદ આરોપી ધર્મેશ ગોર ખુલ્લેઆમ ફરતો હોવાની અને ફરિયાદ પરત ખેંચાવવા માટે એડીચોટીનું જોર લગાવતો હોવાની વારંવાર રજૂઆતો છતાં છેલ્લાં સાડા ત્રણ માસથી સેલ તેને પકડતો નહોતો. આખરે ફરિયાદીએ રેન્જ આઈજી કચેરીમાં આ મામલે રજૂઆત કર્યાના ગણતરીના કલાકો બાદ આરોપીની ધરપકડ કરી હતી. ભુજના નગરસેવક ધર્મેશ રાજગોરે ગત ૩૦-૦૮-૨૦૨૪ની સાંજે ભુજના લાયન્સ નગરમાં રહેતા ૪૭ વર્ષિય રમેશભાઈ વણકર પર મુંદરા રોડ પર ચાની હોટેલ પર હુમલો કર્યો હતો.

ફરિયાદી તેમની ઈકો કારને હોટેલ બહાર પાર્ક કરીને મિત્ર જોડે કારમાં બેઠાં બેઠાં ચા પીતાં હતા. તે સમયે બ્લેક સ્કોર્પિયો લઈને આવેલા ધર્મેશ ગોરે આગળ પડેલી ઈકો કારને સાઈડમાં હટાવવા માટે એકધારા હોર્ન મારેલાં. બાદમાં કારમાંથી પાઈપ લઈને બહાર નીકળીને ફરિયાદી પર હુમલો કરી જાતિવાચક અપશબ્દો બોલી અપમાનિત કર્યો હતો.

આ સમયે બોલેરો લઈને આવેલા ધર્મેશના મોટા ભાઈ કપિલ ગોરે પણ ફરિયાદી પર પાવડાના હાથા વડે હુમલો કરવા નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અગાઉ સેશન્સ કોર્ટે સહઆરોપી કપિલને આગોતરા જામીન પર મુક્ત કરી દીધો હતો પરંતુ ધર્મેશની ગુનામાં પ્રથમદર્શનીય સંડોવણીને જોતાં ઓક્ટોબર માસમાં આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

અદાલત સમક્ષ રજૂઆત કરાયેલી કે, ધર્મેશ પર અગાઉ અન્ય ૬ ફોજદારી ગુના દાખલ થયેલાં છે, તે વગદાર માણસ હોઈ જામીન પર છૂટે તો સાક્ષીઓને ધમકાવીને કેસ પ્રભાવિત કરી શકે તેમ છે.

પોલીસ જાણે આ માથાભારે શખ્સને છાવરતી હોય તેમ ધર્મેશ પર ગુનો નોંધાયાના સાડા ત્રણ મહિના વીતી ગયા, સેશન્સે આગોતરા નકાર્યા બાદ આરોપીએ હાઈકોર્ટમાં આગોતરા માટે દાખલ કરેલી અરજીને વડી અદાલતે રિજેક્ટ કરી હતી, પરંતુ ગુનાની તપાસ કરી રહેલા પશ્ચિમ કચ્છ એસસી/એસટી સેલ અગમ્ય કારણોસર તેની ધરપકડ કરતો નહોતો.

ગત પાંચમી સપ્ટેમ્બરે ફરિયાદીએ પોલીસ વડાને લેખીત રજૂઆત કરી હતી કે, આરોપી ભાજપનો માથાભારે અને વગદાર નગરસેવક છે, ખૂલ્લેઆમ ફરી રહ્યો છે અને પોતાના પર હુમલો કરવા માણસો મોકલી રહ્યો છે. જેથી તેની તત્કાળ ધરપકડ કરાય અને ફરિયાદીને પોલીસ રક્ષણ પૂરું પડાય.

ફરિયાદી રમેશ વણકરે રેન્જ આઈજી કચેરીમાં આ મુદ્દે રજૂઆત કર્યા બાદ ઉપરથી પૂછાણું લેવાતાં થોડાંક કલાકોમાં જ સેલે તેની ધરપકડ કરી ખુલ્લેઆમ દાદાગીરી કરનારા આ ભાજપી નગરસેવકને કારાગૃહના સળિયા ગણતો કરી દીધો હતો. ■

# કચ્છમાં ઠારનું સામ્રાજ્ય બરકરારઃ નલિયા ૭.૫ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજયનું સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલા ચિલ્લાઈ કાલારીના ભીષણ ઠંડીના સમયગાળાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતની સાથે રણપ્રદેશ કચ્છમાં હાલ પડી રહેલી કાતિલ ઠંડીએ હજુ મચક આપી નથી અને આજે પણ મોસમ વિભાગે જાહેર કરેલી યલો એલર્ટ વચ્ચે કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું રહેવા પામતાં ઠંડીથી લોકો ઠૂંઠવાઈ ગયા હતાં. સતત પડી રહેલી હાડ થીજાવતી ઠંડીએ પૂર્વ કચ્છના રાપર તાલુકાને પણ ઝપેટમાં લઇ લીધો છે.

ભુજમાં પણ બુધવારે ઠંડીનું જોર બરકરાર રહેવા પામ્યું હતું અને લઘુતમ તાપમાનનો આંક ૧૦ ડિગ્રી પર સ્થિર રહેવા પામ્યો હતો જેની અસર જનજીવન પર જોવા મળી રહી છે. ઉત્તર ભારત, જમ્મુ-કાશ્મીર અને કચ્છ સહીત પશ્ચિમ ભારતના મેદાની ભાગોમાં ઠંડી હજુ કાતિલ બનશે. જમ્મુ-કાશ્મીરમાં ૪૦ દિવસ લાંબા 'ચિલ્લાઈ કાલારી' નો સમય ચાલી રહ્યો છે. આ સમયગાળા દરમ્યાન સૌથી વધુ બરફવર્ષા નોંધાય છે અને કાતિલ ઠંડી પડે છે.

આ ચિલ્લાઈ કારાલીનો સમયગાળો આગામી ૩૦મી જાન્યુઆરી સુધીનો રહેશે. ત્યારબાદ ૨૦ દિવસ લાંબો ચિલ્લાઈ ખુર્દ નામનો સમયગાળો આવશે તેમાં પણ નોંધપાત્ર ઠંડી પડશે, જયારે દસ દિવસ લાંબો ચિલ્લાઈ બચ્ચાનો સમયગાળો શરૂ થાશે ત્યારે ઠંડીમાં નોંધપાત્ર રાહત જણાશે. આવી પરિસ્થિતિમાં લઘુતમ તાપમાન હજુ નીચે જવાની શક્યતા છે. આ શિયાળાનો આગામી જાન્યુઆરીનો મહિનો ૨૧મી સદીનો સૌથી ઠંડો મહિનો બનવાની શક્યતા હવામાન નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. ■

# ગાંધીધામમાં માસૂમ બાળકી સાથે અડપલાં કરનારા શખ્સને પાંચ વર્ષની સખત કેદ અને ૧૬ હજાર દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના ભારત નગર વિસ્તારમાં એક પાંચ વરસની માસૂમ બાળકી સાથે અડપલાં કરનારા વિકૃત માનસિકતા ધરાવતા આરોપીને તક્સીરવાર ઠેરવી પાંચ વર્ષની સખત કેદ તથા રૂ. ૧૬,૦૦૦ના દંડનો તેમજ ૫૦,૦૦૦ રૂપિયા વળતર પેટે ચૂકવવા કોર્ટે આદેશ આપ્યો હતો.

ભારતનગર વિસ્તારમાં ગત વર્ષે આ જઘન્ય બનાવ બન્યો હતો. હિતેશ ચંદુલાલ ઠક્કર નામનો શખ્સ ભોગ બનનાર પાંચ વરસની બાળકીને રિક્ષામાં બેસાડી અડપલાં કર્યાં હતાં. આવા હીન કૃત્ય અંગે બાળકીએ ઘરે વાત કરતાં ગત ૨૯મી સપ્ટેમ્બર,૨૦૨૩ના રોજ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકે પરિવારજનો દ્વારા ફરિયાદ નોંધાઇ હતી. આ શખ્સ વિરુદ્ધ પૂરતા પુરાવા હોવાથી પોલીસે હિતેશ ઠક્કરની ધરપકડ કરી હતી અને કોર્ટમાં તેના વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ અહીંની અધિક સેશન્સ જજ બી.જી. ગોલાણીની કોર્ટમાં ચાલી ગયો હતો. કેસમાં સરકાર તરફે સાહેદો તથા દસ્તાવેજી આધાર, પુરાવાઓને ગ્રાહ્ય રાખી આ આરોપીને ન્યાયાધીશે તક્સીરવાર ઠેરવ્યો હતો અને જુદી જુદી ત્રણ કલમો હેઠળ કુલ પાંચ વર્ષની સખત કેદની સજા તથા કુલ રૂ. ૧૬૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

દંડની રકમમાંથી રૂ. ૧૫૦૦૦ તથા વિક્ટીમ કમ્પન્શેશન સ્કીમ હેઠળ રૂ. ૫૦,૦૦૦ ભોગ બનનારને વળતર ચૂકવવાનો આદેશ કરાયો હોવાનું આ તહોમત પૂરવાર કરનારા વકીલ મહેન્દ્રસિંહ આર. જાડેજાએ જણાવ્યું હતું. ■

# ભચાઉના ચોપડવા પાસે ટ્રેઈલર પેરાફીન ભરેલા ટેન્કર સાથે ટકરાયુંઃ રોડ પર ઢોળાયેલા રસાયણમાં આગ ફાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના ચોપડવા ગામ પાસેના બ્રિજ પર બેકાબૂ બની ગયેલું ટ્રેઈલર આગળ જઈ રહેલા જ્વલનશીલ પદાર્થ ભરેલા ટેન્કર સાથે અથડાઈ ગયા બાદ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રસ્તા ઉપર ઢોળાયેલા પેરાફીન નામના જ્વલનશીલ રસાયણમાં અંદાજે અડધા કિલોમીટરના વિસ્તારમાં ભયાનક આગ ફાટી નીકળતાં રાહદારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ આગની જ્વાળામાં રસ્તા પરથી પસાર થઇ રહેલી કિયા કાર પણ આગની ઝપટમાં આવી ગઈ હતી, જો કે સદનસીબે અંદર રહેલા મુસાફરો બહાર નીકળી જતાં જાનહાની ટળી હતી.

જાણવા મળેલી વિગતો મુજબ, ભચાઉ-ગાંધીધામ વચ્ચેના ટ્રાફિકની અવરજવરથી સતત ધમધમતા રહેતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ગત મંગળવારે બપોરે આ બનાવ બન્યો હતો જેમાં ગાંધીધામ તરફથી ભચાઉ બાજુ આગળ વધતું કન્ટેનર ટ્રેઈલર અચાનક બેકાબૂ બની પલટી ગયું હતું. ટ્રેઈલર ચાલકે ઓવરટેક કરતા ટેન્કરની પાછળ ધડાકાભેર ટકરાયું હતું. ટક્કરના કારણે ટેન્કરમાં રહેલું જ્વલનશીલ રસાયણ પેરાપિન ધોરિયારૂપે માર્ગ ઉપર વહી નીકળતાં અન્ય વાહનોને પસાર થવામાં અસર પહોંચી હતી.

ઘટનાની જાણ થયે દોડી ગયેલી હાઇવે પેટ્રાલિંગની ટુકડીએ ટ્રાફિક નિયંત્રણની કામગીરી પાર પાડી હતી જયારે ભચાઉ ફાયર બ્રિગેડે સ્થળ પર ધસી જઈને ૬૦ લીટર કેમિકલ ફોમ સાથે ૯ હજાર લીટર પાણીનો મારો ચલાવીને સર્વિસ રોડ પર રહેલી કાર અને ઓવરબ્રિજના રોડ પર લાગેલી આગને બે કલાકે કાબૂમાં લીધી હતી. એલ.એન્ડટી.ના શૈલેષ રામીના જણાવ્યા પ્રમાણે ટેન્કરમાંથી ઢોળાયેલું પેરાપિન કેમિકલ સર્વિસ રોડ પર રેલાયું હતું. જેથી સર્વિસ રોડ ઉપર વાહનોને દસેક કલાક સુધી ન ચલાવવા અનુરોધ કરાયો હતો. ■

(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)



# ગાંધીધામની જવેલર્સ પેઢી પર રેઇડ કરનારી નકલી ઈડી ગેંગ જેલ હવાલેઃ ફંડીંગ અંગે કોર્ટમાં પોલીસનું મૌન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાજેતરમાં ગાંધીધામ સ્થિત એક ઝવેરીની પેઢી પર નકલી ઇડીના સ્વાંગમાં કહેવાતો દરોડો પાડવાની ચોંકાવનારી ઘટનામાં સામેલ તમામ આરોપીઓને અદાલતે જેલ હવાલે કરી દીધા હતા.


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

ગત બીજી ડિસેમ્બરના રોજ બનેલા રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા આ બનાવ સંદર્ભે પૂર્વ કચ્છ પોલીસે બે જ દિવસમાં ગુનામાં સામેલ ૧૩ પૈકી ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી. ઝડપાયેલાં તમામ આરોપીના ૧૧ દિવસના રીમાન્ડ પૂરાં થતાં તેમને ગાંધીધામ કોર્ટમાં રજૂ કરાયાં હતાં. પોલીસે પૂછપરછ અને તપાસ પૂરી થઈ ગઈ હોવાનું જણાવી વધુ રીમાન્ડની માંગણી કરી નહોતી. બીજી તરફ, આરોપીઓએ જામીન અરજી દાખલ કરી હતી. જો કે, કોર્ટે તેમની અરજી ફગાવીને જેલ હવાલે કર્યાં હતાં. આરોપીઓ સામે ઈડીનું નકલી ઓળખપત્ર બનાવવા સંદર્ભે પોલીસે ગુનામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૭, ૩૩૮, ૩૩૯નો ઉમેરો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. દરમ્યાન, આ ગુનામાં પોલીસે જેને સૂત્રધાર ગણાવ્યો છે તે ભુજના અબ્દુલ સત્તાર માંજોઠીના આમ આદમી પાર્ટી સાથે કનેક્શન અને તોડના રૂપિયા તે પાર્ટીના કાર્યક્રમોમાં વાપરતો હોવાના ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કરેલા ટ્વિટ અને પોલીસ વડા સાગર બાગમારે આરોપીને મળેલાં ફંડની મની ટ્રેઈલ તપાસવામાં આવી રહી હોવા અંગે આપેલા નિવેદનના પગલે મચેલા હોબાળા વચ્ચે પોલીસે આ મામલે નામદાર અદાલત સમક્ષ કોઈ જ રજૂઆત કરી નહોતી તેમ સરકારી વકીલ ભગવાન પટેલે જણાવ્યું હતું. આ મામલે જવાબદારોએ મૌન ધારણ કરી લેતાં એસપીના નિવેદન અંગે શું નવાજુની છે તે મુદ્દો અત્યારે રહસ્યમયી બની રહ્યો છે. ■

# કચ્છના અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપરમાં પીજીવીસીએલના દરોડાઃ ૨.૭૦ કરોડની વીજ ચોરી ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજ, અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર તાલુકામાં બેફામ બનેલા વીજ તસ્કરો પર પીજીવીસીએલ દ્વારા કરાયેલી કાર્યવાહી દરમિયાન વીતેલા માત્ર પાંચ દિવસમાં ૨.૭૦ કરોડની વીજ ચોરી પકડી પાડવામાં આવતાં વીજચોરોમાં ફફડાટ ફેલાયો હતો.

ગત સપ્તાહમાં ઇન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને પૂર્વ કચ્છ જિલ્લાની અંજાર, ગાંધીધામ અને ભચાઉ વિભાગીય કચેરી હેઠળની પેટા વિભાગીય કચેરીઓ તળે આવતા વિવિધ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ, જીયુવીએનએલ પોલીસ અને એસ.આર.પી.સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઈજનેરોની કુલ ૫૬ જેટલી ટુકડીઓ દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી જેમાં રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક વગેરે મળીને કુલ ૨૧૪૦ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૨૪૬ જોડાણોમાં ગેરરીતિ માલૂમ પડતાં અંદાજીત કુલ રૂ. ૨.૭૦ કરોડની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યા હતા.

જેમાં અંજાર, ગાંધીધામ, રાપર અને ભચાઉ શહેરના વિવિધ વિસ્તારો તેમજ કોટડા, લાખાપર, પશુડા, વરસામેડી, ભુવડ, વીડી, ગળપાદર, ખારીરોહર, વંડી, તુણા, કડોલ, સામખીયાળી, સણવા, મોડા, આડેસર ગામોમાં સૌથી વધુ વીજચોરી પકડવામાં આવી હતી. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભાવનગર એસપીએ ટ્રાફિક સમસ્યા મુદ્દે તળાજાના પીઆઈને રોજ ફૂટ પેટ્રોલિંગ કરવા સૂચના આપી


(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરના ત્રાપજ નજીક ગમખ્વાર અકસ્માત મુદ્દે પોલીસ અને રેવન્યુ તંત્ર એલર્ટ જોવા મળ્યું હતું. તળાજા દોડી આવેલા જિલ્લા પોલીસ વડાએ તળાજા પીઆઈને સૂચના આપી હતી કે, ટ્રાફિક સહિતના પ્રશ્ને લોકોની સુખાકારીમાં ધ્યાન આપો.

તળાજામા આડેધડ થતા વાહન પાર્કિંગ, શાક માર્કેટમાં કુત્રિમ રીતે ઊભી કરવામા આવતી ગીચતાનો પ્રત્યક્ષ અનુભવ ખુદ એસ.પી. ડૉ. હર્ષદ પટેલને થયો હતો. તેઓ બુધવારે અકસ્માત મુદ્દે પગલે તળાજા હૉસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

આ સમયે પીઆઈ ધામાને સૂચના આપી હતી કે, રસ્તા તથા બજાર, શાક માર્કેટ સહિતના વિસ્તારોમાં જોવા મળતી ટ્રાફિક સમસ્યાને દૂર કરો. વાહન લઈને જવા કરતા નિયમિત ફૂટ પેટ્રોલીંગ કરો જેથી લોકોમા તેની અસર પડે.

કાળા કાચ વાળી ગાડીઓ સામે દંડનીય કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. પોલીસ દ્વારા કોઈ ચોક્કસ સમય નહિ અચાનક જ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવે તોજ આડેધડ થતા પાર્કિંગને લઈ પોલીસ કાર્યવાહીને લઈ સજાગતા આવશે. ■